અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૩ | અંક : ૭૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ૧૯ના મોત બાદ Gen-Zના વિરોધ સામે ઝૂકી નેપાળ સરકાર

## નેપાળના સંચાર, સૂચના અને પ્રસારણ પ્રધાન પૃથ્વી સુબ્બા ગુરુંગે જાહેરાત કરી હતી કે સરકારની કેબિનેટ બેઠક બાદ સોશિયલ મીડિયા પર પ્રતિબંધનો નિર્ણય પાછો ખેંચ્યો છે

। (એજન્સી) કાઠમંડ, તા.૯ ।

ભારતના પાડોશી દેશ નેપાળમાં સોશિયલ મીડિયા પર સરકારે લગાવેલા પ્રતિબંધના વિરોધમાં હિંસક પ્રદર્શનોને કારણે ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. હજારોની સંખ્યામાં Gen-Z યુવાનો રાજધાની કાઠમંડુના માર્ગો પર ઉતરી આવ્યા હતા અને પ્રદર્શનકારીઓ છેક નેપાળના સંસદ ભવનના પરિસરમાં પહોંચી ગયા હતા અને ભીડને નિયંત્રણમાં લેવા માટે પોલીસે આંસુ ગેસના ગોળા ફેંક્યા હતા.વિરોધ પ્રદર્શનમાં લગભગ ૧૯ યુવાનોના મોત બાદ હવે સરકાર ઝૂકી છે અને સોશિયલ મીડિયા પરના પ્રતિબંધો હટાવવાનો નિર્ણય પાછો લીધો છે.નેપાળ સરકાર દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લગાવવામાં આવેલા પ્રતિબંધના વિરોધમાં થયેલા આક્રમક વિરોધ પ્રદર્શનમાં લગભગ ૧૯ યુવાનોના મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે ઘાયલની સંખ્યા ૩૦૦ પાર હોવાનો દાવો મીડિયા અહેવાલોમાં કરવામાં આવી રહ્યો છે.આક્રમક વિરોધ બાદ સરકાર દેશના યુવાનો સામે ઝૂકી છે અને સોશિયલ મીડિયા પરના પ્રતિબંધો પરત લેવાની જાહેરાત કરી હતી. નેપાળના સંચાર, સૂચના અને પ્રસારણ પ્રધાન પૃથ્વી સુબ્બા ગુરુંગે જાહેરાત કરી હતી કે સરકારની કેબિનેટ બેઠક બાદ સોશિયલ મીડિયા પર પ્રતિબંધનો નિર્ણય પાછો ખેંચ્યો છે.તેમણે આગળ જણાવ્યું હતું કે સૂચના મંત્રાલય સબંધિત એજન્સીને રાજધાની કાઠમંડુમાં સંસદની સામે મોટાપાયે વિરોધ પ્રદર્શન કરનારા Gen-z યુવાનોની માંગ અનુસાર સોશિયલ મીડિયા સાઈટોને પુનઃ શરૂ કરવાની પ્રક્રિયા શરૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે. ત્રણ દિવસ પહેલા નેપાળ સરકારે ફેસબૂક, એક્સ, વ્હોટ્સએપ સહિત ૨૬ સોશિયલ મીડિયા સાઈટો પર પ્રતિબંધ લગાવવાનો આદેશ આપ્યો હતો.સોશિયલ મીડિયા પરના પ્રતિબંધ હટાવવાના આદેશ બાદ પ્રધાને વિરોધ પ્રદર્શન સમાપ્ત કરવાની પણ અપીલ કરી હતી. સોમવારે રાતથી જ ફેસબૂક, વ્હોટ્સએપ સહિતની એપ શરૂ થઈ ગઈ હતી.સોમવારે હજારોની સંખ્યામાં ૧૮-૨૮ યુવાનો રાજધાની કાઠમંડુના માર્ગો પર ઉતરી આવ્યા હતા અને પ્રદર્શનકારીઓ છેક નેપાળના સંસદ ભવનના પરિસરમાં પહોંચી ગયા હતા. આ ભીડને નિયંત્રણમાં લેવા માટે પોલીસે આંસુ ગેસના ગોળા ફેંક્યા હતા. હિંસક તોફાનોને અંકુશમાં લેવા માટે પ્રશાસને વધુ આક્રમક પગલાં ભર્યા હતા, જ્યારે આર્મીને પણ તહેનાત કરવામાં આવી હતી. સમાચાર સંસ્થાના અહેવાલ અનુસાર, પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે થયેલા સંઘર્ષમાં ૧૯ લોકોના મૃત્યુ થયા છે જ્યારે ઘાયલની સંખ્યા ૩૦૦થી વધુ છે. નેપાળમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત-નેપાળ સરહદ પર સુરક્ષા વધારવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.સૂત્રોના જણાવ્યા અનુસાર, સશસ્ત્ર સીમા દળએ ભારત-નેપાળ સરહદ પર દેખરેખ વધારી દીધી હતી.





## નેપાળના પૂર્વ વડાપ્રધાન ઝાલનાથના ઘરમાં તોડફોડ બાદ આગચંપી, પત્ની જીવતા ભૂંજાતા મોત



નેપાળમાં ચાલી રહેલી હિંસક ઘટનાઓ વચ્ચે દેશનું રાજકીય ચિત્ર ઝડપથી બદલાઈ રહ્યું છે. નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમને સેનાના હેલિકોપ્ટરમાં સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવ્યા છે. નેપાળની સ્થિતિ ખૂબ જ વણસી ગઈ છે. પ્રદર્શનકારીઓએ નેપાળની ફેડરલ સંસદને આગ ચાંપી દીધી છે. એટલું જ નહીં પ્રદર્શનકારીઓએ કે.પી. શર્મા ઓલીના નિવાસસ્થાને, રાષ્ટ્રપતિ ભવન, નેપાળી કોંગ્રેસ પાર્ટીના કાર્યાલયમાં પણ આગ ચાંપી દીધી છે.એવામાં હાલ નેપાળથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. નેપાળના પૂર્વ વડાપ્રધાનના પત્નીનું નિધન થયું છે. સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર, પ્રદર્શનકારીઓએ પૂર્વ વડાપ્રધાન ઝાલાનાથ ખનાલના ઘરને આગ ચાંપી દીધી હતી. આ દરમિયાન તેમના પત્ની રાજ્યલક્ષ્મી ચિત્રકાર ઘરમાં હતા. તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. જેથી તેઓને તાત્કાલિક કીર્તિપુર બર્ન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું સારવાર દરમિયાન નિધન થયું છે.

## સિયાચેનમાં હિમસ્ખલન, સેનાના ત્રણ જવાનો શહીદ, રાહત કાર્ય શરૂ



। (એજન્સી) સિયાચેન તા.૯ ।

દુનિયાના સૌથી ઊંચા યુદ્ધક્ષેત્ર ગણાતા સિયાચેન ગ્લેશિયરમાં હિમસ્ખલન થતાં ભારતીય સેનાના ત્રણ જવાન શહીદ થયા છે. -૬૦ ડિગ્રી તાપમાન, ભારે પવન અને બર્ફીલા તોફાનો વચ્ચે ફરજ બજાવતા સૈનિકો માટે આ વિસ્તાર જીવલેણ સાબિત થઈ રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર સિયાચેનમાં સેનાની એક પોસ્ટ હિમસ્ખલનની ઝપેટમાં આવી ગઈ, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ સેનાની બચાવ ટીમોએ રાહત કાર્ય શરૂ કરી દીધું છે. લેહ અને ઉધમપુરથી વધારાની મદદ પણ મગાવવામાં આવી છે. મહત્વનું છે કે સિયાચેનમાં શિયાળા દરમિયાન હિમસ્ખલન સામાન્ય છે. કારાકોરમ પર્વતમાળામાં ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલા સિયાચેન ગ્લેશિયરમાં હિમસ્ખલનની ઘટના મચમચાવી દે તેવી છે.

### નિરમંડ વિકાસ ખંડની ઘાટૂ પંચાયતમાં ભારે ભૂસ્ખલન થયું

## કુલ્લૂમાં ફરી ભૂસ્ખલન, એક જ પરિવારના ૫ વ્યક્તિઓના મોત

**આ દુર્ઘટનામાં શિવરામ અને તેમના ભાઈ ધર્મદાસ તથા ધર્મદાસની પત્ની કલાદેવી ત્રણેય ઘાયલ થયા છે**

। (એજન્સી) હિમાચલ પ્રદેશ, તા.૯ ।



હિમાચલ પ્રદેશમાં હવામાન ખુલ્યા બાદ પણ વાદળ ફાટવાની અને ભૂસ્ખલન થવાની ઘટનાઓ હજુ પણ બની રહી છે. ગઈ રાત્રે નિરમંડ ઉપમંડળના શર્માની ગામમાં થયેલા ભારે ભૂસ્ખલનને કારણે તબાહી મચાવી દીધી. અહીં, એક ઘરમાં સૂતા પરિવાર પર ભૂસ્ખલન થવાથી તેઓ કાટમાળ નીચે દટાઈ ગયા. એક જ પરિવારના પાંચ સભ્યોના મોત થયા. આ ઘટનામાં પરિવારના અન્ય ત્રણ સભ્યો ઘાયલ થયા હતા, જેમને નિર્મંદમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ રામપુરની ખાનેરી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે કુલ્લુ જિલ્લાના નિરમંડ વિકાસ ખંડની ઘાટૂ પંચાયતમાં ભારે ભૂસ્ખલન થયું છે. ભૂસ્ખલનના કારણે શર્માણી ગામમાં આવેલ એક ઘર જમીનદોઝ થઈ ગયું. આ દુર્ઘટનામાં એક જ પરિવારના ૮ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

## PM મોદીએ હિમાચલ પ્રદેશના પૂરગ્રસ્ત વિસ્તારનો હવાઈ સરવે કર્યો

### વડાપ્રધાન મોદીએ મૃતકોના પરિવારજનોને રૂ. ૨-૨ લાખની સહાય અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવાની જાહેરાત કરી છે

। (એજન્સી) શિમલા, તા.૯ ।

હિમાચલ પ્રદેશમાં આભ ફાટતાં સર્જાયેલી કુદરતી આફતનો હવાઈ સરવે કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર પ્રભાવિત ક્ષેત્રો માટે રૂ. ૧૫૦૦ કરોડની નાણાકીય સહાય જાહેરાત કરી છે. વડાપ્રધાન મોદીએ મૃતકોના પરિવારજનોને રૂ. ૨-૨ લાખની સહાય અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવાની જાહેરાત કરી છે.

વડાપ્રધાન મોદીએ પૂર પ્રભાવિત વિસ્તારોમાં પીડિત પરિવારજનો સાથે મુલાકાત કરી સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ તેમને સંભવિત તમામ મદદ કરવાનું આશ્વાસન આપ્યું હતું. વડાપ્રધાને એનડીઆરએફ, એસડીઆરએફ અને આપત્તિ નિવારણ સ્વયંસેવકોની પણ મુલાકાત કરી તેમની રાહત-બચાવ કામગીરીને બિરદાવી હતી. ગગ્ગલ એરપોર્ટ પર પીએમએ મંડીના સરાજની ૧૧ માસની નીતિકાના પરિવાર સાથે મુલાકાત કરી હતી. નીતિકાના બા, માતા અને પિતા પૂરમાં તણાઈ ગયા હતા.

વડાપ્રધાન મોદીએ પોતાના એકાઉન્ટ પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે, હિમાચલ પ્રદેશમાં ભારે પૂર અને ભૂસ્ખલનના કારણે અમુક લોકો સાથે વાતચીત કરવામાં આવી છે. તેમની પીડા, અને નુકસાન મનને હચમચાવી નાખે તેવી છે. ખરાબ હવામાનના સંકટનો સામનો કરી રહેલા દરેક વ્યક્તિ સુધી રાહત અને સહાયતા પહોંચાડવા માટે અમે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ.

પીએમ મોદીએ કાંગડાના પૂર પ્રભાવિત વિસ્તારોમાં હવાઈ મુલાકાત લીધી હતી. બાદમાં તેઓ કાંગડાના ગગ્ગલ એરપોર્ટ પર પહોંચ્યા હતા. જ્યાં મુખ્યમંત્રી સુખવિન્દરસિંહ સુખુ, રાજ્યપાલ શિવપ્રતાપ શુક્લ, અને વિપક્ષ નેતા જયરામ ઠાકુર સહિત અન્ય નેતાઓ સાથે મુલાકાત કરી હતી.

હિમાચલ પ્રદેશ આપત્તિ નિવારણ તરફથી ૯ સપ્ટેમ્બર સુધીનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. ૨૦ જૂનથી ચોમાસુ શરૂ થયુ હતું. રાજ્યમાં ભારે વરસાદ અને ભૂસ્ખ્લનના કારણે ૩૬૬ લોકોના મોત નીપજ્યા હતા. ૪૧ લોકો ગુમ થયા અને ૪૨૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આફતના કારણે ૬૩૦૧ મકાન ધરાશાયી થયા હતા.

## હાઈકોર્ટોમાં પડતર અરજીઓની સુપ્રીમમાં સુનાવણી થશે

। નવી દિલ્હી, તા.૯ ।

ઓનલાઈન ગેમિંગ કાયદો, ૨૦૨૫ના પ્રચાર અને નિયંત્રણની બંધારણીય યોગ્યતાને પડકારતી હાઈકોર્ટ સમક્ષ પડતર વિવિધ અરજીઓ ઉપર હવે સુપ્રીમ કોર્ટ સુનાવણી કરશે. સોમવારે સુપ્રીમ કોર્ટે તમામ પડતર અરજીઓ પોતાને ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. કેન્દ્ર સરકારે વિવિધ દાવાઓને ટાળવાના હેતુથી દિલ્હી, કર્ણાટક અને મધ્ય પ્રદેશ હાઈકોર્ટ સમક્ષ પડતર અરજીઓની સુપ્રીમમાં સુનાવણી હાથ ધરવા અંગે અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ જે બી પારડિવાલા અને જસ્ટિસ કે વી વિશ્વનાથનની ખંડપિઠે ટ્રાન્સફરને મંજૂરી આપી હતી.

## બળાત્કાર કેસમાં મહિલાને કરોડોનું વળતર ચૂકવવાનો આદેશ

। (એજન્સી) ન્યુયોર્ક, તા.૯ ।

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સતત વિવાદોમાં રહે છે, યુએસમાં તેમની સામે કેટલાક ક્રિમીનલ કેસ પણ ચાલી રહ્યા છે. સોમવારે ન્યૂયોર્ક સ્થિત સેકંડ યુએસ સર્કિટ કોર્ટ ઓફ અપીલ્સે રાષ્ટ્રપતિ ટ્રમ્પને મોટો ઝટકો આપ્યો હતો.પત્રકાર અને લેખક ઈ. જીન કેરોલને ૮૩.૩ મિલિયન ડોલર ચુકવવાના કોર્ટના અગાઉના આદેશને ટ્રમ્પે સર્કિટ કોર્ટ ઓફ અપીલ્સમાં પડકાર્યો હતો, પરંતુ કોર્ટે ટ્રમ્પની અરજી ફગાવી દીધી હતી.ઈ. જીન કેરોલ હાલ ૮૧ વર્ષના છે, તેઓ ફેશન અને બ્યુટી મેગેઝિન ઈજ્ઞ્ગ્નીમાં કોલમ લખતા હતાં છે. તેમણે ટ્રમ્પ પર ગંભીર આરોપો લગાવ્યા હતાં. આરોપ મુજબ ટ્રમ્પે ૧૯૯૦ના દાયકામાં ન્યૂયોર્કના એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના ડ્રેસિંગ રૂમમાં તેમના પર બળાત્કાર ગુજાર્યો હતો.ટ્રમ્પે આ આરોપોને નકારી કાઢ્યા હતા અને વળતો આરોપ લગાવ્યો હતો કે પોતાનું પુસ્તક વેચવા માટે કેરોલે આ વાર્તા ઉપજાવી કાઢી છે.અગાઉ કોર્ટે કેરોલને ૮૩.૩ મિલિયન ડોલર (લગભગ ૬૯૩ કરોડ રૂપિયા) ચુકવવા માટે ટ્રમ્પને આદેશ કર્યો હતો. જેન ટ્રમ્પે પડકાર્યો હતો, ટ્રમ્પે દલીલ કરી હતી કે યુએસ સુપ્રીમ કોર્ટે ૨૦૨૪માં આપેલા એક ચુકાદા મુજબ રાષ્ટ્રપતિને ફોજદારી બાબતોથી પ્રતિરક્ષા મળે છે.

## રશિયા પાસેથી ભારત ઓઈલ ખરીદે છે તે બ્લડ મની છે : નવારોનો વધુ એક લવારો

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૯ ।

ભારત દ્વારા રશિયા પાસેથી ખરીદવામાં આવતા ઓઈલથી અમેરિકાના પેટમાં ઉપડેલો દુઃખાવો મટવાનું નામ નથી લઈ રહ્યો. રશિયન ઓઈલની ખરીદી બદલ ભારત પર ૫૦ ટકાનો જંગી ટેરિફ લાદ્યા પછી પણ અમેરિકાની પીડા ઓછી નથી થઈ રહી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના વેપાર સલાહકાર પીટર નવારો વારંવાર આ મામલે એલફેલ નિવેદનો કરી રહ્યાં છે. નવારોએ આ મામલે કરેલાં વધુ એક બેજવાબદાર નિવેદનમાં સોમવારે ભારત દ્વારા કરાતી રશિયન ઓઈલની ખરીદીને ‘બ્લડ મની’ ગણાવી હતી. નવારોના દાવા અનુસાર યુક્રેન સંઘર્ષ પૂર્વે ભારત રશિયા પાસેથી મોટાં પ્રમાણમાં ઓઈલની ખરીદી કરતું નહોતું. એક્સ પરની એક પોસ્ટમાં નવારોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો તે અગાઉ ભારત રશિયા પાસેથી બહુ ઓઈલ નહોતું ખરીદતું. આ બ્લડ મની છે, લોકો મરી રહ્યાં છે. ગયા અઠવાડિયે, વ્હાઈટ હાઉસના વેપાર અને ઉત્પાદન માટેના વરિષ્ઠ સલાહકાર નવારોએ એક પોસ્ટમાં કહ્યું હતું કે,ભારતના ઊંચા ટેરિફને પગલે અમેરિકામાં લોકોની રોજગારીઓ છીનવાઈ રહી છે.

### નેપાળમાં બળવો

## નેપાળમાં ભીડે ડેપ્યુટી PMને દોડાવી-દોડાવીને માર્યા, વિદેશમંત્રી લોહીલુહાણ

### આર્મી ચીફ અશોક સિગ્ડેલે કે.પી. શર્મા ઓલીને વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપવાનું કહ્યું હતું

। (એજન્સી) નેપાળ, તા.૯ ।

નેપાળમાં થઈ રહેલા હિંસક વિરોધ પ્રદર્શનો અને હિંસાની વચ્ચે, મંત્રીઓ પર હુમલાની ઘટનાઓ સતત સામે આવી રહી છે. પ્રદર્શનકારીઓએ કાઠમંડુમાં નેપાળના ડેપ્યુટી PM અને નાણા મંત્રી બિષ્ણુ પ્રસાદ પૌડેલને દોડાવી-દોડાવીને માર્યો. નેપાળથી આવેલા એક વીડિયોમાં બિષ્ણુ પ્રસાદ પૌડેલ કાઠમંડુની એક ગલીમાં દેખાય છે, જ્યાં પ્રદર્શનકારીઓ તેમને ઘેરી વળે છે. તેઓ તેમને દોડાવવા લાગે છે અને એક પ્રદર્શનકારી લાત મારતા તેઓ નીચે પડી જાય છે. ત્યારબાદ, પ્રદર્શનકારીઓ તેમને પકડીને લઈ જાય છે.બિષ્ણુ પ્રસાદ પૌડેલ નેપાળના એક મોટા રાજનેતા છે. તેઓ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ (યુએમએલ)ના ઉપાધ્યક્ષ છે. પૌડેલ તાજેતરમાં ત્રીજા દહલ મંત્રીમંડળમાં નાયબ વડાપ્રધાન અને નાણા મંત્રી રહ્યા હતા. આ પહેલા પણ તેઓ ઘણીવાર મહત્ત્વના મંત્રાલયોની જવાબદારી સંભાળી ચૂક્યા છે. તેઓ ૨૦૨૧માં નાયબ વડાપ્રધાન રહ્યા અને ગૃહ મંત્રાલય, ઉદ્યોગ મંત્રાલય, જળ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલય પણ સંભાળી ચૂક્યા છે. નાણા મંત્રાલય તેમણે બે વખત (૨૦૨૦-૨૧ અને ૨૦૧૫-૧૬) સંભાળ્યું છે. જળ મંત્રાલયની જવાબદારી તેમણે ૧૯૯૪-૯૯, ૨૦૦૮-૦૯ અને ૨૦૨૧માં પણ સંભાળી હતી.

## નેપાળમાં સ્થિતિ બેકાબૂ થતાં કાઠમંડુ એરપોર્ટ બંધ

। કાઠમંડુ, તા.૯ ।



ભારતની ટોચની એરલાઈન એર ઈન્ડિયા અને ઈન્ડિગોએ નેપાળમાં ચાલી રહેલા હિંસક આંદોલનને ધ્યાનમાં લેતાં દિલ્હીથી કાઠમંડુ જતી ફ્લાઈટ કેન્સલ કરી છે. ભારત સરકારે પણ નેપાળમાં રહેતાં ભારતીયો તેમજ ભારતીય પ્રવાસીઓ માટે એડવાઈઝરી જાહેર કરી છે. એર ઈન્ડિયાએ કાઠમંડુની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતાં નિવેદન આપ્યું છે કે, દિલ્હીથી કાઠમંડુ જતી AI2231/2232, AI2219/2220, AI217/218 અને AI211/212 ફ્લાઈટ રદ કરવામાં આવી છે. એર ઈન્ડિયા ખાતે અમે અમારા પેસેન્જર અને ક્રૂ સભ્યોની સલામતીને પ્રાધાન્ય આપીએ છીએ. પરિસ્થિતિનું નજીકથી નીરિક્ષણ કરી રહ્યા છીએ. વધુ વિગતો અને માહિતી રજૂ કરતાં રહીશું. ઈન્ડિગોએ પણ સોશિયલ મીડિયા પોસ્ટ મારફત પોતાન કાઠમંડુથી દિલ્હી અને દિલ્હીથી કાઠમંડુ જતી ફ્લાઈટ રદ કરી હોવાનું જણાવ્યું છે. ઈન્ડિગોએ જણાવ્યું કે, પેસેન્જરને ફ્લાઈટનો વિકલ્પ તેમજ રિફંડ વેબસાઈટ પરથી પાછુ આપવામાં આવશે. અમે ગ્રાહકોને સત્તાવાર માધ્યમો સાથે જોડાયેલા રહેવા અપીલ કરીએ છીએ. પરિસ્થિતિ સામાન્ય થાય ત્યાં સુધી નેપાળની કોઈ ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવશે નહીં.ભારતના વિદેશ મંત્રાલયે નેપાળમાં ભારતીયો માટે એડવાઈઝરી જાહેર કરી છે. નેપાળમાં રહેતાં ભારતીયોને સતર્ક રહેવા, બિનજરૂરી બહાર ન નીકળવા તેમજ સ્થાનિક અધિકારીઓના આદેશનું પાલન કરવા અપીલ કરી છે. નેપાળમાં કરફ્યુ વચ્ચે નેપાળમાં રહેતા અને નેપાળ ફરવા ગયેલા ભારતીયો માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે. નેપાળમાં કોઈપણ પ્રકારની મદદ માટે ભારતીયો કાઠમંડુમાં સ્થિત ભારતીય એમ્બેસીનો સંપર્ક સાધી શકે છે. જેના હેલ્પલાઈન નંબર 977-980 860 2881 અને 977-981 032 6134 છે. આ નંબર પર માત્ર વોટ્સએપ કોલિંગ જ થઈ શકશે. નેપાળમાં Gen-Z આંદોલને સરકાર ઉથલાવી દીધી છે. વડાપ્રધાન કેપી શર્મા ઓલી અંતે રાજીનામું આપવા મજબૂર બન્યા હતા. ઓલી સરકારના નવથી વધુ મંત્રીઓએ ધડાધડ રાજીનામા જાહેર કર્યા હતા. જો કે, ભ્રષ્ટાચાર વિરૂદ્ધ છેડાયેલું આ આંદોલન અટકવાનું નામ લઈ રહ્યુ નથી.

## પાટણના સાંતલપુરમાં જળબંબાકારની સ્થિતિ, ૪૦ કલાકમાં ૧૫ ઇંચ વરસાદ

। પાટણ, તા.૯ ।

ઉત્તર ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી સર્જાયેલી ડિપ્રેશન સિસ્ટમના કારણે ભારે વરસાદ પડી રહ્યો છે, જેનાથી અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને પાટણના સાંતલપુર તાલુકામાં પરિસ્થિતિ અત્યંત ગંભીર છે, જ્યાં છેલ્લા ૪૦ કલાકમાં ૧૩ થી ૧૫ ઇંચ જેટલો અતિભારે વરસાદ પડ્યો છે. સાંતલપુર તાલુકામાં અનરાધાર વરસાદને કારણે અનેક ગામો પાણીમાં ગરકાવ થયા છે. વૌવા, બકુત્રા, દાત્રાણા, રણમલપુરા, ધોકાવાડા, ચારણકા, એવાલ સહિતના ગામોમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા અનેક ઘરોને નુકસાન થયું છે. પાણીમાં ફસાયેલા લોકોને બચાવવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે બચાવ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. સાંતલપુરના વૌવા અને કલ્યાણ પુરા ગામમાંથી અત્યાર સુધીમાં ૪૦થી વધુ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા મહેસાણાથી એનડીઆરએફની ટીમને બોલાવવામાં આવી છે, જે બચાવ અને રાહત કાર્યમાં સ્થાનિક તંત્રને મદદ કરી રહી છે.સાંતલપુરથી કચ્છ જતા નેશનલ હાઈવે પર પણ ભારે વરસાદની અસર જોવા મળી રહી છે. રોડ પર પાણી ભરાઈ જતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. અનેક વાહનો અટવાઈ ગયા છે અને વાહનવ્યવહાર ધીમો પડ્યો છે. આગામી દિવસોમાં પણ વરસાદનું જોર યથાવત રહેવાની શક્યતા હોવાથી તંત્ર દ્વારા લોકોને સાવચેત રહેવા અને જરૂર વગર ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

## સરસ્વતી નદીના પૂરમાં સિદ્ધપુરના મુડાણા ગામની ત્રણ યુવતીઓ ડૂબી

। (એજન્સી) સિદ્ધપુર, તા.૯ ।

ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ છે, ત્યારે નદી-નાળા અને ડેમ છલકાયા છે. તેવામાં આજે (૮ સપ્ટેમ્બર) પાટણના સિદ્ધપુરમાં સરસ્વતી નદીમાં બે સગી બહેનો સહિત ત્રણ યુવતી ડૂબી હોવાની ઘટના સામે આવી છે. ઘટનામાં બેના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. જ્યારે એક યુવતીને બચાવી લેવાની સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ધોધમાર વરસાદના કારણે રાજ્યના અનેક નદીઓમાં પૂરની સ્થિતિ છે, ત્યારે તંત્રએ લોકોને નદી કિનારા વિસ્તારની નજીક ન જવા સૂચના પણ આવામાં આવી છે. આ દરમિયાન સરસ્વતી નદીના પૂરમાં સિદ્ધપુરના મુડાણા ગામની ત્રણ યુવતીઓ ડૂબી જવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં સજના છનાજી ઠાકોર (ઉં.વ.૧૯) અને કાજલ વનરાજજી ઠાકોર(ઉં.વ.૧૫)નું ડૂબી જવાથી મોત નીપજ્યું છે, જ્યારે કાજલ છનાજી ઠાકોર (ઉં.વ. ૨૨)ને બચાવી લેવામાં આવી હતી. સમગ્ર ઘટાને લઈને પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

# રાજકોટમાં હેલ્મેટ માટે પોલીસ સ્પેશિયલ ડ્રાઈવ સામે લોકોમાં રોષ, પોલીસે સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરાઈ

### સરકાર દ્વારા પહેલા શહેરના રસ્તા પરથી ખાડાઓ દૂર કરાવો અને તેને વાહનચલાવવા માટે યોગ્ય બનાવો, ત્યારબાદ હેલ્મેટ જેવા કાયદાનું કડક પાલન કરાવે

। (એજન્સી) રાજકોટ, તા.૯ ।

સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા સરકારને કરેલા આદેશ બાદ ગૃહ વિભાગ દ્વારા વાહનચાલકોને હેલ્મેટ ફરજિયાતની જાહેરાત કરાઈ છે. ત્યારે હેલ્મેટ અંગે અમલવારી કરાવવા રાજકોટમાં સોમવારથી (આઠમી સપ્ટેમ્બર) પોલીસે સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરાઈ છે. શહેરના રાજમાર્ગો તેમજ અલગ અલગ વિસ્તારોમાં મોટી સંખ્યામાં પોલીસે હેલ્મેટ અંગેની ડ્રાઈવની કામગીરી હાથ ધરી હતી. પરંતુ આ સ્પેશિયલ ડ્રાઈવ સામે લોકોએ રોષ ઠાલવતા કહ્યું કે,'સરકાર દ્વારા પહેલા શહેરના રસ્તા પરથી ખાડાઓ દૂર કરાવો અને તેને વાહનચલાવવા માટે યોગ્ય બનાવો, ત્યારબાદ હેલ્મેટ જેવા કાયદાનું કડક પાલન કરાવે.'

મળતી માહિતી અનુસાર, રાજકોટના કાલાવડ રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, યુનિવર્સિટી રોડ અને ગોંડલ રોડ પર ટ્રાફિક પોલીસે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. હેલ્મેટ વગરના વાહનચાલકોને અટકાવીને દંડ ફટકારવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીના કારણે ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાઈ હતી અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, 'સરકારે હેલ્મેટ ફરજિયાત કરતા પહેલા શહેરના રસ્તાઓ પરના ખાડાઓને સુધારવા જોઈએ.' જ્યારે કેટલાક વાહનચાલકોનું કહેવું છે કે, 'ગરમી અને ભેજવાળા વાતાવરણમાં હેલ્મેટ પહેરવું શક્ય નથી. આ ઉપરાંત હેલ્મેટ પહેરવાથી સાઈડમાં જોવું મુશ્કેલ બને છે, જેનાથી અકસ્માતનો ભય રહે છે.'રાજકોટમાં સ્પેશિયલ હેલ્મેટ ટ્રાઈવ અંગે ટ્રાફિકના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (DCP) હરપાલસિંહ જાડેજા જણાવ્યું હતું કે, 'હેલ્મેટનો કાયદો વર્ષ ૧૯૮૮થી અમલમાં છે, તેમ છતાં ઘણાં લોકો તેનું પાલન કરતા નથી. અકસ્માતના મોટાભાગના કેસમાં માથામાં ગંભીર ઈજા થવાને કારણે મૃત્યુ થાય છે અને હેલ્મેટ આવી ઈજાઓથી બચાવી શકે છે. બાઈક પર પતિ-પત્ની અને બાળક હોય તો બાળકને પણ હેલ્મેટ પહેરવું ફરજિયાત છે. આ નિયમ લોકોના જીવનની સુરક્ષા માટે જ છે. અમારી આ પહેલનો હેતુ લોકોને હેલમેટ પહેરવા માટે પ્રોત્સાહિત કરવાનો અને ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવાનો છે.

ઉલ્લેખનીય છે કે હેલ્મેટ અંગેની પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવતા અનેક સ્થળે પોલીસ અને વાહનચાલકો વચ્ચે બોલાચાલી અને સામાન્ય ઘર્ષણ થયાના અહેવાલો સામે આવી રહ્યા છે.

## કોંગ્રેસે કરી રાજીનામાની માંગ

# વિધાનસભા સત્રમાં મંત્રી બચુ ખાબડને લઈ કોંગ્રેસ આક્રમક

### કોંગ્રેસના નેતાઓએ હાથમાં પોસ્ટર સાથે વિરોધ કર્યો

। (એજન્સી ) ગાંધીનગર, તા.૯ ।



ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસીય ચોમાસુ સત્રનો પ્રારંભ થયો. પ્રથમ દિવસે પ્રશ્નોતરી કાળબાદ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ સત્ર મુલતવી રાખવામાં આવ્યું હતું. જો કે કોંગ્રેસના સભ્યોએ વિધાનસભાની બહાર હાથમાં પોસ્ટરો સાથે સુત્રોચ્ચાર કર્યા હતા અને વિધાનસભાનો ઘેરાવો કરવાનો પ્રયાસ કર્યો હતો. આજથી ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું ચોમાસું સત્ર મળ્યું. સત્રના પ્રથમ દિવસે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. વિધાનસભામા ગૃહમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. અંજલિબેન રૂપાણી, તેમજ તેમના પુત્ર ઋષભ રૂપાણી સહિત ભાજપના નેતાઓએ વિજયભાઈને શ્રદ્ધાંજલિ આપી હતી. વિધાનસભા પોડીયમ ખાતે વિજય રૂપાણીનીં ચલચિત્ર અનાવરણ કરવામાં આવ્યુ હતું. સત્રને લઈ સરકારને ઘેરવા માટે કોંગ્રેસે રણનીતિ બનાવી. વિધાનસભા બહાર કોંગ્રેસના ધારાસભ્યોએ મંત્રી બચુ ખાબડને લઈ વિરોધ કર્યો અને મંત્રી બચુ ખાબડના રાજીનામાની માંગણી કરી હતી. કોંગ્રેસના નેતાઓએ હાથમાં પોસ્ટર સાથે વિરોધ કર્યો હતો. વિધાનસભા સત્રમાં પ્રજાના પ્રશ્નોનો પર કોઈ પણ પ્રકારની ચર્ચા ન થાય તેવા સરકાર પ્રયાસ કરતી હોવાનો કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરીએ આરોપ લગાવ્યા છે. રાજ્યમાં અતિવૃષ્ટી, તેમજ તુટેલા રસ્તાને લઈ કોંગ્રેસે ચર્ચા કરવાની માંગ કરી છે પરંતુ સરકાર આ બાબતે કોઈ પણ પ્રકારની ચર્ચા કરવા માંગતી ન હોવાની તુષાર ચૌધરીએ વાત કરી.

આ તરફ વિસાવદરથી ચૂંટાયેલા ધારાસભ્ય ગોપાલ ઈટાલીએ પ્રથમ વખત વિધાનસભા સત્રમાં હાજરી આપી હતી..ગોપાલ ઈટાલીયાએ વિધાનસભા સત્રમાં પૂરક પ્રશ્ન પૂછ્યો હતો. ત્રણ દિવસના વિધાનસભાના સત્રના પ્રથમ દિવસે કોઈ કામગીરી કરવામાં આવી નથી. જો કે હવે માત્ર બે દિવસ સુધીનું વિધાનસભાનું સત્ર બાકી છે ત્યારે આવતીકાલે મળનારુ વિધાનસભાનું સત્ર તોફાની બને તેવે શક્યતા દેખાઈ રહી છે.

# ગોત્રી-નટુભાઈ સર્કલ પાસે આવેલી તરૂણનગર સોસાયટીમાં વરસાદી પાણી ફરી વળતા બેટમાં ફેરવાઇ

### આ સોસાયટીમાં છેલ્લા દસ વર્ષથી વરસાદી પાણી ભરાય છે અને ગટરના પાણી બેક મારે છે

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં ગોત્રી ખાતે નટુભાઈ સર્કલ નજીક આવેલી તરૂણનગર સોસાયટીના મકાનોમાં ૨૯ જેટલા પરિવારો રહે છે. જેમાં મોટાભાગના વયોવૃદ્ધ ૭૦ થી ૮૦ વર્ષના છે. આ સોસાયટીમાં છેલ્લા દસ વર્ષથી વરસાદી પાણી ભરાય છે અને ગટરના પાણી બેક મારે છે. પાલિકા કચેરીએ સંપર્ક કરતા કોઈ જોવા આવતું નથી. માત્ર એક મહિલા કોર્પોરેટર મદદરૂપ થાય છે. છેલ્લા ત્રણ દિવસથી સોસાયટીના રહીશો ઘર બહાર નીકળી શકતા નથી વરસાદી પાણી તમામ ઘરોમાં ફરી વળ્યા છે. ચૂંટણી વખતે વોટ લેવા આવનાર સમક્ષ પ્રશ્નો રજૂ કરાય છે ત્યારે હવે પ્રશ્નોનો નિકાલ આવી જશે. પરંતુ ત્યારબાદ સોસાયટીનું બજેટ મંજૂર થયું નથી તેવા ઉડાઉ જવાબ અપાય છે. ભરાઈ રહેલા પાણીથી મચ્છરજન્ય રોગચાળાની ભીતિથી રહીશોમાં ગભરાટ વ્યાપેલો રહે છે. વહેલી તકે તમામ પ્રશ્નોનો નિકાલ આવે તેવી સ્થાનિક રહીશોની માગ છે.

ઉલ્લેખનીય છે કે ગોત્રી નટુભાઈ સર્કલ નજીક આવેલી ૨૯ મકાનની સોસાયટી પૂરના પાણીથી બેટમાં ફેરવાઈ ગઈ છે. છેલ્લા દસ વર્ષથી આ પરિસ્થિતિ દર વર્ષે સર્જાય છે. આ ઉપરાંત ગટરના પાણી પણ બેક મારતા દુર્ગંધથી ત્રસ્ત થઈને લોકોને રહેવાની ફરજ પડે છે. નીચાણવાળા વિસ્તારમાં સોસાયટી નહીં હોવા છતાં પાણી ભરાવાનું કારણ તંત્ર દ્વારા શોધી શકાતું નથી. પડોશી સોસાયટીમાં વરસાદના બિલકુલ પાણી ભરાતા નથી. આ સોસાયટીના પ્રત્યેક મકાનમાં ૭૦-૮૦ વર્ષની એકાદ વ્યક્તિ જરૂર છે. તેમને ક્યારેક તાત્કાલિક સારવાર અર્થે જવામાં ભારે તકલીફ પડે છે. લોકોને વેપાર ધંધાએ જવા માટે પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વિસ્તારના કોર્પોરેટરોને વારંવાર કહેવા છતાં માત્ર એક મહિલા કોર્પોરેટર ક્યારેક મદદમાં પણ આવે છે. ચોમાસા અગાઉ પણ તંત્ર સમક્ષ આ અંગેની રજૂઆત કરી હતી. છતાં પણ તંત્ર દ્વારા કોણીએ ગોળ ચોંટાડવામાં આવ્યો અને હવે આ વર્ષે પાણી નહીં ભરાય તેવો જવાબ આપ્યો હતો પરંતુ પરિસ્થિતિ યથાવત રહી છે.

બે દિવસ અગાઉ તંત્ર સમક્ષ ફરી એકવાર રજૂઆત કરવા જતા બે દિવસની રજા બાદ સ્ટાફ આવશે ત્યારે કામ થશે તેવા ઉડાઉ જવાબ અપાયા હતા. હવે વહેલી તકે સોસાયટીના સામાન્ય પ્રશ્નોનો વહેલી તકે નિકાલ આવે તેવી સ્થાનિકોની માગ છે.

# આલ્ફા ઇન્ટરનેશનલ સ્કૂલની અને હોસ્ટેલની માન્યતા તાત્કાલિક રદ કરવાની માગ ઉઠી

। જુનાગઢ, તા.૯ ।

જુનાગઢની આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલ શાળાની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી હિંસક મારામારીનો મામલે આહિર સમાજના અગ્રણીઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

જૂનાગઢની આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ બાબતને લઈને ઝઘડો થયો હતો, જે મારામારીમાં પરિણમ્યો હતો. આ દરમિયાન ત્રણ વિદ્યાર્થીઓને અન્ય



વિદ્યાર્થીઓ દ્વારા માર મારવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાના વિડીયો વાયરલ થયા બાદ ભોગ બનનાર વિદ્યાર્થીઓના પરિવારો અને આહિર સમાજના અગ્રણીઓમાં ભારે રોષ જોવા મળ્યો છે.

તેમનો મુખ્ય આક્ષેપ છે કે શાળા અને હોસ્ટેલ સંચાલકોએ આ ગંભીર ઘટનાને દબાવવાનો અને રફેદફે કરવાનો પ્રયાસ કર્યો હતો, જેથી સત્ય બહાર ન આવે.. આવેદનપત્રમાં જણાવાયું હતું કે સંચાલકોની બેદરકારીને કારણે આ ઘટના બની હોવાથી શાળા અને હોસ્ટેલની માન્યતા તાત્કાલિક રદ કરવામાં આવે.

આવેગદન પત્રમાં આ ગંભીર ઘટના માટે જવાબદાર શાળા અને હોસ્ટેલ સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો દાખલ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# ધોળકાના આંબલીયારા ગામમાં સાબરમતી નદીના પાણી ઘૂસ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ધોળકાના આંબલીયારા ગામમાં સાબરમતી નદીના પાણી ઘૂસ્યા છે. ધરોઈ ડેમમાંથી નદીમાં પાણી છોડાયું છે. આંબલીયારા ગામમાં પૂરની સ્થિતિ જોવા મળી રહી છે. ગામમાં પાણી ભરાતા જનજીવન ઠપ્પ થયું છે. અવરજવર માટે હોડી અને ટ્રેક્ટરના સહારો લોકોને લેવાનો વારો આવ્યો છે. ઉપરવાસ વિસ્તારમાં ભારે વરસાદને કારણે ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું છે. જેના પરિણામે વાસણા બેરેજના આશરે ૨૭ દરવાજા ખોલવા પડ્યા છે. સાબરમતી નદીમાં પાણીનો પ્રવાહ વધતા ધોળકાના આંબલીયારા ગામમાં નદીનું પાણી પ્રવેશી ગયું છે. ગામમાં લોકોને હોડી તથા ટ્રેક્ટરનો સહારો લઈને અવરજવર કરવી પડી રહી છે. પૂરની સ્થિતિને કારણે ગામમાં જનજીવન પર અસર જોવા મળી રહી છે. લોકોના દૈનિક કાર્યોમાં મુશ્કેલી ઊભી થઈ છે અને ગ્રામજનોએ સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે. ઉપરવાસમાં પડેલા વરસાદના કારણે સાબરમતી નદીમાં પૂરની સ્થિતિ જોવા મળી છે. ધરોઈ ડેમમાંથી સાબરમતી નદીમાં પાણી છોડતા નદી કિનારાના આસપાસના ગામમાં નદીના પાણી ઘૂસી ગયા છે. નદી કાંઠાના ગામ બેટમાં ફેરવાયા છે. ગામમાં લોકો હાલાકી ભોગવી રહ્યા છે. ગામમાં લોકોને અવરજવર માટે ટ્રેક્ટરનો સહારો લેવા મજબૂર બન્યા છે.ઉપરવાસ વિસ્તારમાં ભારે વરસાદને કારણે ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું છે. જેના પરિણામે વાસણા બેરેજના આશરે ૨૭ દરવાજા ખોલવા પડ્યા છે.

# સાબરમતીના પાણીમાં કૂદેલા સપનાંઓને ફરી જીવંત બનાવનાર અમદાવાદ ફાયર વિભાગના જવાનો

। બનાસકાંઠા, તા.૯ ।

૧૦ સપ્ટેમ્બર : 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ', છેલ્લાં ૧૧ વર્ષમાં ઈન્દિરા બ્રિજથી લઈને વાસણા બેરેજ સુધી સાબરમતી નદીમાંથી ૫૦૦થી વધુ લોકોના જીવ બચાવ્યા, વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસના અવસર પર અમદાવાદ શહેરના ફાયર વિભાગ દ્વારા કરવામાં આવેલી જીવનરક્ષક કામગીરી નોંધપાત્ર છે. ઘણીવાર વ્યક્તિ એક ક્ષણની નિરાશામાં જીવનનો અંત લાવવાનો નિર્ણય લે છે, પરંતુ એ જ સમયે મદદનો હાથ લંબાય તો અનેક સપના, અનેક પરિવારો અને અનેક આશાઓ ફરી જીવંત બની શકે છે. અમદાવાદ ફાયર વિભાગની સેવાકથા માનવતા માટે પ્રેરણારૂપ છે.

છેલ્લાં ૧૧ વર્ષમાં અમદાવાદના ઈન્દિરા બ્રિજથી લઈને વાસણા બેરેજ સુધી અમદાવાદ ફાયર વિભાગના જવાનો દ્વારા પોતાનો જીવ જોખમમાં મૂકી પાણીમાં કૂદીને કે પછી કોઈપણ રીતે રેસ્ક્યૂ કરીને





અંદાજે ૫૦૦થી વધુ લોકોના જીવ બચાવ્યા છે.

લોકોના જીવ બચાવવાની સાથો-સાથ લોકોને આત્મહત્યા કરતા અટકાવીને તેઓને નવજીવન પણ આપ્યું છે. આ દરેક ઘટના પાછળ એક પરિવાર, એક સ્વપ્ન અને એક જીવન છુપાયેલું હોય છે. ફાયર જવાનોની બહાદુરીથી અનેકોના ઘરોમાં ફરી આશા, આનંદ અને સ્મિત પાછાં આવ્યાં છે. અમદાવાદ ફાયર વિભાગના જવાનો દ્વારા કરવામાં આવેલી આ કામગીરી માનવતા માટેનું અમૂલ્ય યોગદાન છે.

આ અંગે વાત કરતા અમદાવાદ ફાયર વિભાગના ચીફ ઓફિસર શ્રી અમિતભાઈ ડોંગરેએ જણાવ્યું હતું કે, ફાયર વિભાગના જવાનો દરેક વખતે પોતાની જાતને જોખમમાં મૂકી તાત્કાલિક પ્રતિસાદ આપે છે. પાણીમાં કૂદીને, દોરડા કે બોટની મદદથી કે પછી વિવિધ તકનીકી સાધનો દ્વારા જીવ બચાવે છે. કેટલીકવાર સેકન્ડોના વિલંબથી જીવલેણ પરિસ્થિતિ સર્જાઈ શકે છે, પરંતુ જવાનોની તાલીમ, ચપળતા અને માનવતાની ભાવના અનેક જીવને બચાવી લે છે. આ અંગે વાત કરતા અમદાવાદ ફાયર વિભાગના ચીફ ઓફિસર શ્રી અમિતભાઈ ડોંગરેએ જણાવ્યું હતું કે, ફાયર વિભાગના જવાનો દરેક વખતે પોતાની જાતને જોખમમાં મૂકી તાત્કાલિક પ્રતિસાદ આપે છે. પાણીમાં કૂદીને, દોરડા કે બોટની મદદથી કે પછી વિવિધ તકનીકી સાધનો દ્વારા જીવ બચાવે છે. કેટલીકવાર સેકન્ડોના વિલંબથી જીવલેણ પરિસ્થિતિ સર્જાઈ શકે છે, પરંતુ જવાનોની તાલીમ, ચપળતા અને માનવતાની ભાવના અનેક જીવને બચાવી લે છે. ફાયર વિભાગ માત્ર તાત્કાલિક સેવા પૂરતી મર્યાદિત નથી,પરંતુ લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે પણ સક્રિય રહે છે, એવું તેમણે ઉમેર્યું હતું. અમદાવાદ ફાયર વિભાગના ડિવિઝનલ ફાયર ઓફિસર શ્રી સ્વસ્તિક જાડેજાએ કહ્યું કે, આત્મહત્યા કોઈ સમસ્યાનો ઉકેલ નથી. જીવન અમૂલ્ય છે અને તેને સાચવવું આપણી સૌની ફરજ છે. અમે નાગરિકોને અપીલ કરીએ છીએ કે મુશ્કેલીમાં ક્યારેય એકલા ન રહેવું , મદદ માગવી અને જીવન પ્રત્યે વિશ્વાસ રાખવો જોઈએ. ફાયર વિભાગ તેમજ પોલીસ વિભાગ હંમેશાં નાગરિકોની સેવા માટે તત્પર છે.

અમદાવાદ ફાયર વિભાગના રિવર રેસ્ક્યૂ ટીમના સભ્ય ભરત માંગેલાએ કહ્યું કે, હું રેસ્ક્યૂ ટીમ સાથે છેલ્લાં ૧૧ વર્ષની સંકળાયેલો છું. સાબરમતી રિવરફ્રન્ટ કે પછી સાબરમતી નદી પરના બ્રિજ પર અનેક લોકો આત્મહત્યા કરવા આવતા હોય છે ત્યારે કોઈપણ રીતે ફાયરના જવાનોને ખબર પડે તો એ તરત જે-તે સ્થળે પહોંચીને તેઓનું કાઉન્સેલિંગ પણ કરે છે અને પોલીસને આ અંગેની સૂચના આપે છે સાથોસાથ પરિવાર સાથે સંપર્ક પણ કરે છે. ફાયર વિભાગ માત્ર તાત્કાલિક સેવા પૂરતી મર્યાદિત નથી,પરંતુ લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે પણ સક્રિય રહે છે, એવું તેમણે ઉમેર્યું હતું. અમદાવાદ ફાયર વિભાગના ડિવિઝનલ ફાયર ઓફિસર શ્રી સ્વસ્તિક જાડેજાએ કહ્યું કે, આત્મહત્યા કોઈ સમસ્યાનો ઉકેલ નથી. જીવન અમૂલ્ય છે અને તેને સાચવવું આપણી સૌની ફરજ છે. અમે નાગરિકોને અપીલ કરીએ છીએ કે મુશ્કેલીમાં ક્યારેય એકલા ન રહેવું , મદદ માગવી અને જીવન પ્રત્યે વિશ્વાસ રાખવો જોઈએ. ફાયર વિભાગ તેમજ પોલીસ વિભાગ હંમેશાં નાગરિકોની સેવા માટે તત્પર છે. અમદાવાદ ફાયર વિભાગના રિવર રેસ્ક્યૂ ટીમના સભ્ય ભરત માંગેલાએ કહ્યું કે, હું રેસ્ક્યૂ ટીમ સાથે છેલ્લાં ૧૧ વર્ષની સંકળાયેલો છું. સાબરમતી રિવરફ્રન્ટ કે પછી સાબરમતી નદી પરના બ્રિજ પર અનેક લોકો આત્મહત્યા કરવા આવતા હોય છે ત્યારે કોઈપણ રીતે ફાયરના જવાનોને ખબર પડે તો એ તરત જે-તે સ્થળે પહોંચીને તેઓનું કાઉન્સેલિંગ પણ કરે છે અને પોલીસને આ અંગેની સૂચના આપે છે સાથોસાથ પરિવાર સાથે સંપર્ક પણ કરે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## બીટનું સેવન કરવાથી ઇમ્યુનિટી સિસ્ટમ બુસ્ટ થાય છે

# બીટની તાસીર ઠંડી હોય કે ગરમ?

**બીટની ચિપ્સ બનાવીને પણ ખાઈ શકો છો, બીટની ચિપ્સ તમે બાળકોને નાસ્તામાં પણ આપી શકો છો**



બીટ પોષક તત્વોથી ભરપૂર હોય છે. બીટનું સેવન તમે નિયમિત કરો છો તો હેલ્થને ગજબનાં ફાયદાઓ થાય છે. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે બીટની તાસીર ઠંડી હોય કે ગરમ? બીટ અનેક ગુણોથી ભરપૂર હોય છે. બીટમાં રહેલાં ગુણો ઓવરઓલ હેલ્થ માટે ફાયદાકારક છે. બીટનું સેવન કરવાથી સ્વાસ્થ્યને લગતી અનેક નાની-મોટી બીમારીઓ દૂર થાય છે. બીટ એક નહીં, પરંતુ અનેક પ્રકારનાં ઔષધીય ગુણોથી ભરપૂર હોય છે. પરંતુ શું તમે જાણો છો બીટની તાસીર ઠંડી હોય છે કે ગરમ? આ વિશે મોટાભાગનાં લોકો જાણતા નથી. આ સાથે જાણી લો બીટનું સેવન કરવાની સાચી રીત કઈ છે. કેવી હોય છે બીટની તાસીર?: તમારી જાણકારી અનુસાર જણાવી દઈએ કે બીટની તાસીર ઠંડી હોય છે. આ કારણે ઠંડીની સિઝન કરતાં તમે ગરમીમાં ખાઓ છો તો હેલ્થને અઢળક ફાયદો થઈ શકે છે. બીટમાં મેગેનીઝ, પોટેશિયમ, આયરન, ફોલેટ, વિટામીન એ, વિટામીન બી૬, વિટામીન સી સહિત અનેક પ્રકારનાં તત્વો હોય છે જે હેલ્થ માટે અનેક રીતે ગુણકારી છે. બીટનું સેવન કેવી રીતે કરશો?: કેટલાક લોકો બીટને કાચું પણ ખાતા હોય છે. સલાડમાં મિક્સ કરીને તમે બીટ ખાઓ છો તો પણ ફાયદો થાય છે. હેલ્થ એક્સપર્ટ અનુસાર બીટને તમે સ્ટીમ કરીને તમે કુક કરીને ખાઓ છો તો વધારે ફાયદો થઈ શકે છે. તમે ઈચ્છો છો તો બીટને તમે બાફીને પણ ખાઈ શકો છો. આમ, તમે બીટનું આ રીતે સેવન કરશો તો હેલ્થને અઢળક ફાયદાઓ થાય છે. જાણો ફાયદાઓ: બીટનું સેવન કરવાથી ઈમ્યુનિટી સિસ્ટમ બુસ્ટ થાય છે. આ સાથે ગટ હેલ્થ ઈમ્પ્રુવ કરે છે. તમારા શરીરમાં લોહીની ઉણપ છે તો તમે બીટનું સેવન કરો. બીટનું સેવન તમે રેગ્યુલર કરો છો તો બ્રેન હેલ્થ માટે અનેક રીતે ગુણકારી છે. હાર્ટને લગતી બીમારીઓમાંથી રાહત અપાવવા માટે બીટ અનેક રીતે ગુણકારી છે. તમે બીટનો જ્યૂસ પણ પી શકો છો. બીટનો જ્યૂસ તમે ફટાફટ અને સરળતાથી ઘરે કાઢી શકો છો.

## ઈમિગ્રેશન સિસ્ટમને તબક્કાવાર સંપૂર્ણ ડિજિટાઇઝ કરવાની યોજના

# શું ઉનાળામાં લસણ ખાવાથી કિડનીને નુકસાન થાય છે?

**ઉનાળામાં લસણ ખાવાથી કિડનીને નુકસાન થતો છે કે નહીં, તે બાબત પર સ્પષ્ટતાપૂર્વક જણાવવું શક્ય નથી**





ઉનાળામાં લસણ ખાવાની ચિંતાઓ: ઉત્તમ પ્રમાણમાં ખાવું: લસણનો વધુ પ્રમાણમાં ઉપયોગ, ખાસ કરીને કાચું, પાચકતંત્રને બગાડી શકે છે અને આથી છાલ અને પેટના સમસ્યાઓ પેદા કરી શકે છે. કિડની પર અસર: જો કોઈ વ્યક્તિ પહેલેથી કિડનીની સમસ્યાઓથી પીડિત હોય, તો લસણમાં રહેલા વિટામિન ઝ અને આયોડિન કે અન્ય તત્ત્વો વધુ કીડની પર ભાર પાડી શકે છે. સંતુલિત આહાર, લસણ ખાવું, પરંતુ યોગ્ય પ્રમાણમાં અને વિવિધ આહાર સાથે બેલેન્સ કરવું વધુ ફાયદાકારક છે. માત્ર લસણ પર આધાર રાખવાનું કરતા, હલકો અને પોષણથી ભરપૂર આહાર પર ધ્યાન આપવું મહત્વપૂર્ણ છે. વિશેષ સલાહ: જો તમારી પાસે કિડનીની બીમારી હોય અથવા આરસાથી સંકોચેલી બીમારીઓ (જેમ કે લોહીનું દબાણ, આરોગ્યની અન્ય સમસ્યાઓ), તો ડોકટરની સલાહ મુજબ લસણનો ઉપયોગ કરવો. સારાંશરૂપે, જો તમે સ્વસ્થ છો અને સામાન્ય રીતે લસણ ખાવામાં સંકોચ નથી, તો લસણનું સંતુલિત અને શ્રેષ્ઠ પ્રમાણમાં સેવન ખાવાથી કોઈ ખાસ નુકસાન થતો નથી. આ માત્ર ભોજનનો સ્વાદ વધારતું નથી, પરંતુ તેમાં ઘણા ઔષધિય ગુણો પણ છે, જે આપણા શરીરને ફિટ રાખવામાં મદદ કરે છે. તેમાં વિટામિન A, B, C ઉપરાંત સલ્ફ્યુરિક એસિડ, આયર્ન, કાર્બોહાઈડ્રેટ, ફેટ અને પ્રોટીન મળે છે. જેનાથી આપણા શરીરનો ઈન્ફેક્શન દૂર થાય છે. આ માત્ર ભોજનનો સ્વાદ વધારતું નથી, પરંતુ તેમાં ઘણા ઔષધિય ગુણો પણ છે, જે આપણા શરીરને ફિટ રાખવામાં મદદ કરે છે. તેમાં વિટામિન છ, ·, ઝ ઉપરાંત સલ્ફ્યુરિક એસિડ, આયર્ન, કાર્બોહાઈડ્રેટ, ફેટ અને પ્રોટીન મળે છે. જેનાથી આપણા શરીરનો ઈન્ફેક્શન દૂર થાય છે. સાથે જ આ શરીરના તાપમાનને પણ નિયંત્રિત રાખે છે. ઘણા લોકો માને છે કે લસણ શરીર માટે ફાયદાકારક છે, પરંતુ ઉનાળામાં તેને ખાવું ન જોઈએ. શું આ વાત સાચી છે? સૌથી પહેલા લસણના ફાયદાઓની વાત કરીએ. લસણના સેવનથી જૂની સર્દી, ફેફસાંનો દુખાવો, જુકામ, ન્યુમોનિયા અને અસ્થમા ઓછા થાય છે. તેને ખાવાથી હૃદય સાથે-સાથે શ્વાસની બીમારીઓ પણ દૂર થાય છે. આ માટે તમે રોજ સવારે નિત્યક્રિયા પછી ખાલી પેટ લસણની એક કળી ખાઈ શકો છો. જેઓને હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા હોય છે, તેમના માટે પણ લસણ ખાવું ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં એન્ટીબાયોટિક અને એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે, જેનાથી બ્લડ સર્ક્યુલેશન સુધરે છે અને માથાનો દુખાવો અને ઉલટીની સમસ્યા દૂર થાય છે. લસણ ખાવાથી લોહી પાતળું થાય છે અને તેના પ્રવાહની ગતિ તેજ થાય છે, જેનાથી હાર્ટ એટેકનો ખતરો ઘટે છે. જો કોઈના દાંતમાં દુખાવો હોય તો તેના માટે લસણ રામબાણ માનવામાં આવે છે. તેમાં કેલ્શિયમ ઉપરાંત એન્ટી બેક્ટેરિયલ અને એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે, જેનાથી દાંતના દુખાવામાં જલ્દી રાહત મળે છે. તેને યોગ્ય રીતે ઉપયોગ કરવા માટે લસણની એક કળી પીસી દાંતના દુખાવાવાળી જગ્યાએ લગાવો. આવું કરવાથી તમને રાહત મળશે. હવે વાત આવે છે કે શું ઉનાળામાં લસણ ખાવું જોઈએ કે નહીં, તો તેનો જવાબ છે કે તમે ખાઈ શકો છો. હેલ્થ એક્સપર્ટોના મતે ઉનાળામાં લસણ ખાવામાં કોઈ તકલીફ નથી. પરંતુ તેની માત્રા ઓછી રાખવી જોઈએ. હકીકતમાં લસણની તાસીર ગરમ હોય છે.

# વારંવાર થાય છે માથાનો દુખાવો? ચા છોડો, ભૂખ્યા રહેવાનું ટાળો

**ગરમીની તીવ્રતા દિવસેને દિવસે વધી રહી છે, ઘણા સ્થળોએ તાપમાન ૪૦ ડિગ્રી કે તેથી વધુ થઈ ગયું છે**





ગરમીની તીવ્રતા દિવસેને દિવસે વધી રહી છે. ઘણા સ્થળોએ તાપમાન ૪૦ ડિગ્રી કે તેથી વધુ થઈ ગયું છે. આ ભયંકર ગરમીમાં પણ ઘણા લોકોને મહેનતના કામ કરવા પડે છે. ગરમીની તીવ્ર તડકામાં મહેનત કરનારા લોકોએ ખાસ ધ્યાન રાખવું જોઈએ. કારણ કે, તીવ્ર તડકાના કારણે માઇગ્રેનની સમસ્યા થઈ શકે છે. માઇગ્રેનના શું લક્ષણો છે અને તેનાથી બચવા માટે શું કરવું જોઈએ? તીવ્ર તડકામાં રહેવાથી માઇગ્રેનની સમસ્યા થઈ શકે છે. આ સાથે જ સતત ઠંડુ પાણી પીવાથી પણ અડધા માથામાં દુખાવો થઈ શકે છે. આ અડધા માથાનો દુખાવો ખૂબ જ તીવ્ર હોઈ શકે છે. કોઈ વ્યક્તિ માટે તીવ્ર સુગંધ પણ માઇગ્રેનનું કારણ બની શકે છે. તેથી તીવ્ર સુગંધથી દૂર રહેવું જોઈએ. જ્યારે ગરમીની તીવ્રતા વધારે હોય છે, ત્યારે આંખો સામે ચમક આવી શકે છે. ગળું સુકાઈ શકે છે, લાંબા સમય સુધી ભૂખ્યા રહેવાથી માઇગ્રેનની સમસ્યા થવાની સંભાવના વધી જાય છે. ઘણી વખત ખાવાના સમયે ચા કે નાસ્તો કરીને અડધા પેટ ભૂખ્યા રહેવાની આદત થઈ જાય છે. પરંતુ આ આદતના કારણે તેમને માઇગ્રેન જેવી બીમારીનો સામનો કરવો પડી શકે છે. તેથી લાંબા સમય સુધી ભૂખ્યા પેટ ન રહેવું જોઈએ. લાંબા સમય સુધી ભૂખ્યા પેટે ન રહેવું, તીવ્ર તડકામાં કામ કરવાથી બચવું, મહિલાઓએ કસીને વાળ ન બાંધવા, ઠંડા પાણીથી નહાવાથી બચવું. માઇગ્રેનના લક્ષણો અલગ-અલગ હોઈ શકે છે. તેથી સમસ્યા થાય ત્યારે નિષ્ણાતની સલાહ લો, તેમની સલાહ મુજબ દવાઓ લો. ગરમીની તીવ્રતા વધી રહી છે. તડકામાં મહેનત કરનારા લોકોને તડકાથી પૂરતી સુરક્ષા લઈને કામ કરવું જોઈએ. પૂરતી માત્રામાં પાણી પીવું, માથા પર રૂમાલ બાંધવો કે ટોપી પહેરીને કામ કરવું. લાંબા સમય સુધી તડકામાં રહેવાથી આંખો સામે ચમક આવી શકે છે, અડધા માથામાં દુખાવો થઈ શકે છે. જેમને સુગંધથી એલર્જી છે, તેઓ તીવ્ર સુગંધના સંપર્કથી દૂર રહેવું, જો તીવ્ર માથાનો દુખાવો થાય તો નિષ્ણાત ડૉક્ટરની સલાહ લો.

## પેટ સાફ ન થવાને કારણે અનેક સમસ્યા થતી હોય છે

# શું તમે પણ કબજિયાતની સમસ્યાથી કંટાળ્યા છો?

**કબજિયાતની સમસ્યા વ્યક્તિને હેરાન કરી દે છે, ઘરેલુ ઉપાયોની મદદથી જડમૂળમાંથી કબજિયાતની સમસ્યા દૂર કરી શકો છો**



કબજિયાત એક એવી સમસ્યા છે જેમાં મળ કઠોર થઈ જાય છે જેના કારણે તમારું પેટ સાફ થતું નથી. પેટ સાફ ન થવાને કારણે અનેક સમસ્યા થતી હોય છે. આ કારણે ઘણીવાર વારંવાર વોશરૂમ પણ જવું પડે છે. પેટ સાથે જોડાયેલી આ સમસ્યા અનેક કારણો થઈ શકે છે, જેમ કે ડાયટમાં ફાઈબરની કમી, વધારે તળેલો ખોરાક ખાવાની આદત, બોડી એક્ટિવિટીમાં કમી, સ્ટ્રેસ, ડિહાઈડ્રેશન જેવી અનેક સમસ્યા થતી હોય છે. તમને કબજિયાતની તકલીફ વધારે છે તો તમે મોડું કર્યા વગર ડોક્ટરનો સંપર્ક કરો. આમ, તમે કબજિયાતની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે આ ઘરેલુ ઉપાયો પણ કરી શકો છો. સફેદ અને કાળા તલ બંનેમાં ભરપૂર પોષક તત્વ હોય છે. તમે સફેદ તેમજ કાળા એમ બંનેમાંથી એક તલનું સેવન કરો છો તો કબજિયાત સાથે જોડાયેલી સમસ્યામાંથી છુટકારો મળી જાય આ આંતરડામાં જમા થયેલા મળને મુલાયમ કરે છે. આ કારણે સવારમાં તમારું પેટ એકવાર સાફ થઈ જાય છે. તલમાં એન્ટી ઈન્ફ્લેમેન્ટરી ગુણ હોય છે જે પાચન તંત્રને સારું કરવાનું કામ કરે છે. આ કારણે આંતરડા પણ મજબૂત થાય છે. સફેદ તલ શરીરનો થાક દૂર કરવાનું કામ કરે છે. સફેદ તલમાં આયરનની માત્રા સારામાં સારી હોય છે. આમ, જે લોકોને આયરનની સમસ્યા રહે છે એમને સફેદ તલનું સેવન કરવું જોઈએ. આ શરીરમાં હિમોગ્લોબીનની ઉણપ ને પૂરી કરે છે. આ રીતે તલનું સેવન કરો એક ચમચી તલને એક ગ્લાસ પાણીમાં આખી રાત પલાળી રાખો. સવારમાં આ પાણી પીઓ. ત્યારબાદ આ તલનું સેવન કરો. આ કબજિયાતની સમસ્યામાંથી છુટકારો અપાવે છે. આ પાણી તમે રાત્રે પણ પી શકો છો. રાત્રે પાણી પીવું હોય તો સવારમાં પાણીમાં તલ પલાળી દો.

# વારંવાર પેટમાં થઈ રહી છે બળતરા અને ગેસ?

**એસિડિટીથી રાહત મેળવવા માટે નિયમિત ભોજન કરો, મસાલેદાર અને તળેલું ખાવાનું ટાળો, કેફીન અને કોલ્ડ ડ્રિંક્સથી દૂર રહો**



એસિડિટીથી રાહત મેળવવા માટે નિયમિત ભોજન કરો, મસાલેદાર અને તળેલું ખાવાનું ટાળો, કેફીન અને કોલ્ડ ડ્રિંક્સથી દૂર રહો, ફાઈબરયુક્ત આહાર લો અને પાણીની માત્રા વધારો. જો તમને વારંવાર એસિડિટી થાય છે અને રાહત મળતી નથી, તો તમારા ખોરાકમાં થોડો ફેરફાર કરીને આ સમસ્યાથી છુટકારો મેળવી શકાય છે. એસિડિટી સામાન્ય રીતે ખોટા ખોરાક અને અનિયમિત જીવનશૈલીના કારણે થાય છે. પરંતુ જો તમે તમારા દૈનિક ખોરાકની આદતોમાં થોડો ફેરફાર કરો, તો રાહત મેળવવી સરળ બની શકે છે. જાણો કેટલાક સરળ અને અસરકારક ટિપ્સ, જે એસિડિટીથી બચવામાં તમારી મદદ કરી શકે છે. દરરોજ એક નક્કી સમય પર ભોજન કરો. તમારા ખાવાના સમયને નક્કી કરો કે, ક્યારે ભોજન કરવું છે અને લાંબા સમય સુધી ભૂખ્યા ન રહો, કારણ કે આનાથી પેટમાં ગેસ થવાની સમસ્યા થઈ શકે છે. દર ૨થી ૩ કલાકે કંઈક હળવું અને પૌષ્ટિક જરૂર ખાઓ, જેથી પાચન યોગ્ય રહે. મસાલેદાર અને તળેલું ખાવાનું ટાળો. વધુ મસાલેદાર, તળેલું અથવા શેકેલું ખાવું ટાળો, કારણ કે તે એસિડિટી વધારી શકે છે. સારું રહેશે કે, તમે હળવું, ઉકાળેલું અને ઓછા મસાલાવાળું ખાવાનું કરો, જેથી પાચન યોગ્ય રહે અને એસિડિટી ન થાય. મસાલેદાર અને તળેલું ખાવાનું ટાળો. વધુ મસાલેદાર, તળેલું અથવા શેકેલું ખાવું ટાળો, કારણ કે તે એસિડિટી વધારી શકે છે. સારું રહેશે કે, તમે હળવું, ઉકાળેલું અને ઓછા મસાલાવાળું ખાવાનું કરો, જેથી પાચન યોગ્ય રહે અને એસિડિટી ન થાય. ફાઈબરયુક્ત આહાર લો. લીલા શાકભાજી, ફળ, સંપૂર્ણ અનાજ અને સલાડનું સેવન વધુ કરો, કારણ કે ફાઈબરયુક્ત આહાર પાચન શક્તિને સંતુલિત કરે છે. તમે કેળા, કાકડી, તરબૂચ અને નાળિયેર પાણીનું સેવન કરી શકો છો, જે આરોગ્ય માટે ફાયદાકારક હોય છે અને એસિડિટી ઘટાડવામાં મદદ કરે છે. પાણીની માત્રા વધારો. દિવસભર ઓછામાં ઓછા ૧૦થી ૧૫ ગ્લાસ પાણી જરૂર પીવો, કારણ કે તે શરીરમાંથી એસિડિટી વધારનાર તત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે. આ સાથે, તમે તુલસી અને આદુનું સેવન પણ કરી શકો છો, જે પાચનતંત્રને મજબૂત બનાવવામાં અને એસિડિટીથી રાહત અપાવવામાં અસરકારક હોય છે.

# રોજ પીવો આ લીલા પાનનો શરબત, શરીર રહેશે ઠંડુ, મળશે અનેક ફાયદા

**ગરમીમાં ઠંડા પીણાંની માંગ વધી જાય છે, પરંતુ, આરોગ્ય માટે શું સારું છે, તે જાણવું જરૂરી છે**





ગરમીમાં ઠંડા પીણાંની માંગ વધી જાય છે. પરંતુ, આરોગ્ય માટે શું સારું છે, તે જાણવું જરૂરી છે. નિષ્ણાતોનું માનવું છે કે બજારમાં મળતા કોલ્ડ ડ્રિંક્સ અને પેકેજડ જ્યુસની જગ્યાએ કુદરતી રીતે ઠંડક આપતા પીણાં વધુ ફાયદાકારક હોય છે. એવું જ એક આરોગ્યવર્ધક વિકલ્પ છે ફૂદીના અને તુલસીનું મિક્સ શરબત, જે ન માત્ર પીવામાં સ્વાદિષ્ટ હોય છે પરંતુ, આરોગ્ય માટે પણ લાભકારી છે. ફૂદીનો એક ઔષધીય છોડ છે, જેનો ઉપયોગ પ્રાચીન સમયથી આરોગ્ય લાભ માટે કરવામાં આવે છે. સહાયક બાગાયતી વિભાગના અધિકારી સોહાવલ સુધા પટેલે લોકલ ૧૮ને જણાવ્યું હતું કે, ફૂદીનામાં વિટામિન A, B, C, મેગ્નેશિયમ, ફાઈબર અને કૅલ્શિયમ જેવા પોષક તત્વો હોય છે, જે પાચન તંત્રને મજબૂત કરવામાં મદદ કરે છે. ગરમીમાં ઘણીવાર લોકોને ગેસ, અપચો, દસ્ત અને ઉલટી જેવી સમસ્યાઓ થાય છે, ત્યારે ફૂદીનાનું શરબત અથવા કાઢો આ સમસ્યાઓથી રાહત અપાવવામાં મદદ કરે છે. તુલસીને ભારતીય આયુર્વેદમાં વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. તે દરેક ઘરમાં સરળતાથી મળી જાય છે અને તેના ઔષધીય ગુણો માટે જાણીતી છે. તુલસીમાં રહેલા એન્ટીઓક્સિડન્ટ અને એન્ટી બેક્ટેરિયલ તત્વો રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. ગરમીમાં તુલસીનું સેવન કરવાથી શરીરની ગરમી ઘટે છે અને તાવ, ખાંસી જેવી સમસ્યાઓથી બચાવ થાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે ફૂદીના અને તુલસી બંનેનું મિક્સ શરબત, કાઢો અથવા ચટણીના રૂપમાં લેવાય તો વધુ સારું છે.ગરમીના દિવસોમાં ઠંડક મેળવવા માટે આ બંનેને મિક્સ કરીને શરબત બનાવવું સૌથી સરળ અને અસરકારક રીત છે. તમે ઈચ્છો તો તુલસી અને ફૂદીનાના પાન કાચા પણ ચાવી શકો છો. ડોક્ટર અને ન્યુટ્રિશનિસ્ટ પણ આ વાત પર ભાર મૂકે છે કે, ગરમીમાં શરીરને ઠંડક આપવા માટે કુદરતી પીણાંનો સેવન કરવો જોઈએ. કોલ્ડ ડ્રિંક્સ અને વધુ શુગરવાળા જ્યુસ શરીરને નુકસાન પહોંચાડી શકે છે. જ્યારે ફૂદીના અને તુલસીનું શરબત સંપૂર્ણ રીતે કુદરતી અને ફાયદાકારક હોય છે, તેથી આ વખતે ગરમીમાં આરોગ્યને ધ્યાનમાં રાખીને આ હર્બલ ડ્રિંકને તમારી ડાયેટમાં જરૂરથી સામેલ કરો.

## તંત્રી લેખ...

### રાજસ્થાનના ચાર વિદ્યાર્થીઓ હેલિકોપ્ટરથી પરીક્ષા આપવા પહોંચ્યા

ઉત્તરાખંડના ઘણા વિસ્તારોમાં વાદળ ફાટવાની અને ભૂસ્ખલનની ઘટના બની હતી. હાઈવે કે ટ્રેનની સેવા પણ ઠપ હોવાથી આવી પરિસ્થિતિમાં રાજસ્થાનના ચાર વિદ્યાર્થીઓએ મ.ઈદ્ધની પરીક્ષા આપવા હેલિકોપ્ટર ભાડે લઈ ઉત્તરાખંડના મનુસ્યારીમાં પરીક્ષા કેન્દ્ર પર પહોંચી બધાને આશ્ચર્યચકિત કર્યા હતા. વાત એવી છે કે રાજસ્થાનમાં બાલોતરા શહેરમાં રહેતા ઓમારામ જાટ, મંગારામ જાટ, પ્રકાશ ગોદારા અને નરપત કુમાર ઉત્તરાખંડની ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. તેમની ગવર્નમેન્ટ ડિગ્રી કોલેજમાં પરીક્ષા હતી. હલ્દ્વાની-પિથોરાગઢ અને ટનકપુર-પિથોરાગઢના રસ્તાઓ બંધ હોવાને કારણે કોઈ ટેક્સી ડ્રાઈવર તેમને ત્યાં લઈ જવા માટે તૈયાર નહોતા, જેથી આ વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર પર પહોંચવા એક ખાનગી કંપનીના હેલિકપ્ટરનો સહારો લેવો પડ્યો. ઓમારામ જાટે જણાવ્યું કે, ૩૧ ઓગસ્ટે જ્યારે અમે ઉત્તરાખંડ પહોંચ્યા, ત્યારે જાણવા મળ્યું કે મનસ્યારી જનાર બધા જ રસ્તા ભુસ્ખલનના કારણે બંધ છે. અમને તો લાગ્યું કે હવે અમે પરીક્ષા નહીં આપી શકીએ. પણ અમને અહીં હલ્દ્વાનીથી મનુસ્યારી વચ્ચે હેલિકોપ્ટરની સેવા આપતી કંપની વિશે જાણવા મળ્યું. જોકે તે પણ ખરાબ હવામાનને કારણે આ સેવા પણ અસ્થાઈ રૂપે બંધ કરવામાં આવી હતી. પણ અમે હેરિટેજ અવિએશનના ઝઈને વિનંતી કરી કે, અમે પરીક્ષા કેન્દ્ર સુધી નહીં પહોંચી શક્યા તો અમારું વર્ષ બરબાદ થઈ જશે. ઓમારામ જાટે વધુમાં જણાવ્યું કે, અમારી વિનંતી સ્વીકારીને કંપનીના ઝઈએ ૨ પાઈલટ્સ સાથે એક હેલિકોપ્ટર મોકલ્યું, જે અમને સુરક્ષિત રીતે મનુસ્યારી લઈ જઈને હલ્દ્વાની પાછા પણ લઈ આવ્યા હતા. જણાવી દઈએ કે, આ તમામે પરીક્ષા આપવા માટે હેલિકોપ્ટરનું ભાડું વ્યક્તિ દીઠ ૫૨૦૦ રૂપિયા ચૂકવ્યૂ હતું. ઓમારામ જાટે જણાવ્યું કે, ૩૧ ઓગસ્ટે જ્યારે અમે ઉત્તરાખંડ પહોંચ્યા, ત્યારે જાણવા મળ્યું કે મનસ્યારી જનાર બધા જ રસ્તા ભુસ્ખલનના કારણે બંધ છે. અમને તો લાગ્યું કે હવે અમે પરીક્ષા નહીં આપી શકીએ. પણ અમને અહીં હલ્દ્વાનીથી મનુસ્યારી વચ્ચે હેલિકોપ્ટરની સેવા આપતી કંપની વિશે જાણવા મળ્યું. જોકે તે પણ ખરાબ હવામાનને કારણે આ સેવા પણ અસ્થાઈ રૂપે બંધ કરવામાં આવી હતી. પણ અમે હેરિટેજ અવિએશનના ઝઈને વિનંતી કરી કે, અમે પરીક્ષા કેન્દ્ર સુધી નહીં પહોંચી શક્યા તો અમારું વર્ષ બરબાદ થઈ જશે. ઓમારામ જાટે વધુમાં જણાવ્યું કે, અમારી વિનંતી સ્વીકારીને કંપનીના ઝઈએ ૨ પાઈલટ્સ સાથે એક હેલિકોપ્ટર મોકલ્યું, જે અમને સુરક્ષિત રીતે મનુસ્યારી લઈ જઈને હલ્દ્વાની પાછા પણ લઈ આવ્યા હતા. જણાવી દઈએ કે, આ તમામે પરીક્ષા આપવા માટે હેલિકોપ્ટરનું ભાડું વ્યક્તિ દીઠ ૫૨૦૦ રૂપિયા ચૂકવ્યૂ હતું.

### એકવાર શહેરમાં અતિવૃષ્ટિને કારણે ઝૂંપડપટ્ટીમાં ખૂબ પાણી ભરાઈ ગયા

# શિક્ષક એટલે સમાજનાં અજ્ઞાન રુપી અંધકારને દૂર કરનારો એક દીવો!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શાળા છૂટી અને સરિતા પોતાના ઘરે ગઈ, રોજિંદુ કાર્ય પતાવ્યું, પણ સતત એનું મન વિચારતું હતું કે આ બાળક આટલું જવાબદાર કેમ લાગે છે? શું એના ઘરમાં કોઈ સમસ્યા હશે? દરેકને દરેક પ્રકારની સુવિધા મળે નહીં, એ બહુ સ્વાભાવિક છે.**

હમણાં જ શિક્ષક દિવસ ગયો અને આપણે ૫ સપ્ટેમ્બરે અન્ય લેખ વિષે લખ્યું હતું. એક સાચો શિક્ષક સમાજને માત્ર અક્ષરજ્ઞાન જ નથી આપતો! વિદ્યાર્થીઓનું જીવન ધ્યેય નક્કી કરવામાં તન, મન, ધનથી સહયોગી બની એને સફળતાની સીડીએ ચડાવે છે.

સરિતા આવી જ એક શિક્ષિકા હતી અને એ પોતાનાં વર્ગનાં વિદ્યાર્થીઓને ભણાવી રહી હતી! એની આદત હતી કે ખાસ દિવસને એ ખાસ રીતે સમજાવે જેથી કરીને વિદ્યાર્થીઓનાં મનમાં તે દિવસની લાક્ષણિકતા અંકિત થાય અને જિંદગીભરએ તેનું મહત્વ સમજે, અને જાળવી પણ શકે! આજે શિક્ષક દિન હતો, અને એણે બધાં વિદ્યાર્થીઓને આજનાં દિવસની ખાસિયત વિશે પૂછ્યું! આમ તો પ્રાથમિક શાળાનાં ત્રીજા ધોરણમાં ભણતાં વિદ્યાર્થીઓ ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણન વિશે જાણતા ન્હોય, એ એક સહજ વાત હતી. પરંતુ તે છતાં મુનીન્દ્ર નામનો એક વિદ્યાર્થી ઊભો થયો, અને એણે જણાવ્યું કે તારીખ ૫ સપ્ટેમ્બરને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે, કારણ કે આ દિવસે આપણા રાષ્ટ્રપતિ ડોક્ટર રાધાકૃષ્ણન સર્વપલ્લીનો જન્મદિવસ છે, અને એમણે પોતાનું જીવન એક સારા શિક્ષક તરીકે વિતાવ્યું હોવાથી એને શ્રદ્ધાંજલિ રૂપે આપણે આ દિવસ ઉજવીએ છીએ. સરિતા આચાર્યચકિત થઈ ગઈ કે ત્રીજા ધોરણમાં ભણતાં વિદ્યાર્થીને, એ પણ સાવ સામાન્ય સ્થિતિનાંને આટલું બધું જ્ઞાન!; આખાં ક્લાસે તાળી પાડીને તેની હોશિયારીને વધાવી, પોતે પણ એક પેન્સિલ રબર અને ચોકલેટ આપી તેની હોશિયારીનું અભિવાદન કર્યું. રિશેષ પડી અને બધાં જ છોકરાઓ પોત પોતાનું લંચ બોક્ષ લઈને નાસ્તો કરવા બહારનાં ભાગમાં ગયાં, પરંતુ મુનીન્દ્ર ક્લાસમાં એકલો બેઠો હતો અને એક મેગેઝીન જેવું કંઈક વાંચી રહ્યો હતો!; એ તેની નજીક ગઈ અને તેણે સહજતાથી પૂછ્યું કે તારે નાસ્તો નથી કરવો! એણે ટૂંકમાં જવાબ આપ્યો અને કહ્યું ના!; સરિતાએ ફરી કહ્યું કે તું લંચ બોક્ષ નથી લાવ્યો!; એણે ફરી ના પાડી, અને મેગેઝીન વાંચવામાં તલ્લીન થઈ ગયો. સરિતાએ કહ્યું તું શું વાંચે છે? એણે પોતે વાંચતો હતો એ મેગેઝીન દેખાડ્યું! સરિતા હાયર સ્ટડીની જનરલ નોલેજની બુકને આશ્ચર્યથી જોઈ રહી, અને પુછ્યુ કેમ તું આ બુક વાંચે છે? એણે કહ્યું કે મારે મોટા થઈને યુપીએસસીની પરીક્ષા આપવાની છે, અને એટલે હું અત્યારથી તૈયારી કરી રહ્યો છું. સરિતાએ નક્કી કર્યું કે, એ એના ઘરે જઈને આટલાં ટેલેન્ટેડ વિદ્યાર્થીને તરાસવા માટેની જરૂરી કરશે, જેથી કરીને એ પોતાનાં લક્ષ્ય સુધી પહોંચી શકે! કારણ કે એને પોતાને પણ કોઈએ આ રીતે જ મદદ કરી હતી, અને એટલે જ એ આજનાં મુકામ સુધી પહોંચી હતી.

શાળા છૂટી અને સરિતા પોતાના ઘરે ગઈ, રોજિંદુ કાર્ય પતાવ્યું, પણ સતત એનું મન વિચારતું હતું કે આ બાળક આટલું જવાબદાર કેમ લાગે છે? શું એના ઘરમાં કોઈ સમસ્યા હશે? દરેકને દરેક પ્રકારની સુવિધા મળે નહીં, એ બહુ સ્વાભાવિક છે. એને પણ એક સંતાન હતું, સૌમ્ય, અને બંને જણાં એનું ભવિષ્ય સવારમાં ખૂબ જ મહેનત કરતાં હતાં. શિક્ષણ માટે આજકાલનો યુગ હવે પ્રમાણમાં ઘણો સુધરી ગયો છે. પરંતુ આજથી ૪૦ વર્ષ પહેલાં દરેક વર્ગને દરેક વર્ણના લોકો શિક્ષણને એટલું મહત્વ આપતા નહીં, એને પોતાનો અતીત યાદ આવી ગયો. દીકરીનો જન્મ થયો હોવાથી પિતાએ માને ત્યાગી દીધી, અને બીજા લગ્ન કર્યા. મા નાનકડી એવી સરિતાને લઈને પોતાની માનાં ઘરે આવી ગઈ. બંને અભણ સ્ત્રીઓ સરિતાને ઉછેરવા માટે કઈ કેટલાય ઘરનાં કામ કરતી હતી, નાની હતી ત્યારે એટલે કે બાલમંદિર જવાના સમયે એ મા સાથે ઘરકામ કરવા જતી, અને સુબોધ ભાઈ, શાલીની બેનને પણ એના જેવડી જ નાની દીકરી હતી, એ તૈયાર થઈને બાલમંદિર જાય, ત્યારે એને પણ મન થતું. પરંતુ એ સમયે બાલમંદિર ફરજિયાત ન હોવાથી મા સમજાવતી કે તું મોટી થઈશ, એટલે તને પણ શાળાએ મોકલવાની જ છે. પણ એ પહેલા જ મા ગુજરી ગઈ! હવે તો ઘરડી નાની! ક્યાંથી લાવે રુપિયા.. ભાડું ભરી શકતા ન્હોતાં, એટલે ઘર પણ ખાલી કરાવ્યું, અને એક ઝૂંપડપટ્ટીમાં રહેવાં લાગ્યા.

એકવાર શહેરમાં અતિવૃષ્ટિને કારણે ઝૂંપડપટ્ટીમાં ખૂબ પાણી ભરાઈ ગયા. રોગચાળો ફાટી નીકળશે, એ દહેશતમાં ઝૂંપડા ખાલી કરાવ્યાં, અને ત્યાં સફાઈ તેમજ દવાનો છંટકાવ કરવા મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ આવી. કુતુહલવશ આ બધું જોઈને નાનીને નાના નાના સવાલો કરતી હતી. સફાઈ કામદારોને લઈને આવેલા એ ટીમમાંના એક સજ્જનનું મારી પરથી ધ્યાન હટતું નહોતું! અને એ હતાં પોતાના તારણહાર ભગીરથ અંકલ. એમણે મારી અને નાનીની વૃદ્ધાશ્રમમાં રહેવાની વ્યવસ્થા કરાવી, અને મને ભણવા બેસાડી. દર મહિને મળવા પણ આવતા, અને મને અભ્યાસમાં વધુને વધુ રુચિ થાય એ માટેના પ્રયત્ન કરતાં બુક્સ લાવતાં, નાની મોટી ભેટ સોગાદ પણ લાવતાં. નાની એમનો આભાર માનતા અને કહેતા સરિતાને ખૂબ ભણવું છે, એમણે નાનીને કહ્યું કે તમે જરાય ચિંતા કરતા નહીં, સરિતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે હું પૂરતી મહેનત કરીશ. પરંતુ કુદરતને કંઈક બીજું જ મંજુર હતું, અને નાની પણ એક દિવસ પોતાને છોડીને ચાલ્યા ગયાં, અને ત્યારે મારી ઉંમર ૧૧ વર્ષની હતી. હવે મને વૃદ્ધાશ્રમમાંથી અનાથ આશ્રમમાં ટ્રાન્સફર કરવાની હતી, અને જરૂરી કાગળિયા કરવા માટે ભગીરથ અંકલ આવી ગયાં! પરંતુ મહિલા આશ્રમનાં એક સજ્જને તેને અનાથ આશ્રમમાં ચાલતી ગેર પ્રવૃત્તિ વિશે સચેત કર્યા, અને કહ્યું કે આ એકદમ રુપાળી કુમળી કળી જેવી બાળકીને ત્યાં મૂકવામાં જોખમ છે. એમણે વૃદ્ધાશ્રમ વાળાં પાસે એક અઠવાડિયાનો સમય માગ્યો, અને પછી મને એમના બેનને ત્યાં લઈ આવ્યાં, જે નિઃસંતાન અને વિધવા હતાં. એમનાં બહેન એટલે સવિતા મા! મને જોતાં જ એમના હૃદયમાં વાત્સલ્યનું ઝરણું રહેવા લાગ્યું, અને આમ જન્મ પછી પ્રથમવાર ગર્ભ શ્રીમંત નહીં પરંતુ પ્રમાણમાં પૈસાદાર કહી શકાય એવા ઘરમાં મારો પ્રવેશ થયો. હું બીએ, બીએડ, એમ એ, એમ આગળ આગળ ભણતી ગઈ, અને સવિતા મા પણ આ સરિતાને આટલી મોટી સંપત્તિની એક માત્ર વારસદાર બનાવી ચાલ્યા ગયા! ભગીરથ અંકલ પણ પોતાની સંપત્તિ માંથી થોડો ભાગ પોતાને નામે કરીને ક્યારના જતાં રહ્યાં હતાં. પોતે એ રુપિયા માંથી આ સ્કૂલ બનાવી અને પોતાની જેમ જ આવું કાર્ય કરવા માંગતા સાગર સાથે લગ્ન કર્યા! બસ આ કારણથી પોતે મુનીન્દ્રને મળવા માંગતી હતી, અને એનાં જીવનમાં ભગીરથ અંકલ જેમ શિક્ષણની સરિતા બની વહેવા માંગતી હતી.

### ઘણા માણસોએ પ્રયત્ન કરી જોયા, બકરાને ખૂબ ખવડાવીને લાવે પણ બકરાને ઘાસ નાખે કે બકરો તે ખાવા ધસે જ

# સંસાર ઉપર વૈરાગ્ય લાવવા માટે જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિના દુઃખનો વિચારએ જ એક ઉપાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**એક રાજાને ત્યાં એક બકરો હતો. રાજાએ જાહેર કર્યું કે, આ બકરાને પેટ ભરીને જંગલમાંથી કોઈ ચરાવી લાવશે તેને હું મારું અડધું રાજ્ય આપીશ. જાહેરાત સાંભળી તરત એક મનુષ્ય રાજા પાસે આવ્યો. બકરાને પેટ ભરીને ચરાવવું એમાં શું મોટી વાત છે! એમ કહી રાજા પાસેથી તે બકરા ને ચરાવવા લઈ ગયો.**

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો જીવનાં બધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે.મન જો વિષયોમાં આસક્ત થાય તો તે બંધનનું કારણ બને છે અને એ જ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે.

ભગવાન શરીર જોતા નથી, ઘર જોતા નથી, ભગવાન કાળજું જુએ છે.મન મોટું હોય તો ભગવાન આવે છે. મનમાં રહેલી અહંતા-મમતા, પારકો-મારો જ મનને દુઃખી કરે છે અને તે મનના ધર્મો આત્મ સ્વરૂપમાં ભાસે છે, તેથી આત્મા પોતાને સુખી દુઃખી માને છે. પરંતુ વાસ્તવિક આત્મા તો આનંદરૂપ છે.



પાપ કરવાની કોઈને પ્રેરણા કરવી પડતી નથી, ત્યારે પુણ્ય કરવાની પ્રેરણા કરવી પડે છે. કારણ કે મન અધોગામી છે.મનુષ્યનું મન પાણી જેમ ઢાળ તરફ વહે છે જળની જેમ મન પણ અધોગામી એટલે નીચે જવાવાળા સ્વભાવનું છે. મનનો સ્વભાવ એવો છે કે ઊંચે ચડતું નથી,નીચે જાય છે.પણ આ મનને ઉપર ચડાવવાનું છે. પરમાત્માના ચરણ સુધી લઈ જવાનું છે. પાણીને યંત્રનો સંગ થાય તો પાણી ઊંચે ચડે છે. તેમ મંત્રના સંગથી મન ઊંચે ચડે છે. મનને મંત્રનો સંગ આપો. મનને મંત્રનો સંગ થાય તો અધોગતિ મન ઊર્ધ્વગામી બનશે. જેણે પોતાનું મન સુધાર્યું તે બીજાને સુધારી શકે છે. મનને સુધારવા બીજું સાધન નથી. મનને ઊલટું કરવાથી થશે નમ! નમ એટલે નમન-નમ્રતા દીનતા. નમ અને નામ મનને સુધારશે.માટે મનને સ્થિર કરવા નામ જપની આવશ્યકતા છે. જપથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે. માટે કોઈ મંત્રનો જાપ કરો. સંસારના વિષયોના સંગથી બગડેલું મન ઈશ્વરનું ધ્યાન કરવાથી સુધરે છે.સર્વના અંતરમાં પરમાત્મા રહેલા છે, તેમ છતાં તે સર્વનાં દુઃખ દૂર કરતા નથી તેમ અંદર બિરાજી રહેલા ચૈતન્યરૂપ પરમાત્મા મન બુદ્ધિને પ્રકાશ આપે છે.ભગવાનનું સ્વરૂપ એવું તેજોમય છેકે આપણા જેવા સાધારણ જીવો તે જોઈ શકે નહીં.ભગવાનનું સગુણ સ્વરૂપ તેજોમય હોવાથી જોઈ શકાતું નથી, તેથી આપણા જેવા માટે તો ભગવાનનું નામ સ્વરૂપ, મંત્ર સ્વરૂપ ઈષ્ટ છે. ભગવાન ભલે પોતાના સ્વરૂપને છુપાવી શકે પણ નામને છુપાવી શકતા નથી. સ્વરૂપ પ્રગટ છે માટે પરમાત્માના કોઈ નામનો દૃઢ આશ્રય કરો.મન લૌકિકવાસનાથી બગડ્યું છે તે અલૌકિક વાસના જાગશે તો સુધરશે. કાંટાથી કાંટો નીકળે તેમ વાસનાનો નાશ વાસનાથી જ કરવો પડે છે. લૌકિક વાસના અલૌકિક વાસનાથી જ નીકળે છે. અસદ્ વાસનાનો વિનાશ સદ્વાસનાથી થાય છે.મારે જન્મ મરણ ફેરામાંથી મુક્ત થવું છે. મારે ગોલોક ધામમાં જવું છે. મારે આ જન્મમાં પરમાત્માનાં દર્શન કરવાં છે.આવી ભાવના રાખો તો લૌકિક વાસના માં ફસાયેલું મન સુધરે છે. ફિલ્મ જોવાની વાસના કાઢવી હોય તો પરીક્ષામાં પહેલેનંબરે પાસથવાની ઈચ્છા રાખવી. એવી ઈચ્છાથી પુસ્તક સંગ લાગશે. પુસ્તક સંગ થી ફિલ્મ જોવાની ઈચ્છા છૂટી જશે. વેરથી વેર નથી શમતું પણ પ્રેમથી વેર શમે છે તે આ જ પ્રમાણે.

એક રાજાને ત્યાં એક બકરો હતો. રાજાએ જાહેર કર્યું કે, આ બકરાને પેટ ભરીને જંગલમાંથી કોઈ ચરાવી લાવશે તેને હું મારું અડધું રાજ્ય આપીશ. જાહેરાત સાંભળી તરત એક મનુષ્ય રાજા પાસે આવ્યો. બકરાને પેટ ભરીને ચરાવવું એમાં શું મોટી વાત છે! એમ કહી રાજા પાસેથી તે બકરા ને ચરાવવા લઈ ગયો. તેણે આખો દિવસ સુંદર સુંદર ઘાસ બકરાને ખવડાવ્યું પછી સાંજના તે મનુષ્ય બકરાને રાજા પાસે લાવ્યો. રાજાએ થોડું લીલું લીલું ઘાસ બકરા પાસે મૂક્યું છે. બકરો ઘાસ ખાવા લાગ્યો. રાજાએ પેલા મનુષ્યને કહ્યું કે,તેં ક્યાં પેટ ભરીને ખવડાવ્યું છે?પેટ ભરીને ખવડાવ્યું હોત તો તે ઘાસ ખાત જ નહીં.

ઘણા માણસોએ પ્રયત્ન કરી જોયા,બકરાને ખૂબ ખવડાવીને લાવે પણ બકરાને ઘાસ નાખે કે બકરો તે ખાવા ધસે જ.

એક સત્સંગીને લાગ્યું કે, રાજાની આ જાહેરાત પાછળ જરૂર કંઈક રહસ્ય છે.હું યુક્તિથી કામ લઈશ તે બકરાને ચરાવવા લઈ ગયો. બકરા ઘાસ ખાવા જાય કે તરત તેના મોઢા ઉપરએ લાકડીનો ફટકો મારે.બકરાએ જેટલી વખત ઘાસ ખાવાનો પ્રયત્ન કર્યો તેટલી વખત લાકડી ના ફટકા મોઢા ઉપર પડ્યા.અંતે બકરાને ઠસી ગયું કે, ઘાસમાં મુખ નાખીશ તો મને માર પડશે.

સાંજના સત્સંગી બકરાને લઈ રાજા પાસે આવ્યો.

રાજાએ બકરાને ઘાસ ખાવા નાખ્યું. પણ બકરાએ ઘાસ તરફ જોયું સુદ્ધાં નહીં. તેને બીક હતી કે ઘાસ ખાવા જઈશ તો માર પડશે. એ બકરો તે આપણું મન. બકરાને ઘાસ ચરાવવા લઈ જનારો જીવાત્મા રાજા એ પરમાત્મા. મનને મારો, તેના ઉપર અંકુશ રાખો. મનને વિવેકરૂપી લાકડી રોજ મારો. મન અહંતા-મમતાથી ભરેલું છે. મન માગે ત્યારે મનને વિવેકરૂપી લાકડી મારશો, તો તે વશ થશે.

રામદાસ સ્વામીએ મનને બોધ આપ્યો છે.દૃઢ વૈરાગ્ય,તીવ્ર ભક્તિ અને યમનિયમાદિના અભ્યાસથી ચિત્ત વશ થાય અને સ્થિર થાય છે, અને છેવટે પ્રકૃતિ ધીમે ધીમે અદૃશ્ય થાય છે. સંસાર ઉપર વૈરાગ્ય લાવવા માટે જન્મ, મૃત્યુ, જરા,વ્યાધિના દુઃખનો વિચાર એ જ એક ઉપાય છે.આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે એક જ્ઞાનમાર્ગ અને બીજો ભક્તિ માર્ગ.જ્ઞાનમાર્ગ કહે છેકે,સર્વ છોડીને પરમાત્માપાછળ પડો.વૈરાગ્ય વગર જ્ઞાન મળતુંનથી જ્ઞાનમાર્ગમાં વૈરાગ્ય મુખ્ય છે.જ્ઞાન માર્ગમાં બધું છોડી દેવાનું છે. જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે. જ્ઞાન માર્ગમાં ત્યાગ મુખ્ય છે.

ભક્તિમાર્ગ કહે છેકે,સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું.ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે.ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી.એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા. ભગવાન સૂતેલા છે.લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટો દેવ કોણ કહે?આવેલા પરીક્ષા કરવા એટલે એકદમ આવીને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિએ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહેછે,મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ. તમારાં ચરણને દુઃખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે? પણ માતાજીને જરા ખોટું લાગ્યું. આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી. તેથી માતાજીએ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણે ભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે.જ્ઞાનીઓ માને છે કે,આ શરીર નો સંબંધ થયો એટલે દુઃખ આવ્યું એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી.પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો.સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો. સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો.સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વર નેઅર્પણ કરી સર્વ કર્મ ફળનો ત્યાગ કરો. ભક્તિમાર્ગ કહે છેકે,સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું.ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે.ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી.એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા. ભગવાન સૂતેલા છે.લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટો દેવ કોણ કહે?આવેલા પરીક્ષા કરવા એટલે એકદમ આવીને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિએ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહેછે,મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ. તમારાં ચરણને દુઃખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે? પણ માતાજીને જરા ખોટું લાગ્યું. આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી.તેથી માતાજીએ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણે ભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે.જ્ઞાનીઓ માને છે કે,આ શરીર નો સંબંધ થયો એટલે દુઃખ આવ્યું એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી.પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો.સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો. સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો.સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વર નેઅર્પણ કરી સર્વ કર્મ ફળનો ત્યાગ કરો. દરેકમાં મમતા-મારાપણુંએ સમર્પણ માર્ગ. અમુકમાં જ મમતા એ સ્વાર્થ માર્ગ. આજે આ બધાં સ્વાર્થમાર્ગી બન્યા છે.સંસારમાંથી જે ન જાગે તેને કનૈયો મળતોનથી , ત્યારે જાગ્યો કોણ કહેવાય? જે મનથી વિષયસુખનો ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે તે. તુલસીદાસજી કહે છે, જ્યારે સઘળા વિષય-વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગતમાં જાગ્યો છે.

સંજયે ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટના સંબંધમાં પાંચ વર્ષ જેલમાં વિતાવ્યા હતા

# ડબલ મર્ડરના આરોપીએ જેલમાં સંજય દત્તના ગળા પર અસ્ત્રો મૂકી દીધો હતો



સંજય દત્તે તાજેતરમાં તેના નજીકના મિત્ર સુનીલ શેટ્ટી સાથે શોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન સંજુ બાબાએ તેના જેલના દિવસો વિશે વાત કરી. ખરેખર સંજયે ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટના સંબંધમાં પાંચ વર્ષ જેલમાં વિતાવ્યા હતા. ૬૬ વર્ષીય સ્ટારે જેલના સળિયા પાછળની તેની ભયાનક વાર્તા જાહેર કરી. તે સાંભળીને બધા ચોંકી ગયા.શો દરમિયાન, સંજય દત્તે જણાવ્યું કે એક વખત જેલ સુપરિન્ટેન્ડેન્ટે તેમને તેમની વધેલી દાઢી મુંડન કરવાનું કહ્યું અને આ કામ મિશ્રા નામના કેદીને સોંપ્યું. સંજય દત્તે મિશ્રાને પૂછ્યું કે તે કેટલો સમય જેલમાં છે, અને મિશ્રાએ જવાબ આપ્યો કે ૧૫ વર્ષ થઈ ગયા છે. દત્તે આગળ કહ્યું, ''આ સમય સુધીમાં, તેનો અસ્ત્રો મારી ગરદન સુધી પહોંચી ગયો હતો. મેં તેને પૂછ્યું કે તે કયા ગુના માટે જેલમાં છે, અને તેણે જવાબ આપ્યો 'ડબલ મર્ડર', મેં તરત જ તેનો હાથ પકડીને તેને રોક્યો. સંજય દત્તે જણાવ્યું કે જેલમાં હતા ત્યારે તેઓ ફર્નિચર અને કાગળની થેલીઓ પણ બનાવતા હતા, આ કામ માટે તેમને પગાર પણ મળતો હતો. આ ઉપરાંત, તેમણે તેમના સાથી કેદીઓ માટે રેડિયો વાયસીપી શરૂ કરી. તેઓ સાથી કેદીઓ સાથે સ્ક્રિપ્ટો પણ લખતા હતા. તેમણે જણાવ્યું કે તેમણે જેલમાં એક નાટક કંપની પણ બનાવી હતી જેના તેઓ ડિરેક્ટર હતા.સંજયે કહ્યું કે તેને તેના જીવનની ઘટનાઓનો કોઈ અફસોસ નથી, સિવાય કે તેણે તેના માતાપિતા, સુનીલ દત્ત અને નરગીસ દત્તને ખૂબ જ વહેલા ગુમાવ્યા. તેણે કબૂલ્યું કે તે તેમને ખૂબ યાદ કરે છે. સુનીલ દત્તનું ૨૦૦૫ માં બાંદ્રા સ્થિત તેમના ઘરે ૭૫ વર્ષની ઉંમરે ઊંઘમાં હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું, જ્યારે નરગીસનું ૧૯૮૧ માં સ્વાદુપિંડના કેન્સરથી મૃત્યુ થયું હતું, તે સમયે સંજય દત્તની પહેલી ફિલ્મ રોકી રિલીઝ થવાની હતી.સંજય દત્તના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેતાએ તાજેતરમાં ટાઈગર શ્રોફ સાથે બાગી ૪ રિલીઝ કરી છે. આ ફિલ્મમાં, સંજય ખલનાયકની ભૂમિકામાં ધમાકેદાર ભૂમિકા ભજવી રહ્યો છે. અગાઉ, અભિનેતા હાઉસફુલ ૫ અને ધ ભૂતનીમાં જોવા મળ્યો હતો. અભિનેતા પાસે ઘણા આગામી પ્રોજેક્ટ્સ છે.

દબંગ ડિરેક્ટર અભિનવ કશ્યપના નિવેદનથી હોબાળો

# 'સલમાન ગુંડો છે, તેને સેલિબ્રિટી બનવામાં જ રસ'


**અભિનવ ફિલમ દબંગના દિગ્દર્શક હતા, આ ફિલ્મના બે વધુ ભાગ રિલીઝ થયા છે જેનો પહેલો ભાગ ૨૦૧૨ માં રિલીઝ થયો હતો**



ફિલ્મ દબંગના ડિરેક્ટર અભિનવ કશ્યપે સલમાન ખાન વિશે ઘણી વાતો કહી છે. તેમણે સલમાનની ટીકા કરી છે અને કહ્યું છે કે સલમાન સારો વ્યક્તિ નથી. અભિનવે પણ સલમાનના પરિવાર વિશે પ્રતિક્રિયા આપી.તેમણે સલમાન ખાનને ગુંડા, ખરાબ વ્યક્તિ પણ કહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે સલમાન ખાનને અભિનયમાં રસ નથી. અભિનવે સલમાન ખાન સાથે કામ કર્યું હતું. તેમણે સલમાનની ફિલ્મ દબંગનું દિગ્દર્શન કર્યું હતું.અભિનવે કહ્યું, 'સલમાન ક્યારેય સામેલ થતો નથી. તેમને અભિનયમાં પણ રસ નથી અને છેલ્લા ૨૫ વર્ષથી નથી. તેઓ કામ પર આવીને ઉપકાર કરે છે. તેમને સેલિબ્રિટી બનવાની શક્તિમાં વધુ રસ છે. પરંતુ તેમને અભિનયમાં કોઈ રસ નથી. તેઓ ગુંડા છે. દબંગ પહેલા મને આ વિશે ખબર નહોતી. સલમાન અસભ્ય છે. તેઓ ગંદા વ્યક્તિ છે.'વધુમાં, અભિનવે સલમાન ખાનના પરિવારની પણ ટીકા કરી. તેમણે કહ્યું, 'સલમાન ખાન બોલિવૂડમાં સ્ટાર સિસ્ટમનો પિતા છે. તેઓ એક એવા ફિલ્મ પરિવારમાંથી આવે છે જે ૫૦ વર્ષથી ઉદ્યોગમાં છે. સલમાન તેને આગળ લઈ જઈ રહ્યો છે.' તેઓ સજા કરનારા છે. તેઓ આખી પ્રક્રિયાને નિયંત્રિત કરે છે. જો તમે તેમની સાથે સહમત ન હોવ તો તેઓ તમારો પીછો કરે છે.અભિનવ દબંગના દિગ્દર્શક હતા. દબંગને ખૂબ પસંદ કરવામાં આવ્યું હતું. સોનાક્ષી સિંહાએ આ ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. મલાઈકા અરોરાએ ફિલ્મમાં એક આઈટમ નંબર કર્યો હતો. અરબાઝ ખાને તેનું નિર્માણ કર્યું હતું. ફિલ્મમાં સોનુ સૂદ વિલનની ભૂમિકામાં હતા. ડિમ્પલ કાપડિયા, ઓમ પુરી, અનુપમ ખેર અને મહેશ માંજરેકર જેવા સ્ટાર્સ પણ હતા. આ ફિલ્મના બે વધુ ભાગ રિલીઝ થયા છે. પહેલો ભાગ ૨૦૧૨ માં રિલીઝ થયો હતો. બીજો ભાગ ૨૦૧૯ માં રિલીઝ થયો હતો. અરબાઝ ખાને તેનું નિર્માણ કર્યું હતું. ફિલ્મમાં સોનુ સૂદ વિલનની ભૂમિકામાં હતા. ડિમ્પલ કાપડિયા, ઓમ પુરી, અનુપમ ખેર અને મહેશ માંજરેકર જેવા સ્ટાર્સ પણ હતા.આ ફિલ્મના બે વધુ ભાગ રિલીઝ થયા છે.

# 'ક્રિશ ૪' ૨૦૨૭માં રિલીઝ કરવાનો રાકેશ રોશનનો સંકેત

જ્યારથી રાકેશ રોશને ખાતરી આપી કે 'ક્રિશ ૪' બનવા જઈ રહી છે, ત્યારથી ચાહકો ખુશ થઈ ગયાં છે. તાજેતરમાં, તેમણે ખુલાસો કર્યો કે આ વખતે તેમનો દિકરો



રિતિક રોશન ફિલ્મનું ડિરેક્શન કરવા જઈ રહ્યો તેનાથી રિતિકના ચાહકો વધુ ઉત્સાહીત છે, સાથે હવે દરેકના મનમાં એક પ્રશ્ન છેઃ શૂટિંગ ક્યારે શરૂ થશે?રાકેશ રોશને તેમના ૭૬મા જન્મદિવસ પર એક ઈન્ટરવ્યૂમાં વાત કરતા, રાકેશ રોશને 'ક્રિશ ૪' વિશે એક અપડેટ શેર કરી છે. રાકેશ રોશન તેમની ફિલ્મનું શૂટિંગ શરૂ થાય તે પહેલાં વિગતવાર પ્રોડક્શન પ્લાન બનાવવા માટે જાણીતા છે અને 'ક્રિશ ૪' પણ તેમાં અપવાદ નથી. રાકેશ રોશને ખુલાસો કર્યો કે સ્ક્રિપ્ટ લખવામાં વધારે સમય લાગ્યો ન હતો, પરંતુ બજેટનું દબાણ હતું. ''હવે જ્યારે અમને આ ફિલ્મ માટે જરૂરી ચોક્કસ બજેટનો ખ્યાલ આવી ગયો છે, તો અમે ફિલ્મ શરૂ કરીશું.''તેમણે વધુમાં જણાવ્યું કે 'ક્રિશ ૪' પર કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે અને ટીમ આવતા વર્ષના અંત સુધીમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. આનું કારણ એ છે કે આ ફિલ્મમાં પ્રી-પ્રોડક્શન ઘણું મહત્વનું છે. તેથી, ફ્લોર પર જતાં પહેલા અમારે સારી રીતે તૈયારી કરવી પડશે.''જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું શૂટિંગ ૨૦૨૬ના અંત સુધી ચાલશે, ત્યારે તેમણે હામાં જવાબ આપ્યો. રાકેશ રોશને જવાબ આપ્યો કે, ''અમે તેને ૨૦૨૭માં રિલીઝ કરવાનું વિચારી રહ્યા છીએ.''અગાઉ, રાકેશ રોશનને પૂછવામાં આવ્યું હતું કે બીજી ક્રિશ ફિલ્મ પર કામ ચાલી રહ્યું છે કે નહીં. જવાબમાં, તેમણે શેર કર્યું કે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત થવી જોઈએ. તેમણે કહેલું, ''હા, તે હવે લગભગ તૈયાર છે. હું ખૂબ જ ટૂંક સમયમાં જાહેરાત કરીશ.''

'આલ્ફા' ૨૫ ડિસેમ્બરે રિલીઝ થશે


# શર્વરી વાઘ આલિયા ભટ્ટ સામે બરાબર ટક્કર ઝીલશે

**આ ફિલ્મ દ્વારા, બોબી દેઓલ પહેલીવાર આ યુનિવર્સમાં જોડાઈ રહ્યો છે. તે એક ભયાનક વિલનની ભૂમિકામાં હશે**



વર્ષ ૨૦૨૫ ના બાકીના મહિનામાં ઘણી મોટી ફિલ્મો રિલીઝ થવા જઈ રહી છે. જેમાંથી એક સ્પાય યુનિવર્સની આગામી ફિલ્મ છે. 'આલ્ફા'માં આલિયા ભટ્ટ સાથે શર્વરી વાઘ જોવા મળશે. ફિલ્મમાં બોબી દેઓલ વિલનનો રોલ કરી રહ્યા છે. જેની એક ઝલક ઋતિક રોશનની 'વોર ૨'માં જોવા મળી હતી. દરમિયાન, શર્વરી વાઘે ફિલ્મ વિશે એક શાનદાર અપડેટ આપ્યું છે. 'વોર ૨' ની નિષ્ફળતા પછી, હવે બધી આશાઓ આલિયા ભટ્ટ અને શર્વરીની ફિલ્મ પર રથી છે.તાજેતરમાં જ શર્વરી વાઘે ઈબ્રાહિમ સાથે રેમ્પ વોક કર્યું. આ દરમિયાન, તેણીએ તેના ડિઝાઈનર સાથે ફિલ્મ વિશે પણ વાત કરી છે. ખરેખર, અભિનેત્રી ઘણી મોટી ફિલ્મોમાં સતત દેખાઈ છે. જેમાંથી એક આ પ્રોજેક્ટ છે. તે લાંબા સમયથી આ માટે તૈયારી કરી રહી છે.શર્વરી વાઘે તાજેતરમાં જ તેની આગામી ફિલ્મ વિશે માહિતી આપી હતી. તે કહેતી જોવા મળી હતી કે તેની 'આલ્ફા' ૨૫ ડિસેમ્બરે આવી રહી છે. તે તેના માટે ખૂબ જ ઉત્સાહિત છે. તે હાલમાં ફિલ્મની તૈયારીમાં વ્યસ્ત છે. તે જ સમયે, અભિનેત્રી હાલમાં શિવ રવૈલના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મ માટે તાલીમ લઈ રહી છે. એક્શન શરૂ કરતા પહેલા તેણે ઘણી તૈયારી કરવી પડશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે અને આલિયા ભટ્ટ સમાન ભૂમિકાઓમાં હશે. પરંતુ શર્વરી વાઘ જે રીતે તૈયારી કરી રહ્યા છે, તેનાથી અપેક્ષા રાખવામાં આવે છે કે તે આલિયા ભટ્ટને પાછળ છોડી શકે છે.ખરેખર, જો શર્વરી વાઘને ટાઈગર-પઠાણના માર્ગે ચાલવું હોય, તો તેણે પોતાના અભિનયથી બધાને પ્રભાવિત કરવા પડશે. વાયઆરએફ સ્પાય યુનિવર્સ ટાઈગર અને પઠાણ માટે જાણીતું છે. બીજી કેટલીક ફિલ્મો પણ રિલીઝ થઈ છે. પરંતુ કારણ કે આ પહેલી મહિલા જાસૂસ ફિલ્મ છે. તેથી અપેક્ષાઓ પણ વધારે છે. શર્વરી વાઘે પોતાના રોલ વિશે વધુ કંઈ કહ્યું નહીં. પરંતુ અભિનેત્રીએ કહ્યું છે કે ફિલ્મનું પ્રમોશન શરૂ થતાંની સાથે જ તે રોલ વિશે વધુ માહિતી આપી શકશે.આ ફિલ્મ દ્વારા, બોબી દેઓલ પહેલીવાર આ યુનિવર્સમાં જોડાઈ રહ્યો છે. તે એક ભયાનક વિલનની ભૂમિકામાં હશે. જેની પાસેથી અપેક્ષાઓ પણ વધારે છે. તે જોવાનું બાકી છે કે તે પોતાની ભૂમિકાથી બધાને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે. શું તે આ બ્રહ્માંડનો વિલન બની શકશે, જેને અંતે બધા હીરો સામે લડવાની તક મળશે. જો આવું થાય, તો તે તેના માટે એક મોટી તક હશે.

# અજય દેવગણની ફિલ્મ ધમાલ ફોરનું શૂટિંગ પૂર્ણ થયું



અજય દેવગણની ફિલ્મ 'ધમાલ ફોર'નું શૂટિંગ પૂર્ણ કરી દેવામાં આવ્યું હોવાની નિર્માતા દ્વારા જાહેરાત કરાઈ છે. હવે આ ફિલ્મનું પોસ્ટ પ્રોડક્શન કામ ચાલુ થયું છે. આવતાં વર્ષે ઈદ વખતે આ ફિલ્મ રીલિઝ કરવાનું પ્લાનિંગ છે. ફિલ્મમાં અજય દેવગણ સાથે અર્શદ વારસી, રિતેશ દેશમુખ તથા જાવેદ જાફરી સહિતના કલાકારો રીપિટ થયા છે. આ ઉપરાંત રવિ કિશન, સંજય મિશ્રા, ઈશા ગુપ્તા, સંજીદા શેખ સહિતના કેટલાય કલાકારોનો કાફલો તેમાં કામ કરી રહ્યો છે. ઈન્દ્ર કુમાર ઈરાનીએ ફિલ્મનું દિગ્દર્શન કર્યુ છે. આ ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મ 'ધમાલ' ૨૦૦૭માં રજૂ થઈ હતી. તે પછી ૨૦૦૯માં 'ડબલ ધમાલ' તથા ૨૦૧૯માં 'ટોટલ ધમાલ' ફિલ્મો આવી હતી. મૂળ એક અમેરિકી કોમેડી ફિલ્મનો આઈડિયા તફડાવી તેના આધારે આ ફ્રેન્ચાઈઝી ફિલ્મો બનાવવામાં આવી છે. આ ઉપરાંત રવિ કિશન, સંજય મિશ્રા, ઈશા ગુપ્તા, સંજીદા શેખ સહિતના કેટલાય કલાકારોનો કાફલો તેમાં કામ કરી રહ્યો છે. ઈન્દ્ર કુમાર ઈરાનીએ ફિલ્મનું દિગ્દર્શન કર્યુ છે. આ ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મ 'ધમાલ' ૨૦૦૭માં રજૂ થઈ હતી. તે પછી ૨૦૦૯માં 'ડબલ ધમાલ' તથા ૨૦૧૯માં 'ટોટલ ધમાલ' ફિલ્મો આવી હતી. મૂળ એક અમેરિકી કોમેડી ફિલ્મનો આઈડિયા તફડાવી તેના આધારે આ ફ્રેન્ચાઈઝી ફિલ્મો બનાવવામાં આવી છે.

અનન્યાએ સિક્વલમાં વધુ ગ્લેમર, ડ્રામા અને ટ્વિસ્ટ હોવાની વાત કરી


# અનન્યા પાંડેની સિરીઝ 'કોલ મી બે'માં નવો હિરો ઉમેરાશે



અનન્યા પાંડેની વખણાયેલી વેબ સિરીઝ 'કોલ મી બૅ'ની સીઝની આવી રહી છે, તે અંગે તેણે થોડા વખત પહેલાં જ તેના ફૅન્સને પ્રોમિસ આપી દીધું હતું. હવે તેણે આ સિરીઝની બીજી સીઝન વિશે થોડી એવી માહિતી આપી છે કે, તેના ફૅન્સ વધુ ઉત્સુક થયાં છે. તાજેતરમાં એક પોડકાસ્ટ પર અનન્યાએ કહ્યું કે, નવી સીઝનનું શૂટિંગ ઓક્ટોબરમાં શરૂ થશે, જ્યારે બેલા ચૌધરી ઉર્ફે બૅની વાર્તામાં ફેશન અને ડ્રામાની નવી સફરનો પણ ઉલ્લેખ કર્યો હતો.એમેઝોન પ્રાઈમની આ સિરીઝ સાથે ડિજિટલ ડેબ્યૂ કરનારી અનન્યાએ વાત કરી કે બીજી સીઝન સ્ટાઈલ અને ફેશનનો ડબલ ડોઝ લઈને આવશે. આ સિરીઝની ફેશન અને સ્ટાઈલ પહેલી સીઝનમાં પણ વખણાઈ હતી. અનન્યાએ કહ્યું, ''અમે હવે ઓક્ટોબરમાં બીજી સીઝનનું શૂટિંગ કરી રહ્યા છીએ. તેથી હું હવે તે જોવા માટે ખૂબ જ ઉત્સાહિત છું કે તેની આગામી સફર કેવી હશે.'' નવી વાર્તામાં ફેશન કેવી રીતે કેન્દ્રમાં હશે તે અંગે વિસ્તારથી વાત કરતાં, અનન્યાએ કહ્યું, ''મને લાગે છે કે આ સિઝનમાં ફેશન એક મોટી બાબત હશે. મને એવું લાગે છે, જોકે મેં હજુ સુધી બેસીને સ્ક્રિપ્ટ સાંભળી નથી કે આગામી સિઝનમાં શું હશે. પરંતુ હું જાણું છું કે તેઓ ફેશન સાથે ઘણું બધું કરી રહ્યા છે. તેથી આ સિરીઝમાં ફેશન એક મહત્વનું એલિમેન્ટ હશે. હા, હવે બૅ બોમ્બેમાં રહે છે. તેથી હવે તે મુંબઈમાં કઈ રીતે સેટ થાય, એવી કોઈ સ્ટોરી નહીં હોય.''આ શોની પહેલી સીઝન એક આતુરતાના વળાંક સાથે અટકી હતી, તેના ચાહકોને બૅના રોમેન્ટિક ભવિષ્ય વિશે અનુમાન લગાવવા માટે છોડી દીધા હતા. અનન્યાએ આ અંગે એક મોટો સંકેત આપ્યો, જેમાં ખુલાસો થયો કે પ્રેમ અને સંબંધો આ સિરીઝમાં એક મુખ્ય થીમ હશે. અનન્યાએ કહ્યું, ''હવે તે આખરે સ્થાયી થઈ ગઈ છે અને એક પાડવ પાર કરી લીધો છે. તેથી, મને લાગે છે કે બે છોકરાઓ વચ્ચે પસંદગી કરવી એ એક મોટી બાબત હશે. કદાચ કોઈ નવો છોકરો હશે. મને લાગે છે કે તેમાં મજા આવશે.'' અનન્યાએ નવા કલાકારો અથવા આ સીઝન વિશે સ્પષ્ટતા કરવાનું ટાળ્યું હતું, પરંતુ 'કોલ મી બૅ ૨' પર કામ ચાલી રહ્યું છે તેની તેણે પહેલાથી જ ભારે ચર્ચા જગાવી છે. રમુજ, રોમાંસ અને હાઈ ફેશન અને બ્યૂટીનું સંયોજન ધરાવતી આ સિરીઝ, મુંબઈની અફરાતફરીમાં પોતાનો રસ્તો બનાવતી દિલ્હીની સમૃદ્ધ પરિવારની બૅના જીવન પરના તેના નવા અભિગમ માટે વખણાઈ હતી.

# અભિનેત્રીએ ઓસ્ટ્રેલિયામાં આપવો પડ્યો રૂપિયા ૧.૧૪ લાખનો દંડ

**મલયાલમ અભિનેત્રી નવ્યા નાયરનો જન્મ ૧૪ ઓક્ટોબર ૧૯૮૫માં કેરલાના અલ્લેપ્પી જિલ્લાના એક ગામમાં થયો હતો**



મલયાલમ સિનેમાની જાણીતી અભિનેત્રી નવ્યા નાયર હાલમાં ચર્ચામાં છે. વાત એવી છે કે ઓસ્ટ્રેલિયા એરપોર્ટ પર તેને લાખો રૂપિયાનો દંડ ભરવો પડ્યો છે. તેણે આ વાતનો ખુલાસો પોતે કર્યો છે કે ઓનમ ઈવેન્ટની ઉજવણી માટે તે વિદેશ ગઈ હતી અને તેના બેગમાં વાળમાં પહેરવાનો ગજરો હતો. જેના કારણે તેણે લાખોનો દંડ ભરવો પડ્યો. ચાલો જાણીએ આ અભિનેત્રી કોણ છે? જે આ ઘટનાને કારણે ચર્ચામાં આવી હતી. બેગમાં ગજરો રાખવો ભારે પડ્યોઓસ્ટ્રેલિયાના મેલબર્નમાં શુકવારે વિક્ટોરિયા મલયાલી એસોસિએશન દ્વારા ઓનમ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં જોડાવા અભિનેત્રી નવ્યા મેલબર્ન ગઈ હતી. પણ તેને એરપોર્ટ પર અધિકારીઓએ ઉભી રાખી હતી. તેના બેગમાંથી અંદાજે ૧૫ સેંટીમીટર ચમેલીના ફૂલ મળ્યા. જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયાના કડક જૈવ સુરક્ષા અને કસ્ટમ કાયદા હેઠળ, તાજા ફૂલ અને છોડને ઈમ્પોર્ટ કરવું ગેરકાયદે છે. કારણકે તે ખેતી અને પર્યાવરણ માટે ગંભીર જોખમ ઉભી કરી શકે છે, એટલે ઑસ્ટ્રેલિયાના કૃષિ વિભાગે એક્ટ્રેસ પર ૧૯૮૦ ડોલર (અંદાજે ૧.૧૪ લાખ રૂપિયા)નો દંડ વસૂલ્યો છેમલયાલમ અભિનેત્રી નવ્યા નાયરનો જન્મ ૧૪ ઑક્ટોબર ૧૯૮૫માં કેરલાના અલ્લેપ્પી જિલ્લાના એક ગામમાં થયો હતો. તેના પિતા દૂરસંચારના કર્મચારી હતા, ત્યારે તેની માતા એક સ્કૂલની શિક્ષકા હતી. નવ્યાએ સ્કૂલનો અભ્યાસ પૂર્ણ કરી અંગ્રેજીમાં બીએ અને એમબીએની ડિગ્રી મેળવી હતી.નવ્યાનું અસલ નામ ધન્યા છે. જ્યારે મલયાલમ સિનેમાના નિર્માતા મલયિલને સલાહ આપી હતી કે ઈન્ડસ્ટ્રીમાં તેનું નામ વધારે નહીં ચાલી શકે તે માટે તેણે પોતાનુ નામ બદલી નવ્યા રાખ્યું હતું. નવ્યાના ફિલ્મી કારકિર્દીની વાત કરીએ તો, તેણે વર્ષ ૨૦૦૧માં મલયાલમ અભિનેતા દિલીપ સાથે સિલ્વર સ્ક્રીનમાં ઈષ્ટમ ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ ૨૦૦૨માં રિલીઝ થયેલી ફિલ્મમાં તેણે ખૂબ સારું પ્રદર્શન કર્યું હતું. આ ફિલ્મમાં એક્ટ્રેસે સાઉથની સિનેમામાં ચાર ચાંદ લગાવ્યા.

# ઝાલોદ કોલેજમાં સ્વશાસન દિનની ઉમળકાભેર ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

તારીખ ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ને સોમવારના રોજ શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,ઝાલોદમાં કૉલેજના આચાયશ્રી ડૉ. એ. આર. મોદી સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે કૉલેજમાં સ્વશાસન દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેનોએ શિક્ષક તરીકે પોતાની આગવી ભૂમિકા ભજવી હતી. કૉલેજના તમામ પ્રકારના કાર્યોનું સંચાલન શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી રહેલ વિદ્યાથી-ઓ થકી જ કરવામાં આવ્યું હતું. આજના તમામ વર્ગ વ્યાખ્યાનો પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ દ્વારા અધ્યાપકોને વિશેષ સન્માનિત કરી વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. કૉલેજના આચાયશ્રીએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને જીવનમાં પોતાનો ધ્યેય નક્કી કરી આગળ વધવા તથા ખરા અર્થમાં શિક્ષક કેવો હોવો જોઈએ અને તેનામાં કેવા ગુણો હોવા જોઈએ તે અંગે માર્ગદર્શન આપેલ હતું. આજના મુખ્ય અતિથિ તરીકે ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટના મંત્રી શ્રી ડૉ. પી. એમ. પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. આ ઉપરાંત ગુજરાતી વિભાગાધ્યક્ષ ડૉ. આર. ડી. કપૂરી તથા પ્રા. અનિતાબેન પાદરીયાએ પણ પ્રાસંગોચિત ઉદ્બોધન કરી આશિર્વચન આપ્યા હતા, સમગ્ર કાર્યક્રમના આયોજનમાં ડૉ.અનિતાબેન પાદરીયા, ડૉ. અજીતસિંહ પરમાર તથા પ્રા. ભારતીબેન મોદીએ વિશેષ ભૂમિકા ભજવી હતી, આ ઉપરાંત ગુજરાતી વિભાગાધ્યક્ષ ડૉ. આર. ડી. કપૂરી તથા પ્રા. અનિતાબેન પાદરીયાએ પણ પ્રાસંગોચિત ઉદ્બોધન કરી આશિર્વચન આપ્યા હતા, સમગ્ર કાર્યક્રમના આયોજનમાં ડૉ.અનિતાબેન પાદરીયા, ડૉ. અજીતસિંહ પરમાર તથા પ્રા. ભારતીબેન મોદીએ વિશેષ ભૂમિકા ભજવી હતી.

# વડોદરામાં રાવપુરાના નવાબવાડામાં ૧૦૦ વર્ષ જૂનું અતિ જર્જરિત મકાન તૂટી પડ્યું

। (માહિતી) વડોદરા, તા.૯ ।

વાહન વ્યવહાર અને ટ્રાફિકથી ધમધમતા રાવપુરાના નવાબવાડામાં ૧૦૦ વર્ષ જૂનું મકાન ધરાશાયી થયું હતું. ગઈ મોટી રાત્રે સર્જાયેલી દુર્ઘટના વખતે વાહનોની અવરજવર નહીં હોવા સહિત લોકોની પણ અવરજવર નહીં હોવાના કારણે કોઈ જાનહાની કે નુકસાન થયું નથી.

ઉલ્લેખનીય છે કે પાલિકા દ્વારા પ્રમોશન કામગીરી હેઠળ ચોમાસાની ઋતુમાં જર્જરિત મકાનોને નોટિસો પાઠવવામાં આવે છે જ્યારે અતિ જર્જરિત મકાનને તંત્ર દ્વારા નોટિસ પાઠવ્યા બાદ ઉતારી લેવામાં પણ આવે છે જેથી જે તે વિસ્તારમાં કોઈ જાનહાની કે દુર્ઘટના સર્જાય નહીં એવો માત્ર ઈરાદો હોય છે. દરમિયાન રાવપુરા વિસ્તારના નવાબવાડામાં અંદાજિત ૧૦૦ વર્ષ જૂનું અતિ જર્જરિત મકાન ગઈ મોડી રાત્રે ધડાકાભેર તૂટી પડ્યું હતું. ઉલ્લેખનીય છે કે પાલિકા દ્વારા પ્રમોશન કામગીરી હેઠળ ચોમાસાની ઋતુમાં જર્જરિત મકાનોને નોટિસો પાઠવવામાં આવે છે જ્યારે અતિ જર્જરિત મકાનને તંત્ર દ્વારા નોટિસ પાઠવ્યા બાદ ઉતારી લેવામાં પણ આવે છે જેથી જે તે વિસ્તારમાં કોઈ જાનહાની કે દુર્ઘટના સર્જાય નહીં એવો માત્ર ઈરાદો હોય છે. દરમિયાન રાવપુરા વિસ્તારના નવાબવાડામાં અંદાજિત ૧૦૦ વર્ષ જૂનું અતિ જર્જરિત મકાન ગઈ મોડી રાત્રે ધડાકાભેર તૂટી પડ્યું હતું. આ વખતે નવાબવાડામાં વાહનોની કોઈ અવરજવર કે પછી સ્થાનિક લોકોની આવન જાવન પણ નહીં હોવાના કારણે સદભાગ્યે કોઈ જાનહાની કે દુર્ઘટના સર્જાય નહીં હોવાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું.

# વડોદરાના ગોત્રી અને છાણીમાં બે પીધેલા કારચાલક પકડાયા

। (માહિતી) વડોદરા, તા.૯ ।

વડોદરાના ગોત્રી અને છાણી જકાતનાકા વિસ્તારમાં બે પીધેલા કાર ચાલક પકડવાના જુદા-જુદા બે બનાવ બનતા પોલીસે કાર્યવાહી કરી હતી.

ગોત્રી સેવાસી રોડ પર સેવાસી પોલીસ ચેકપોસ્ટ પાસે આજે પરોઢિયે એક કાર ચાલકે નશામાં ચૂર હાલતમાં બેફામ રીતે કાર ચલાવતા સ્ટિઅરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો.

આ સાથે કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી અને થાંભલા સાથે ભટકાતા ત્રણ સરકારી સીસીટીવી કેમેરા તૂટી ગયા હતા. પોલીસે શુભમ જગદીશ શર્મા (રહે-કેવડાબાગ બેઠક મંદિર પાસે)ની ધરપકડ કરી હતી. આવી જ રીતે છાણી જકાતનાકા વિસ્તારમાં શિવમ સોસાયટી પાસે એક કાર ચાલક ફુલ સ્પીડમાં કાર ચલાવતો હોવાથી પોલીસે તેને ઝડપી પાડી કાર કબજે કરી હતી. દારૂના નશામાં ચૂર એવા કારચાલકનું નામ સંદીપ ગીરીશભાઈ મુલાણી (શિવમ સોસાયટી,ન્યુ સમા રોડ) હોવાનું ખુલ્યું હતું. આવી જ રીતે છાણી જકાતનાકા વિસ્તારમાં શિવમ સોસાયટી પાસે એક કાર ચાલક ફુલ સ્પીડમાં કાર ચલાવતો હોવાથી પોલીસે તેને ઝડપી પાડી કાર કબજે કરી હતી. દારૂના નશામાં ચૂર એવા કારચાલકનું નામ સંદીપ ગીરીશભાઈ મુલાણી (શિવમ સોસાયટી,ન્યુ સમા રોડ) હોવાનું ખુલ્યું હતું.

# રેલવે કર્મચારીની પુત્રી પૂજા કુમારી, કોમ્બેટ રેસલિંગની ચમકતી સ્ટાર ગુજરાતથી કરી શરૂઆત, હવે વર્લ્ડ ચેમ્પિયનશિપની તૈયારી

। (રેલવે) અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ રેલવેના ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, અમદાવાદમાં કાર્યરત જનરલ આસિસ્ટન્ટ શ્રી મનોજ કુમાર અને શ્રીમતી અંજુ દેવીની પુત્રી પૂજા કુમારીએ કોમ્બેટ રેસલિંગમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કર્યું છે. બિહારમાં જન્મેલી પૂજા હાલમાં કર્ણાટકથી એમબીએ કરી રહી છે અને તેણે અમદાવાદ (ગુજરાત)થી પોતાની રમતગમત કારકિર્દીની શરૂઆત કરી હતી. તેણીએ રેસલિંગની તાલીમ પંજાબથી મેળવી હતી. પૂજાએ એપ્રિલ ૨૦૨૪માં શ્રીલંકામાં યોજાયેલી એશિયન ચેમ્પિયનશિપ અને મે ૨૦૨૪માં નેપાળમાં યોજાયેલી સાઉથ એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતીને ભારતીય ધ્વજ ગર્વથી લહેરાવ્યો હતો. તાજેતરમાં, ગોરખપુરમાં યોજાયેલી રાષ્ટ્રીય સ્પર્ધામાં, તેણીએ ફરી એકવાર ગોલ્ડ મેડલ જીતીને લંડનમાં યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય કર્યું છે.

# ઝાલોદ સરકારી હોસ્પિટલના વાહનને એસ.ટી બસ ચાલકે બેફિકરાઈ થી ચલાવતાં પાછળથી ટક્કર મારી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ સરકારી હોસ્પિટલની એમ્બ્યુલન્સ વાહન GJ-20-V-5485 દાહોદ ખાતે થી રિટર્ન ઝાલોદ આવી રહેલ હતી ત્યારે આસરે બપોરે ત્રણ વાગે ઝાલોદ તરફ આવતા નાનસલાઈ હાઈવે રોડ પર થી પસાર થઈ રહેલ હતી ત્યારે સરકારી હોસ્પિટલના વાહન આગળ ટ્રેક્ટર ચાલતું હતું તેણે અચાનક બ્રેક મારી હતી જેથી સરકારી હોસ્પિટલના વાહને પણ બ્રેક મારી હતી પરંતુ સરકારી હોસ્પિટલના વાહન પાછળ આવતી એસ.ટી બસ GJ-18-ZT-1232 પૂરઝડપે બેફિકરાઈ થી અને ગફલતભરી રીતે હંકારી લાવી ઝાલોદ સરકારી દવાખાનાના વાહનને પાછળથી ટક્કર મારતાં પાછળના દરવાજાનો કાચ તોડી નાખી પાછળના બંને દરવાજાને નુકશાન કરેલ હતું. જેથી આ અંગે સરકારી દવાખાનાના વાહન ચાલક દ્વારા એસ.ટી બસના ચાલક વિરુદ્ધ ઝાલોદ પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવેલ છે.

# પશુપાલન વિભાગ ખેડા- નડિયાદ, દ્વારા પશુઓને વિષાણુ જન્ય ચેપીરોગ ખરવા-મોવાસા રસીકરણ કરવામાં આવશે

। (માહિતી) નડિયાદ, તા.૯ ।

ખેડા જિલ્લામાં પશુઓને ખરવા-મોવાસા રોગથી બચાવવા માટે વ્યાપક રસીકરણ અભિયાનનો પ્રારંભ થનાર છે. જિલ્લાના દરેક ગામમાં પશુપાલન વિભાગના કર્મચારીઓ ઘરે-ઘરે જઈને ૭,૬૨,૨૦૦ પશુઓનું રસીકરણ કરશે. જિલ્લા પંચાયત ખેડાના નાયબ પશુપાલન નિયામક, ડૉ. ડી એલ મનાતે પશુમાં થતા ખરવા-મોવાસા જેવા ચેપી રોગ જડમૂળથી દૂર થાય તેવી દિશામાં પશુપાલકોને તેમના પશુઓનું સમયસર રસીકરણ કરાવવા અપીલ કરી છે. પશુઓમાં થતો વિષાણુ જન્ય ચેપીરોગ ખરવા-મોવાસા સામાન્ય રીતે શિયાળા તથા ઉનાળાની ઋતુમાં જોવા મળે છે. જ્યારે પશુઓને ખરવા-મોવાસાની અસર થાય ત્યારે પશુપાલકોને ઘણું જ આર્થિક નુકસાન ભોગવવું પડતું હોય છે તેના લીધે પશુની તંદુરસ્તી પણ કાયમી ધોરણે બગડે છે. ખરવા- મોવાસા રોગને કારણે પશુને તાવ આવે છે, મોં માંથી લાળ પડે છે, મોઢામાં, જીભ ઉપર, બાવલા ઉપર તથા પગની ખરી ઉપર ચાંદા પડે છે. પશુ ખાવાનું બંધ કરી દે છે અથવા ઓછું કરી દે છે. ગાભણ પશુ તરોવાઈ જવાની શકયતા રહે છે. તથા દૂધ ઉત્પાદન ઘણું જ ઓછું થઈ જાય છે. નાના બચ્ચાઓ જો આ રોગનો શિકાર બને તો તેમનુ મરણ થાય છે. ઘણી વાર પગની ખરી વચ્ચે ગાંઠ થાય છે તથા કાળજી ન લેવાય તો જીવડા પડે છે. આ રોગ આવ્યા પછી તેની કોઈ જ ચોક્કસ સારવાર હોતી નથી, ઉપરાંત રોગ મટી ગયા પછી પણ પશુ હાંફતું રહે છે, આ રોગના અસરકારક નિયંત્રણ માટે સમયસર રસીકરણ જે એક માત્ર ઉપાય છે. વિષાણુથી થતા આ રોગને લીધે પશુઓના દૂધના જથ્થા અને ગુણવત્તા પર પણ ખરાબ અસર થતી હોય છે, આ બાબતોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય ફ્લેગશીપ નેશનલ એનિમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ તળેથી જારી કરેલ ઓપરેશનલ ગાઈડલાઈન અનુસાર રાષ્ટ્રીય વ્યાપી રસીકરણ લાયક ગાય અને ભેંસ વર્ગના પશુધનમાં ખરવા મોવાસા રોગ અટકાવ રસીકરણ કાર્યક્રમનો સાતમો રાઉન્ડ તા. ૧૧.૦૯.૨૦૨૫ થી તા.૨૫.૧૦.૨૦૨૫ સુધી હાથ ધરાનાર છે ત્યારે ખેડા જિલ્લા પશુપાલન વિભાગ, અમુલ ડેરી, અને સાબરમતી આશ્રમ ગૌશાળા, બીડજ દ્વારા સમગ્ર ખેડા જીલ્લામાં ખરવા- મોવાસા રોગને ડામવા માટે વિના મૂલ્યે રસી ફાળવીને રસીકરણ કાર્યક્રમ સફળ કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવનાર છે. બહારથી વેચાવા આવતા પશુઓમાં રસીકરણ થયેલું ન હોય તેવા સંજોગોમાં પણ આ રોગચાળો થવાની શક્યતા રહેલી છે. અજાણ્યા પશુઓ ખરીદવા ન જોઈએ.

### ખેડા અને માતરની સ્થિતિ સામાન્ય કરવા જિલ્લા તંત્ર સતત ખડેપગે રહ્યુ

# જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવના માર્ગદર્શનમાં પ્રાંત અધિકારી શ્રી ખેડા સુરજ બારોટ દ્વારા સ્થળાંતરિત કરેલ તમામ નાગરિકોને પૂરું પૂરી પડાઇ ઉત્તમ સુવિધાઓ

### ૭૫૦૦ ઉપરાંત ફૂડ પેકેટ્સનું કરાયું વિતરણ જિલ્લા અને તાલુકા વહીવટી અને પોલીસ તંત્રના ઉત્તમ સંકલનથી નાગરિકોને સુરક્ષિત સ્થળાંતરિત કરાયા હતા





। (માહિતી) નડિયાદ, તા.૯ ।

ઉપરવાસમાં આવેલા ભારે વરસાદને કારણે શનિવારે સાબરમતી નદીમાં આવેલા ડેમમાંથી પાણી છોડવામાં આવતાં ખેડા જિલ્લાના ખેડા અને માતરમાં સાબરમતી નદીકાંઠાના વિસ્તારોમાં પાણીનો પ્રવાહ ધસમસતો બન્યો હતો. પરિણામે ખેડાના રસિકપુરા, નાની કલોલી, પથાપુરા સહિતના ગામોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ. આસપાસના ગામોમાં પણ પાણીની અસર થવાથી સ્થાનિક નાગરિકોના દૈનિક જીવનમાં અવરોધ ઊભો થયો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તરત જ રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા તેમજ તાલુકા પ્રશાસન, પોલીસ અને એસ.ટી વિભાગ, SDRF અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગ્રામ્ય સ્તરના કર્મચારીઓની ટીમો દ્વારા પૂરપ્રભાવિત વિસ્તારોમાંથી નાગરિકોને સલામત રીતે બહાર કાઢી હરિયાળા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે સ્થળાંતરિત કરવામાં આવ્યાહતા. આજે ચાર દિવસ બાદ પાણી ઓસરતા એ તમામ અસરગ્રસ્ત નાગરિકોને વહીવટીતંત્ર દ્વારા તેમના ઘરે સુરક્ષિત રીતે પહોંચડાવાની કામગીરી કરવામાં આવી હતી... જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવ તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંત કિશોર સતત પરિસ્થિતિનું મોનીટરીંગ કરી રહ્યા હતા. ખેડા પ્રાંત અધિકારી તથા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ શ્રી ખેડા, સુરજ બારોટ દ્વારા તાત્કાલિક રાહત માટે તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી હતી. ખેડા પ્રાંત અધિકારી તથા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ શ્રી સુરજ બારોટે આ તકે જણાવ્યું હતુ કે,'' શનિવારે ઉપરવાસમાં સાબરમતી નદીમાં ૧ લાખ ક્યુસેક ઉપરાંત પાણી છોડાવાની સુચના મળતા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હરિયાળા સ્વામિનારાયણ ગુરુકુળ ખેડા ખાતે આશ્રય સ્થાન કાર્યરત કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પોલીસ તંત્રના સહયોગથી કુલ ૮૬ નાગરિકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા સ્થળાંતરિત કરેલ તમામ લોકો માટે શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી .પાણી ભરાવાની પરિસ્થિતિમાં રસિકપુરા, પથાપુરા અને માતર તાલુકાના નદીકાંઠાના ગામો સૌથી વધારે અસરગ્રસ્ત રહ્યા હતા. જ્યારે માતરના અસમાલી, પલ્લા અને બરોડા ગામમાં પણ કુલ ૩૮૭ લોકોને પુરગ્રસ્ત વિસ્તારોમાંથી સુરક્ષિત કાઢીને જ સ્થાનિક ચાર આશ્રય સ્થાનોમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતાં . પાલ્લા સરકારી પ્રાથમિક શાળા, અસામલી સરકારી પ્રાથમિક શાળા અને આશ્રમ સ્કૂલ અને બરોડા સરકારી પ્રાથમિક શાળામાં તંત્ર દ્વારા સ્થળાંતરિત કરેલ તમામ લોકો માટે શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.

# છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૧૧૯ રોજગાર મેળાઓના સફળ આયોજન થકી ૨૦ હજાર કરતા વધુ યુવાઓને રોજગારી મળી:શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

રાજ્યમાં રોજગાર મેળા વિશે વિધાનસભા ગૃહમાં માહિતી આપતા શ્રમ, કૌશલ્ય, વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧૯ રોજગાર મેળાઓનું સફળ આયોજન કરવામાં આવ્યું છે. આ રોજગાર મેળાઓ થકી ૨૦,૧૯૫ યુવાઓને રોજગારી મળી છે. વધુમાં રોજગાર મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યના રોજગાર વાંચ્છુઓ માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે અનુબંધમ વેબપોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ પર ઉમેદવારો પોતાના ઘરે બેઠા નોંધણી કરી શકે છે અને નોકરીદાતા તેમની ખાલી જગ્યાઓ ઓનલાઈન નોંધાવી શકે છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી હેઠળ રાજયમાં ૪૬ રોજગાર કચેરીઓ કાર્યરત છે. રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, રોજગાર ભરતીમેળા, કારકિર્દી સલાહ અને માર્ગદર્શન જેવી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે, અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આઈકામેટ એચ.આર ઈન્ડિયા પ્રા.લી, ટાટા મોટર્સ, ઝાયડસ લાઈફસાયન્સ લી., યુનિસન ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લી જેવા વિવિધ નોકરીદાતાઓ દ્વારા યુવાઓને રોજગારી આપવામાં આવી છે. પેટા પ્રશ્નનો જવાબ આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લાની રોજગાર કચેરી દ્વારા છેલ્લા બે વર્ષમાં ખાસ જૂથો તરીકે દિવ્યાંગો અને મહિલાઓ માટે રોજગાર ભરતીમેળાઓ અલગથી આયોજીત કરવામાં આવ્યા હતા. જેમાં દિવ્યાંગો માટે ૦૭ ભરતીમેળા થકી ૨૭૮ દિવ્યાંગોને તથા મહિલાઓ માટે ૦૨ ભરતીમેળા યોજી ૭૮૪ મહિલાઓને રોજગારી આપવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે. રૉમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો.મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થઈ શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

**કર્ક (ડ,હ) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે. જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. નવું સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ.

**સિંહ (મ,ટ) :**
તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. કોઈક અંગત સમસ્યા સૂલઝાવવામાં તમારી મદદની અપેક્ષા રાખતા કોઈક વૃદ્ધ સંબંધી તરફથી આશીર્વાદ મળશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો. આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો.

## ટ્રમ્પના વધુ એક નિર્ણયથી મુશ્કેલીમાં ભારતીયો!



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

અમેરિકામાં ઈમિગ્રેશન એજન્સીઓ દ્વારા IRSના રેકોર્ડ્સનો ઉપયોગ વધતા, ગેરકાયદેસર રોજગારના કેસમાં ઈમિગ્રન્ટ્સ માટે દેશનિકાલનું જોખમ વધી ગયું છે. H-1B વિઝા (જે એક જ નોકરીદાતા સાથે સંકળાયેલા હોય) અથવા સ્ટુડન્ટ વિઝા પર રહીને સાઈડ હસલ દર્શાવવી એ હવે વિઝાની મુદત વધારવાનો ઈનકાર, ફરીથી પ્રવેશ પર પ્રતિબંધ, દેશનિકાલની કાર્યવાહી અને ડિપોર્ટેશનનું કારણ બની શકે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, જે લોકોએ ટેક્સ રિટર્નમાં વધારાની કમાણી (સાઈડ હસલ)ની માહિતી આપી છે, તેમને હવે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રામાણિકતાથી ટેક્સ ભરવા અને આવક રિપોર્ટ કરવા છતાં, તેમના વિઝાની અવધિ વધારવા પર પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યો છે, સાથે જ તેમને ફરીથી પ્રવેશ પર રોક અને દેશનિકાલ સુધીની કાર્યવાહીનો સામનો કરવો પડી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ઈમિગ્રેશન એટર્ની જાથ શાઓએ જણાવ્યું કે, 'આઈઆરએસએ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) સાથે ડેટા શેર કર્યો છે. હવે અમે જોઈ રહ્યા છીએ કે લોકો એ જ કાર્યો માટે ફસાઈ રહ્યા છે, જેની કમાણી તેમણે પોતે જ રિપોર્ટ કરી અને ટેક્સ ભર્યો.' શાઓ મુજબ, ઘણીવાર આ આરોપ ત્યારે લાગે છે જ્યારે કોઈ પ્રવાસી બીજી કોઈ ભૂલમાં પકડાય છે અને તપાસમાં જૂની કમાણી સામે આવી જાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ પગલાથી H-1B વિઝા ધારકો સૌથી વધુ જોખમમાં છે, કારણ કે તેમની નોકરી સીધી સ્પોન્સર કંપની સાથે જોડાયેલી હોય છે. વકીલ અભિનવ ત્રિપાઠી કહે છે કે, 'જો USCIS ટેક્સ રેકોર્ડમાં દર્શાવેલી સાઈડ ઈનકમના આધારે નોટિસ જારી કરી રહ્યું છે, તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. આ વિઝા સ્ટેટસના ઉલ્લંઘનનો મામલો બની શકે છે અને દેશનિકાલ સુધી લઈ જઈ શકે છે.' જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે વ્યાજ કે મૂડી લાભ જેવી આવક પર સમસ્યા થતી નથી, પરંતુ ફ્રીલાન્સ પ્રોજેક્ટ્સ કે ઓનલાઈન સાઈડ જોબ્સ ગંભીર જોખમ વધારે છે. તેમનું કહેવું છે કે ચિંતાનો વિષય એ છે કે અધિકારીઓ હવે ટેક્સ રેકોર્ડ્સની ઊંડાણપૂર્વક તપાસ કરીને નિષ્ક્રિય અને સક્રિય આવકનું અર્થઘટન પોતાની રીતે કરવા લાગશે, જેનાથી પ્રવાસીઓ માટે પરિસ્થિતિ વધુ ગૂંચવણભરી બની શકે છે.

### SIR ને લઈને સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ

# આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે માન્યતા આપવાનો આદેશ

### મતદાર યાદીમાં મતદારનો સમાવેશ કે બાકાત કરવા માટે વ્યક્તિની ઓળખ તરીકે પણ આધાર કાર્ડને ધ્યાનમાં લેવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।



બિહાર ચૂંટણી પહેલા સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર મોટો આદેશ આપ્યો છે. કોર્ટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે માન્યતા આપવાનો આદેશ આપ્યો છે. આનાથી બિહારના લાખો મતદારોને ફાયદો થશે, જેઓ મતદાર ઓળખપત્ર અને આધાર કાર્ડને ઓળખ ન હોવાને કારણે મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરવા માટે પોતાના જૂના દસ્તાવેજો બતાવી શક્યા ન હતા. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને તેના અધિકારીઓને આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે સ્વીકારવા સૂચનાઓ જાહેર કરવા જણાવ્યું છે.

બિહાર SIR પર સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, SIR પ્રક્રિયામાં મતદારોને સામેલ કરવા માટે ઓળખના હેતુ માટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે ગણવામાં આવશે. અધિકારીઓને આધાર કાર્ડની પ્રામાણિકતા અને વાસ્તવિકતાની પુષ્ટિ કરવાનો અધિકાર રહેશે. તેને નાગરિકતાના પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) માં મતદાર ઓળખ માટે આધારને દસ્તાવેજ તરીકે સ્વીકારવા પર વિચાર કરવા ચૂંટણી પંચને કહ્યું, અને સ્પષ્ટ કર્યું કે, તે કોઈ નાગરિકતાનો પુરાવો નથી. ચૂંટણી પંચે સુનાવણી દરમિયાન જણાવ્યું કે, "૭.૨૪ કરોડમાંથી ૯૯.૬ ટકા લોકોએ દસ્તાવેજો સબમિટ કરી દીધા છે. આ અગાઉના આદેશમાં, 65 લાખ લોકો માટે આધારને મંજૂરી આપવામાં આવી હતી. "

જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, કોઈ પણ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને મંજૂરી આપવાનું આપી રહ્યા નથી, અમે જાણીએ છીએ કે, આધાર ઓળખનો પુરાવો છે, નાગરિકતાનો નહીં. ધારો કે તે બારમો દસ્તાવેજ છે, તો તેમાં શું સમસ્યા છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સુધારેલી મતદાર યાદી પ્રક્રિયામાં સમાવિષ્ટ અથવા બાકાત કરાયેલા લોકોની ઓળખ સ્થાપિત કરવાના હેતુથી, આધાર અધિનિયમ ૨૦૧૬ હેઠળ જાહેર કરાયેલ આધાર કાર્ડ સ્વીકારવામાં આવશે અને તેને ૧૨મો દસ્તાવેજ માનવામાં આવશે. જોકે, અધિકારીઓ રજૂ કરેલા કાર્ડની સત્યતા ચકાસી શકે છે અને આધાર કાર્ડને નાગરિકતાના પુરાવા તરીકે ગણવામાં આવશે નહીં.

આ અગાઉ, અરજદારોએ કહ્યું હતું કે, પેરા લીગલ સ્વયંસેવકોની નિમણૂક કરવાની હતી, પરંતુ તેમની નિમણૂક કરવામાં આવી ન હતી. ચૂંટણી પંચના વકીલ રાકેશ દ્વિવેદીએ કહ્યું હતું કે, તેઓ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ માટે આ ઈચ્છે છે. ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે, કોઈ પણ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને મતદાર યાદીમાં સામેલ કરવા માંગતું નથી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, બિહારના 99.6% નાગરિકોએ પહેલાથી જ ૧૧ સૂચિબદ્ધ દસ્તાવેજોમાંથી એક સબમિટ કરી દીધું છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, 7.24 કરોડમાંથી 99.6 ટકા લોકોએ દસ્તાવેજો સબમિટ કરી દીધા છે. આ અગાઉના આદેશમાં ૬૫ લાખ લોકોને આધાર કાર્ડની મંજૂરી આપવામાં આવી હતી. હવે તેમના માટે કોઈ પણ અરજદારે એ વાત તરફ ધ્યાન દોર્યું નથી કે, મોટી સંખ્યામાં લોકોને ખોટી રીતે બાકાત રાખવામાં આવ્યા છે.

### પૂરનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા

## કાદવ જોઈ યુવકના ખભા પર સવાર થયા સાંસદ

। (એજન્સી) કટિહાર, તા.૯ ।

રવિવારે કટિહારના સાંસદ તારિક અનવરે તેમના સમર્થકો અને કાર્યકર્તાઓ સાથે મળીને બરારી અને મનિહારી વિધાનસભાના પૂરગ્રસ્ત અને ધોવાણવાળા વિસ્તારોની મુલાકાત લીધી. આ દરમિયાન સાંસદે તેમના સમર્થકો સાથે નાવ અને ટ્રેક્ટર પર બેસીને ગામવાસીઓને મળ્યા અને તેમની સમસ્યાઓ સાંભળી. પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન સાંસદ તારિક અનવર કાદવ-પાણી જોઈને એક યુવકના ખભા પર ચડી ગયા, જેનો વીડિયો વાઈરલ થયો છે. ગંગા નદીનું જળસ્તર ઘટવાની સાથે જ કટિહારના ધુરીયાહી પંચાયતમાં ધોવાણ ઝડપી બન્યું છે. આ ધોવાણની જાણકારી મળતાં, રવિવારે સાંસદ તારિક અનવર ધુરીયાહી પહોંચ્યા. અહીં શિવનગર અને સોનાખાલની પરિસ્થિતિનું નિરીક્ષણ કરતી વખતે, જ્યારે તેઓ ધોવાણવાળી જગ્યા નજીક પહોંચ્યા ત્યારે રસ્તામાં કાદવ અને પાણી જોવા મળ્યું. આ પછી, સ્થાનિક લોકોના ખભા પર ચડીને સાંસદ તારિક અનવરે ધોવાણવાળા વિસ્તારનું નિરીક્ષણ કર્યું. ખભા પર બેસીને નિરીક્ષણ કરવાનો આ વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે સાંસદ એક વ્યક્તિના ખભા પર બેઠા છે. આ લોકો સાંસદને પહેલા કાદવ અને પછી પાણીથી ભરેલા રસ્તા પરથી લઈ જઈ રહ્યો છે. સાથે જ, અમુક લોકોએ સાંસદને પકડી રાખ્યા છે જેથી તેઓ નીચે ન પડી જાય. આ બાબતે સાંસદ તારિક અનવરે કહ્યું કે, તેઓ ધોવાણવાળા વિસ્તારનું નિરીક્ષણ કરવા ગયા હતા. રસ્તામાં કાદવ અને પાણી હતું. ત્યારે સ્થાનિક લોકોએ કહ્યું કે, અમે તેમને ખભા પર બેસાડીને ધોવાણવાળી જગ્યા સુધી લઈ જઈશું.

### ક્રિસ ગેલનો પંજાબ કિંગ્સ પર સનસનીખેજ આરોપ

## પંજાબ કિંગ્સ ટીમમાં એવો વ્યવહાર કરાયો, જેથી મને ખૂબ દુઃખ થયું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।



IPLના ઈતિહાસમાં સૌથી વિસ્ફોટક બેટરોમાંથી એક ક્રિસ ગેલે એવો આરોપ કર્યો છે કે, જે ખરેખર ચોંકાવનારો છે. ક્રિસે કહ્યું કે, આઈપીએલમાં પંજાબ કિંગ્સ ટીમમાં તેની સાથે એવો વ્યવહાર કરવામાં આવ્યો, જેથી તેને ખૂબ દુખ થયું હતું. જે પછી પરિણામ એ આવ્યું કે, તેને IPL છોડવી પડી અને એક સમયે એવું લાગતું હતું કે તે ડિપ્રેશનમાં જઈ રહ્યો છે. ક્રિસ ગેલે એક ઈન્ટરવ્યુમાં સનસનાટીભર્યો આરોપ લગાવ્યો હતો કે, પંજાબ કિંગ્સે મારુ અપમાન કર્યું હતું અને મેં એ સમયે ટીમના કોચ અનિલ કુંબલેને ફોન કરીને મારી માનસિક હાલત વિશે ચર્ચા કરી હતી. ત્યારે કુંબલે સાથે વાત કરતી વખતે હું રડી પડ્યો હતો. પ્રીતિ ઝિંટાની ટીમ પંજાબ કિંગ્સ સાથે ક્રિસ ગેલ વર્ષ ૨૦૧૮થી જોડાયેલો હતો. ગેલને પંજાબ કિંગ્સએ ૨ કરોડમાં ખરીદ્યો હતો. આ ખેલાડી વર્ષ ૨૦૨૧ સુધી આ ટીમમાં રહ્યો પરંતુ બાયો બબલને કારણે તેણે IPL 2021 અધવચ્ચે જ છોડી દીધી. હવે ગેલે જણાવ્યું છે કે, હકીકતમાં તેની સાથે પંજાબ કિંગ્સ ટીમમાં ખૂબ જ ખરાબ વ્યવહાર કરવામાં આવ્યું હતું, જેનું આજ દિવસ સુધી તેને દુખ છે. ગેલે કહ્યું કે, પંજાબ સાથે મારો આઈપીએલ સીઝન પહેલા જ મારા સંબંધો પૂરા થઈ ગયા હતા. ઈમાનદારીથી કહું તો પંજાબ કિંગ્સમાં મારી સાથે ખૂબ જ ખરાબ વ્યવહાર કર્યો હતો. મને લાગે છે કે એક સિનિયર ખેલાડી તરીકે મારી સાથે યોગ્ય વર્તન કરવામાં નથી આવ્યું. તેઓએ મારી સાથે બાળક જેવો વ્યવહાર કર્યો હતો. મારા જીવનમાં પહેલી વાર મને લાગ્યું કે, હું ડિપ્રેશનમાં આગળ વધી રહ્યો છું. ગેલે આગળ વાત કરી કે, તમારી માનસિક સ્થિતિ પૈસાથી વધુ મહત્ત્વપૂર્ણ છે. મેં અનિલ કુંભલેને ફોન પર કહ્યું કે, હું ટીમ છોડી રહ્યો છું. આગળ વર્લ્ડ કપ હતો અને હું બાયો બબલમાં હતો, જે મને માનસિક રીતે તોડી રહ્યો હતો. મુંબઈ સામે છેલ્લી મેચ રમ્યા પછી મેં વિચાર્યું કે હવે વધુ સમય ટીમમાં રહીને હું મારી જાતને વધુ નુકસાન ન પહોંચાડુ.

## દર્દીઓને મોટી રાહત, કેન્દ્ર સરકારે ૪૨ દવાની રિટેલ કિંમત ફિક્સ કરી

### કેનેડામાં કપિલ શર્માના રેસ્ટોરન્ટ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, લોરેન્સ ગ્રુપના ગેંગસ્ટર હેરી બોક્સરે આની જવાબદારી લીધી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કેન્દ્ર સરકારે ૪૨ સામાન્ય દવાઓના રિટેલ ભાવ જાહેર કર્યા છે. આ દવાઓમાં બ્રોડ-સ્પેક્ટ્રમ એન્ટિબાયોટિક અને ઈપ્કા લેબોરેટ્રીઝ પણ સામેલ છે. આ દવાઓનો ઉપયોગ સામાન્ય રીતે અંગોના ટ્રાન્સપ્લાન્ટ બાદ ઓર્ગન રિજેક્શન રોકવા માટે કરવામાં આવે છે. મેરોપેનમ અને સુલબૈક્ટમ ઈંજેક્શનની રિટેલ કિમત પ્રત્યેક બોટલ આશરે રૂપિયા ૧૯૩૮ છે. આ ઉપરાંત માઈકોફેનોલેટ મોફેટિલની કિમત પ્રતિ ટેબલેટ ૧૩૧.૫૮ રૂપિયા છે. બેક્ટેરિયાના સંક્રમણની સારવાર માટે ઉપયોગમાં લેવાતી એબોટ હેલ્થકેરની ક્લેરિથ્રોમાઈસિન એક્સટેંડેડ રિલીઝ ટેબલેટની કિમત હવે ૭૧.૭૧ રૂપિયા પ્રતિ ટેબલેટ છે. આ વર્ષે જ ફેબ્રુઆરી મહિનામાં નેશનલ ફાર્માસિયુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી કે જે દવાઓના ભાવ પર કન્ટ્રોલ ધરાવે છે તેણે ઉત્પાદકોને આદેશ આપ્યો હતો કે તેઓ ડીલર્સ, સ્ટેટ ડ્રગ કન્ટ્રોલર, રાજ્ય સરકારને ભાવની યાદી જાહેર કરે. એવામાં તાજેતરમાં સરકાર દ્વારા ૪૨ એવી દવાઓના ભાવ ફિક્સ કરી નાખ્યા છે કે જેનો ઉપયોગ સામાન્ય સારવાર માટે થતો હોય છે.

# અમેરિકામાં ભારતીય યુવકની ગોળી મારી હત્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

અમેરિકામાં ફરી એકવાર ભારતીય અમેરિકન નાગરિક નફરતનો ભોગ બન્યો છે. કેલિફોર્નિયામાં એક ભારતીય અમેરિકન નાગરિક દ્વારા અમેરિકન નાગરિકને ટોકવામાં આવતાં તેણે ગુસ્સે થઈને ત્યાંજ ગોળી મારી દીધી હતી. જેના કારણે ભારતીય યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. હકીકતમાં, હરિયાણાના જીંદ જિલ્લાના ૨૬ વર્ષીય કપિલએ શનિવારે કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં એક અમેરિકન વ્યક્તિને જાહેર સ્થળે પેશાબ કરતા રોક્યો ત્યારે તે ગુસ્સે થઈ ગયો અને તરત જ કપિલને ગોળી મારી દીધી. કપિલ ત્યાં સુરક્ષા ગાર્ડ તરીકે કામ કરતો હતો.

કપિલ ૨૦૨૨ માં ડંકી રુટ દ્વારા અમેરિકા ગયો હતો. ત્યારે તે પનામાના જંગલો પાર કરીને મેક્સિકોની દિવાલ કૂદીને અમેરિકા પહોંચ્યો હતો. તેના માટે તેણે ૪૫ લાખ રૂપિયા ખર્ચ કર્યા હતા. જોકે, અમેરિકા પહોંચ્યા પછી તેની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ બાદમાં કાનૂની કાર્યવાહી બાદ તેને છોડી મુકવામાં આવ્યો હતો અને ત્યારથી તે ત્યાં રહેતો હતો. તે સિક્યૂરિટી ગાર્ડ તરીકે કામ કરતો હતો. કપિલ જીંદના બારાહ કલાન ગામનો રહેવાસી હતો. આ અંગે ગામના સરપંચ સુરેશ કુમાર ગૌતમે માહિતી આપતાં જણાવ્યું હતું કે, કપિલ જ્યારે ત્યા ફરજ બજાવી રહ્યો હતો, તે દરમિયાન એક અમેરિકન વ્યક્તિ ત્યા પહોંચ્યો અને જ્યા કપિલ ઉભો હતો તેની બાજુમાં પેશાબ કરવા લાગ્યો હતો. જેથી કપિલે તેને આવુ કરવાથી રોક્યો ત્યારે તે ગુસ્સે થઈ ગયો અને કપિલને ગોળી મારી દીધી, જ્યા ઘટના સ્થળ પર કપિલનું મોત નિપજ્યું હતું. ગામના સરપંચ પીડિત પરિવારને અમેરિકામાં રહેતા અન્ય એક સંબંધિને કપિલના મોતના સમાચાર આપ્યા છે. કપિલની બે બહેન છે. જેમાં એકની લગ્ન થઈ ગયા છે. સરપંચે કહ્યું કે, આખુ ગામ પરિવાર સાથે ઉભુ છે, પરંતુ દુખની વાત એ છે કે, પરિવાર કપિલના મૃત્યુથી ભાંગી પડ્યો છે. અમે કપિલના મૃતદેહને ભારતમાં પરત લાવવા માટે સરકારને અપિલ કરી છે. સરપંચે કહ્યું કે, આખુ ગામ પરિવાર સાથે ઉભુ છે, પરંતુ દુખની વાત એ છે કે, પરિવાર કપિલના મૃત્યુથી ભાંગી પડ્યો છે. અમે કપિલના મૃતદેહને ભારતમાં પરત લાવવા માટે સરકારને અપિલ કરી છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**પાર્સલ સ્પેસ ભાડે આપવા માટે ઈ-ઓક્શન**

અમદાવાદ ડિવિઝન ઉપરથી ઉપડતી પેસેન્જર કેરિયર ટ્રેનોમાં પાર્સલ સ્પેસ ભાડે આપવા માટે ઈ-ઓક્શન મંગાવવામાં આવ્યું છે. કેટલોગ IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવ્યો છે.વિગતો નીચે મુજબ આપવામાં આવી છે

| કેટલોગ નંબર | કોન્ટ્રાક્ટનો પ્રકાર | શ્રેણી | ઈ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|---|
| Lease-ADI -16-25 | પાર્સલ | પાર્સલ-SLR અને પાર્સલ વાન | બધા લોટ માટે ઈ-ઓક્શન 25.09.2025 ના રોજ સવારે 10:00 વાગ્યે શરૂ થશે. |
| Lease-ADI -17-25 | પાર્સલ | પાર્સલ-SLR | બધા લોટ માટે ઈ-ઓક્શન 23.09.2025 ના રોજ 10:00 કલાકે શરૂ થશે અને 24.09.2025 ના રોજ 10:40 કલાકે સમાપ્ત થશે |

**નોંધ:** સંભવિત બિડર્સને IREPS **વેબસાઈટ (www.ireps.gov.in)** પર ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ-વાઈઝ વિગતો ઉપલબ્ધ છે. પ્રારંભિક ક્લોઝિંગ ઓફ પિરિયડ 30 મિનિટ છે. ક્રમિક લોટ ક્લોઝિંગ અંતરાલ 10 મિનિટ છે. લોટ-વાઈઝ ક્લોઝિંગ સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે.

ADI 155

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**વિશેષ** ૯ અને ૧૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા આ એક્સપોમાં ૧૫૦ જેટલાં સ્ટોલ અને અંદાજે ૨૫૦૦ જેટલાં એક્ઝિબિટર્સ સહભાગી થયા

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ઓલ ગુજરાત કેટરર્સ એસોસિએશન (AGCA) એક્સપોને ખુલ્લો મૂક્યો

। (માહિતી) અમદાવાદ, ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ઓલ ગુજરાત કેટરર્સ એસોસિએશન(AGCA) એક્સપો-૨૦૨૫ને ખુલ્લો મૂક્યો હતો. આ એક્સપોમાં ૧૫૦ જેટલાં સ્ટોલ અને અંદાજે ૨૫૦૦ જેટલાં એક્ઝિબિટર્સ ભાગ લઈ રહ્યા છે. તારીખ ૯ અને ૧૦ સપ્ટેમ્બર એમ બે દિવસ યોજાનારા આ એક્સપોમાં વિવિધ દેશોની ભોજન સામગ્રી અને રસોઈકળાનું પ્રદર્શન થશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વિવિધ કેટરર્સ સ્ટોલ્સની મુલાકાત લઈ કેટરર્સ એસોસિએશનના અગ્રણીઓને જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા 'મેદસ્વિતા મુક્ત ગુજરાત'નું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે આપણે પણ હેલ્થ કોન્શિયસ બની કેટરર્સ દ્વારા બનાવવામાં આવતા ખોરાકમાં તેલનો વપરાશ ઓછો કરી લોકોના સ્વાસ્થ્ય સુધારના કામમાં સહભાગી બનીએ.







ખાદ્ય, પાકકળા અને પેય ઉદ્યોગોના ૧૫૦થી વધુ સ્ટોલ્સમાં કેટરર્સના ઉત્પાદનોનું પ્રદર્શન આ કેટરિંગ એક્સ્પોની વિશેષતા છે. આ ઉપરાંત, કેટરિંગ એસોસિએશનના સભ્યોને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવા માટે વર્કશોપ અને સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે. કેટરિંગ એસોસિએશનના સભ્યો અને પ્રતિનિધિઓ સાથે જ્ઞાન અને અનુભવના આદાન-પ્રદાન માટેનું એક ઉત્તમ મંચ પૂરું પાડતાં આ એક્સ્પોમાં ખાદ્ય અને પેય ઉદ્યોગો સાથે સંકળાયેલા દેશભરના અંદાજિત ૫૦૦૦થી વધુ મુલાકાતીઓ પ્રત્યક્ષ મુલાકાત લેવાના છે. આ પ્રસંગે ઓલ ગુજરાત કેટરર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી ભવાનીસિંહ પુરોહિતે જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિથી આ આયોજન તથા તેમાં ભાગ લેનારા સર્વ સભ્યોના ઉત્સાહમાં અનેકગણો વધારો થયો છે. આ તકે તેમણે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. ઓલ ગુજરાત કેટરર્સ એસોસિએશન અમદાવાદના પ્રમુખ શ્રી મનોજ પુરોહિત સહિત સમગ્ર રાજ્યમાંથી એસોસિએશનના સભ્યો આ એક્સપોના પ્રારંભ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. ખાદ્ય, પાકકળા અને પેય ઉદ્યોગોના ૧૫૦થી વધુ સ્ટોલ્સમાં કેટરર્સના ઉત્પાદનોનું પ્રદર્શન આ કેટરિંગ એક્સ્પોની વિશેષતા છે. આ ઉપરાંત, કેટરિંગ એસોસિએશનના સભ્યોને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવા માટે વર્કશોપ અને સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે. કેટરિંગ એસોસિએશનના સભ્યો અને પ્રતિનિધિઓ સાથે જ્ઞાન અને અનુભવના આદાન-પ્રદાન માટેનું એક ઉત્તમ મંચ પૂરું પાડતાં આ એક્સ્પોમાં ખાદ્ય અને પેય ઉદ્યોગો સાથે સંકળાયેલા દેશભરના અંદાજિત ૫૦૦૦થી વધુ મુલાકાતીઓ પ્રત્યક્ષ મુલાકાત લેવાના છે. આ પ્રસંગે ઓલ ગુજરાત કેટરર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી ભવાનીસિંહ પુરોહિતે જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિથી આ આયોજન તથા તેમાં ભાગ લેનારા સર્વ સભ્યોના ઉત્સાહમાં અનેકગણો વધારો થયો છે. આ તકે તેમણે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. ઓલ ગુજરાત કેટરર્સ એસોસિએશન અમદાવાદના પ્રમુખ શ્રી મનોજ પુરોહિત સહિત સમગ્ર રાજ્યમાંથી એસોસિએશનના સભ્યો આ એક્સપોના પ્રારંભ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. ખાદ્ય, પાકકળા અને પેય ઉદ્યોગોના ૧૫૦થી વધુ સ્ટોલ્સમાં કેટરર્સના ઉત્પાદનોનું પ્રદર્શન આ કેટરિંગ એક્સ્પોની વિશેષતા છે. આ ઉપરાંત, કેટરિંગ એસોસિએશનના સભ્યોને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવા માટે વર્કશોપ અને સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે. કેટરિંગ એસોસિએશનના સભ્યો અને પ્રતિનિધિઓ સાથે જ્ઞાન અને અનુભવના આદાન-પ્રદાન માટેનું એક ઉત્તમ મંચ પૂરું પાડતાં આ એક્સ્પોમાં ખાદ્ય અને પેય ઉદ્યોગો સાથે સંકળાયેલા દેશભરના અંદાજિત ૫૦૦૦થી વધુ મુલાકાતીઓ પ્રત્યક્ષ મુલાકાત લેવાના છે.

### વીજપુરવઠો ફરી કાર્યરત કરવા ટીમો તૈયાર છે, જિલ્લામાં NDRF અને SDRFની ટીમો તૈનાત, રેસ્ક્યુ કામગીરી તેજ કરાઈ છે

# બનાસકાંઠા કલેક્ટર અને એસપી ટ્રેક્ટરમાં બેસીને લોકો સુધી પહોંચ્યા

। (એજન્સી) બનાસકાંઠા, તા.૯ ।

બનાસકાંઠામાં ૫૦૦થી વધુ લોકોનું સ્થળાંતર, રસ્તા ધોવાણથી ૧૩ જેટલા ગામડા સંપર્ક વિહોણા બન્યા છે, ૧.૫૦ લાખ ફૂડ પેકેટ અસરગ્રસ્ત નાગરિકો સુધી પહોંચાડાશે અને ૨૫૮ વીજળીના થાંભલા નુકસાનગ્રસ્ત, ૨૭૯ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો અને વીજપુરવઠો ફરી કાર્યરત કરવા ટીમો તૈયાર છે, જિલ્લામાં દ્ગડ્ઢઇહ્લ અને જીડ્ઢઇહ્લની ટીમો તૈનાત, રેસ્ક્યુ કામગીરી તેજ કરાઈ છે. છેલ્લા ૨૮ કલાક દરમિયાન બનાસકાંઠા જિલ્લાના સરહદી તાલુકાઓમાં ભારે વરસાદ નોંધાયો છે. પવન સાથે ભારે વરસાદમાં ચારે તરફ વરસાદી પાણી જોવા મળી રહ્યું છે. સરહદી સુઈગામ, ભાભર, વાવ અને થરાદ તાલુકામાં ભારે વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ પ્રાંત કચેરી, થરાદ ખાતે ડિઝાસ્ટરની ઉચ્ચ લેવલની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરે સબંધિત અધિકારીઓને ભારે વરસાદ દરમિયાન જરૂરી તમામ પગલા લેવા સૂચનાઓ આપી હતી. છેલ્લા ૨૮ કલાક દરમિયાન બનાસકાંઠા જિલ્લાના સરહદી તાલુકાઓમાં ભારે વરસાદ નોંધાયો છે. પવન સાથે ભારે વરસાદમાં ચારે તરફ વરસાદી પાણી જોવા મળી રહ્યું છે. સરહદી સુઈગામ, ભાભર, વાવ અને થરાદ તાલુકામાં ભારે વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ પ્રાંત કચેરી, થરાદ ખાતે ડિઝાસ્ટરની ઉચ્ચ લેવલની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરે સબંધિત અધિકારીઓને ભારે વરસાદ દરમિયાન જરૂરી તમામ પગલા લેવા સૂચનાઓ આપી હતી.

કલેકટર મિહિર પટેલે જણાવ્યું કે, છેલ્લા ૨૮ કલાક દરમિયાન વાવ અને થરાદ તાલુકામાં ૧૩ ઈંચ, ભાભરમાં ૧૬ ઈંચ, સુઈગામમાં ૧૭ ઈંચથી ભારે વરસાદ નોંધાયો છે. વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને આજે ૮ સપ્ટેમ્બરના રોજ જિલ્લાની તમામ શાળાઓ, આંગણવાડીઓ તથા તમામ શૈક્ષણિક સંસ્થાઓને બંધ રખાઈ છે. કલેકટરે જણાવ્યું કે, હાલમાં ૫૦૦ જેટલા લોકોનું સ્થળાંતર કરાયું છે. વાવ, થરાદ, ભાભર અને સુઈગામ તાલુકાઓમાં વધુ અસરગ્રસ્ત ૧૩ જેટલા ગામડા હાલ સંપર્ક વિહોણા બન્યા છે. જિલ્લા વહીવટી તંત્ર અને બનાસ ડેરીના સહયોગથી અત્યાર સુધી ૧.૫૦ લાખ જેટલા ફૂડ પેકેટ બનાવવામાં આવ્યા છે. આ ફૂડ પેકેટ વરસાદી પાણી ભરાવવાના કારણે જે લોકો ફસાયા છે તેમને વિતરણ કરાશે.કલેક્ટરે જણાવ્યું કે, ભારે પવન સાથે પડેલા વરસાદથી ૨૫૮ જેટલા વીજળીના થાંભલાને નુકસાન થયું છે. હાલમાં ૨૭૯ જેટલા ગામડાં છે જેમાં વીજળી નથી તે મરામત કરીને વીજળી પાછી લાવવા માટે તમામ ટીમોને સૂચના આપવામાં આવી છે. હાલમાં ૬ જેટલા પશું મૃત્યુ નોંધાયેલ છે. વરસાદનું પાણી ઉતર્યા બાદ ચોક્કસ પરિસ્થિતિનો વધુ ખ્યાલ આવી શકશે. ભારે વરસાદને પગલે રસ્તાઓનું પણ ધોવાણ થયું છે. માર્ગ અને મકાન વિભાગ પંચાયતના કુલ ૮ અને માર્ગ અને મકાન વિભાગ રાજ્યના કુલ ૫ મળી કુલ ૧૩ જેટલા રસ્તાઓનું ધોવાણ થતા ૧૩ જેટલા ગામડાઓ સંપર્ક વિહોણા થયા છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા પોલીસ અધિક્ષક સહિત જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક પૂર્ણ કરાઈ છે. તમામ વિભાગને એલર્ટ કરીને સૂચનાઓ આપવામાં આવી છે.

ભારે વરસાદને પગલે ફસાયેલા લોકોનું રેસ્ક્યુ કરવા માટે સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં 1 NDRF અને 2 SDRFની ટીમ તૈયાર છે. આ ઉપરાંત વધુ એક 1 NDRF અને 2 SDRF ની ટીમ સરકાર દ્વારા મોકલવામાં આવી છે. જિલ્લા કલેકટરે નાગરિકોને નદી કાંઠા અને નીચાણવાળા વિસ્તારમાં ના જવા તથા વહીવટી તંત્ર તરફથી આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કર્યો છે.

## રિક્ષાચાલકના સ્વાંગમાં ફરતી લૂંટારુ ટોળકી હજુ એક્ટિવ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

શહેરના કાલુપુર રેલવે સ્ટેશન અને ગીતા મંદિર એસટી બસ સ્ટેન્ડ પાસે લૂંટારુના સ્વાંગમાં ફરતા રિક્ષાચાલકો દ્વારા અનેક લોકોને લૂંટી લેવાની અઢળક ફરિયાદો સામે આવી છે. જેને લઈને સ્થાનિક પોલીસ દ્વારા સ્ટીકર લગાવવા અને આવા તત્ત્વોને શોધી કાઢવા અનેક પ્રકારની કવાયત હાથ ધરી હતી. તેમ છતાંય આ મોડસ ઓપરેન્ડીથી લૂંટ કરતા તત્ત્વો હજુય સક્રિય છે. કાલુપુરમાં રિક્ષાચાલકે છરી બતાવીને બહારગામથી આવેલા એક યુવકને લૂંટી લીધો હતો. આ મામલે કાલુપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઉત્તરપ્રદેશનો રોશનસિંગ મોર્યા તેના મિત્ર સાથે ટ્રેનમાં બેસીને મુંબઈથી અમદાવાદ આવ્યા હતા. અમદાવાદ રેલવે સ્ટેશન ઉતરીને રાયપુર ખાતે રહેતા મિત્રના ઘરે રોકાયા હતા. જ્યાંથી રિક્ષામાં બેસીને રેલવે સ્ટેશન પરત જવા નીકળ્યા હતા ત્યારે સારંગપુર સર્કલ પાસે રિક્ષા ચાલકે રિક્ષા ઊભી રાખીને હવે રિક્ષા આગળ નહીં જાય ભાડું આપી દે તેમ કહીને માથાકૂટ કરી હતી.

## ત્રણ દિવસ પછી પણ થરાદ પાણીમાં ગરકાવ, ૧.૫૦ લાખ ફૂડ પેકેટનું વિતરણ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૯ ।

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસમાં ૧૬ ઈંચથી વધુ પડેલા ધોધમાર વરસાદે વાવ-થરાદ અને સુઈગામ તાલુકામાં ભારે તારાજી સર્જી છે. ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં થરાદ શહેર હજુ પણ પાણીમાં ગરકાવ છે. અનેક સોસાયટીઓ અને રસ્તાઓ પાણીમાં ડૂબી જતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આજે પણ ઘણા સ્થળોએ પાણી ઓસર્યા નથી અને ઘરોમાં ઘૂંટણસમા પાણી ભરાયેલા છે. ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રાહત અને બચાવ કામ શરૂ કરી દેવામાં આવી છે. કલેક્ટર મિહિર પટેલના નેતૃત્વમાં અસરગ્રસ્ત વિસ્તારમાં ૧.૫૦ લાખ ફૂડ પેકેટ અને ૧ લાખ પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર અને બનાસ ડેરીના સહયોગથી અત્યાર સુધીમાં દોઢ લાખથી વધુ ફૂડ પેકેટ્સ તૈયાર કરીને વિતરણ કરવામાં આવ્યા છે. ગામડાઓમાં પાણી ભરાઈ જતાં નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. સુઈગામ, ભાભર, વાવ અને થરાદ સહિતના વિસ્તારોમાં પરિસ્થિતિ અત્યંત વિકટ છે. ખેડૂતોની વર્ષોની કમાણી પાણીમાં તણાઈ ગઈ છે અને ઘરવખરી પલળી ગઈ છે. આ જળપ્રલયે લોકોના જીવનને ભારે અસર કરી છે. બનાસકાંઠાની સાથે પાટણ જિલ્લાના સાંતલપુરમાં પણ ભારે વરસાદને કારણે તારાજી સર્જાઈ છે.

### સરકારી કર્મચારીની સંડોવણી ખુલે તેવી શક્યતા

# આવકના ખોટા દાખલા બનાવનાર કૌભાંડનો પર્દાફાશ

**આરોપીઓની સાથે કોઈ ઓપરેટર અથવા સરકારી કર્મચારીની સંડોવણી પણ ખુલી શકે છે જે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

સરકારી યોજનાનો લાભ મેળવવા માટે આવકના ખોટા દાખલા બનાવનાર કૌભાંડનો પર્દાફાશ થયો છે. રામોલ પોલીસે બે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીઓ છેલ્લા બે વર્ષથી બનાવટી આવકના દાખલા બનાવતા હતા. જોકે આરોપીઓની સાથે કોઈ ઓપરેટર અથવા સરકારી કર્મચારીની સંડોવણી પણ ખુલી શકે છે. જે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદની રામોલ પોલીસે બંને આરોપીઓ ધીરજ રાજપુત અને કિશોર પ્રજાપતિની આ મામલે ધરપકડ કરી છે. આરોપીઓ વસ્ત્રાલ ગામ પંચાયતની સામે હેતાંશી ઓનલાઈન નામે દુકાન ધરાવી ઓનલાઈન ફોર્મ ભરવા સહિતના કામ કરે છે. પરંતુ તેની આડમાં બનાવટી આવકના દાખલા બનાવતા હતા એટલે કે ?૪,૦૦,૦૦૦થી વધુ આવક ધરાવતા લોકોને સરકારી યોજનાનો લાભ મળી રહે તે માટે ઓછી આવક બતાવી આવકના ઓનલાઈન દાખલા બનાવી આપતા હતા.

જે અંગેની માહિતી મળતા રામોલ પોલીસે દુકાનમાં તપાસ કરતા ૨૦ જેટલા આવકના ખોટા દાખલા ઉપરાંત, આવકના દાખલા મેળવનાર લોકોના આધાર કાર્ડ અને ડોક્યુમેન્ટ કબ્જે કર્યા છે. જોકે આ ગુનામાં હજુ એક આરોપી દીપક આહીર ફરાર છે. તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

બનાવટી આવકના દાખલા બનાવતા આરોપીઓની ધરપકડ કરી પૂછપરછ કરતા હકીકત સામે આવી કે આરોપીઓ ૧૦૦૦થી ૧૨૦૦ રૂપિયામાં ઓછી આવક બતાવી દાખલા બનાવી આપતા હતા. જેમાંથી ૪૦૦ રુપિયા આરોપી પોતે રાખતા અને અન્ય રકમ બીજા આરોપીને સોંપી દેતા હતા. જે માટે માત્ર ઓનલાઈન પ્રોસિજર કરી આવકના દાખલાને ઓનલાઈન એપ્રુવલ મેળવી લેતા હતા. જે આવકના દાખલાનો ઉપયોગ આયુષ્યમાન યોજનાના કાર્ડ બનાવવા ઉપરાંત અન્ય સરકારી લાભો મેળવવા માટે થતો હોવાનો સામે આવ્યું છે.

પોલીસને વર્ષ ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૫ના અલગ અલગ નામના બનાવટી આવકના દાખલા મળ્યા છે. જેના આધારે પોલીસ શંકા સેવી રહી છે કે આરોપીઓ બે વર્ષમાં સંખ્યાબંધ લોકોને બનાવટી કાર્ડ બનાવી આપ્યા હશે.

આ ઉપરાંત આરોપીઓ માત્ર ઓનલાઈન એપ્રુવલ મેળવતા હોવાથી ઓપરેટર અથવા કોઈ સરકારી કર્મચારીની પણ સંડોવણી ખુલે તેવી શક્યતા વ્યક્ત કરી છે. બનાવટી આવકના દાખલા બનાવનાર આરોપી ઝડપાયા છે, પરંતુ આ બનાવટી દાખલાને ઓનલાઈન એપ્રુવલ કોણ અને ક્યાંથી આપતું હતું, આ ઉપરાંત ફરાર આરોપી દિપક આહીર સિવાય અન્ય કોણ કોણ આ રેકેટમાં સંડોવાયેલા છે તથા કોઈ સરકારી કર્મચારીની સંડોવણી સામે આવે છે કે કેમ તે જોવું મહત્વનું છે.

## શ્રાદ્ધ શરૂ થતાં લગ્ન સહિત શુભ પ્રસંગોની ખરીદીને બ્રેક લાગતા બજારો સુમસામ

### બજારમાં મંદી હોવાથી ૧૬ દિવસ અમદાવાદ સહિત દેશભરમાં વેપારીઓ નવરાત્રિ અને દિવાળીની તૈયારીઓમાં લાગી જતા હોય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

પિતૃતર્પણ કરવા અને ૧૬ દિવસ પિતૃઓને શ્રાદ્ધ નાખીને તૃપ્ત કરવાના શ્રાદ્ધપક્ષની શરૂઆત થતાં જ બજારમાંથી ઘરાકી જાણે કે ગાયબ થઈ ગઈ છે. શ્રાદ્ધમાં લોકો ખરીદી કરવાની કે શુભમુહૂર્ત કે ગૃહ પ્રવેશ કરવાનું ટાળતા હોય છે. જેને પગલે શ્રાદ્ધની શરૂઆતથી બજારમાં મંદી શરૂ થઈ ગઈ છે. પવિત્ર શ્રાવણ માસથી તહેવારોની શરૂઆત થઈ જતી હોય છે. જે દિવાળી સુધી ચાલતા હોય છે. આ દિવસોમાં દિવાળી બાદ આવતા લગ્નસરાની ખરીદી શરૂ થઈ જતી હોય છે. જેને પગલે બજારોમાં તેજી જોવા મળતી હોય છે. આ દિવસો દરમિયાન શ્રાદ્ધના ૧૬ દિવસમાં લોકો પિતૃ તર્પણમાં વ્યસ્ત થઈ જતા હોય છે. આ દિવસોમાં લોકો ખરીદી કરવાનું કે કોઈ શુભ કામ કરવાનું ટાળતા હોય છે. જેને પગલે બજારમાં ખરીદી બંધ થઈ ગઈ છે. હવે લગ્નસરા માટેની ખરીદી પહેલી નવરાત્રિથી શરૂ થશે. અમદાવાદની ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીમાં પણ દર વર્ષે વેચાણ વધતું હોય છે, પરંતુ શ્રાદ્ધના ૧૬ દિવસ નવી ગાડી કે ટુ વ્હીલરની ખરીદી લગભગ બંધ રહે છે. રતનપોળમાં પણ પહેલા શ્રાદ્ધથી લોકોની ભીડ ઘટી ગઈ હોવાનું વેપારી મનોજસિંહ રાજપુરોહિત જણાવી રહ્યા છે. જ્યારે સોનાના ભાવ વધવા છતાં સોની બજારમાં જે થોડી ઘણી ખરીદી થતી હતી તે પણ પહેલા શ્રાદ્ધથી જાણે સ્થિગિત થઈ ગઈ હોવાનું સોની બજારના વેપારી નિશાંત સોની જણાવી રહ્યાં છે. આ ઉપરાંત અમદાવાદમાં રિઅલ એસ્ટેટમાં સતત તેજી વધતી રહી છે. દરરોજ નવી સ્કીમના ભૂમિપૂજન થતા હોય છે અને જે સ્કીમ તૈયાર થઈ ગઈ હોય તેમાં ફર્નિચર બનાવી લોકો ગૃહ પ્રવેશ કરતા હોય છે. આ તમામ શુભ પ્રસંગો આ ૧૬ દિવસ માટે અટકી ગયા છે.બજારમાં મંદી હોવાથી ૧૬ દિવસ અમદાવાદ સહિત દેશભરમાં વેપારીઓ નવરાત્રિ અને દિવાળીની તૈયારીઓમાં લાગી જતા હોય છે. આ દિવસોમાં નવા કપડાં કે અન્ય એસેસરિઝનો સ્ટોક કરવો કે પછી દુકાનમાં સુધારા વધારા કરવા કે પછી સ્ટાફ વધારવા જેવી કામગીરી પૂર્ણ કરી દેતા હોય છે. એટલે આ ૧૬ દિવસમાં ગ્રાહકોની વાટ જોતા વેપારીઓને પહેલી નવરાત્રિથી જરા પણ ફુરસત મળતી નથી. આ દિવસોમાં નવા કપડાં કે અન્ય એસેસરિઝનો સ્ટોક કરવો કે પછી દુકાનમાં સુધારા વધારા કરવા કે પછી સ્ટાફ વધારવા જેવી કામગીરી પૂર્ણ કરી દેતા હોય છે. એટલે આ ૧૬ દિવસમાં ગ્રાહકોની વાટ જોતા વેપારીઓને પહેલી નવરાત્રિથી જરા પણ ફુરસત મળતી નથી.

## સલામત ગુજરાતના દાવા વચ્ચે અસામાજિક તત્ત્વો બેફામ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

શાંત-સલામત ગુજરાતમાં અસામાજિક તત્ત્વો બેફામ બન્યાં છે જેના કારણે ગુનાખોરી વકરી છે. તેમાં પણ મહિલાઓ અસલામતી અનુભવ કરી રહી છે તેનુ કારણ એ છે કે, માત્ર છ મહિનામાં જ અમદાવાદ અને સુરત જિલ્લામાં બળાત્કાર અને છેડતીના સૌથી વધુ કિસ્સા ૪૨૯ અને છેડતીના ૨૦૦ કિસ્સા નોધાયાં છે. ચોંકાવનારી વાત તો એ છે કે, ગૃહમંત્રીના વિસ્તારમાં સૌથી વધુ બળાત્કાર-છેડતીના કેસો પોલીસ ચોપડે નોંધાયાં છે.વિધાનસભામાં ખુદ ગૃહવિભાગે માહિતી રજૂ કરી કે, બંને જિલ્લામાં ચોરી, લૂંટ, છેતરપિંડીના કેસોમાં પણ વધારો થયો છે. ટૂંકમાં, ગુજરાતમાં ગુનાખોરી પર કાબૂ મેળવામાં ગૃહવિભાગ નાકામ રહ્યુ છે.છેલ્લાં છ મહિનામાં અમદાવાદ શહેર અને જિલ્લામાં બળાત્કારના ૨૦૮ કેસ, જ્યારે છેડતીના ૧૦૮ કેસો નોંધાયા છે. સુરત શહેર અને જિલ્લામાં બળાત્કારના ૨૨૧ જ્યારે છેડતીના ૯૨ કિસ્સા નોંધાયા છે. આ જોતાં બંને શહેર-જિલ્લામાં મહિલાઓ અસલામત બની હોય તેવું ચિત્ર ઊભુ થયું છે. કોઈપણ ચમરબંધીને નહીં છોડાય તેવી ડીંગો હાંકવામાં આવી રહી છે ત્યારે બળાત્કાર અને છેડતીના કુલ મળીને ૪૦ આરોપીઓ ફરાર છે જેને પોલીસ હજુ સુધી પકડી શકી નથી.અમદાવાદ જિલ્લા કરતાં અમદાવાદ શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધુ છે. છેલ્લાં છ મહિનામાં અમદાવાદ શહેરમા જ જુગારના ૭૦૦ કેસો, ચોરીના ૧૮૦૩ કેસો, લૂંટના ૪૨ કેસો જ્યારે છેતરપિંડીના ૨૭૬ કેસો નોંધાયા છે. આ પરથી શહેરમાં ગુનાખોરીનું સામ્રાજ્ય વકરી રહ્યું છે તે વાત પ્રસ્થાપિત થઈ છે. આ જ પ્રમાણે સુરત જિલ્લા કરતાં સુરત શહેરમાં ગુનાઓની પ્રમાણ વધુ રહ્યુ છે. સુરત શહેરમાં જુગારના ૪૧૮, ચોરીના ૭૪૦, લૂંટના ૨૭ કેસો નોંધાયા છે. અમદાવાદ શહેર-જિલ્લામાં બળાત્કારના ૧૭ અને સુરત શહેર-જિલ્લામાં ૧૩ આરોપીઓ હજુ ફરાર છે. આ ઉપરાંત છેડતીના ૧૦ આરોપીઓને પોલીસ હજુ શોધી શકી નથી. યુવાઓ નશીલા પદાર્થના બંધાણી બન્યાં છે.

## ચોટીલાથી દર્શન કરી પરત આવતા કાર પથ્થર સાથે અથડાઇને તળાવમાં ખાબકી

। અમદાવાદ, તા.૯ ।

શહેરમાં રહેતા ચાર લોકો ચોટીલા દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને ચારેય અમદાવાદ પરત આવી રહ્યા હતા ત્યારે અમદાવાદ રાજકોટ હાઈવે પર બાવળા નજીકના રામનગર પાટિયા પાસે પહોંચતી વેળાએ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા અકસ્માત થયો હતો. કાર પથ્થર સાથે અથડાઈને પલટી ખાઇને તળાવમાં ખાબકતા કારમાં આગળ બેઠેલા બે લોકોનાં મોત નિપજ્યા હતા. પાછળની સીટ પર બેઠેલા માતા-પુત્રનો આબાદ બચાવ થયો હતો. આ મામલે બાવળા પોલીસે કારચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ જૂનાગઢ માંગરોળનો ૨૨ વર્ષીય વિરલ નંદાસણિયા ૪ વર્ષથી અમદાવાદમાં સંબંધીના ત્યાં સરખેજમાં રહીને શીલજની કોલેજમાં બીએસસી નર્સિંગનો અભ્યાસ કરતો હતો. રવિવારની રજા હોવાથી વિરલ તેમના મિત્ર નિધિશ સોલંકી (ઉ.૨૦ રહે. આર્યન એમ્બીયન્સ, સોલા રોડ), અજય મિસ્ત્રી અને અજયની માતા ગૌરીબેન મિસ્ત્રી સાથે નિધિશ સોલંકીની કારમાં ચોટીલા દર્શન કરવા ગયા હતા. ચારેય લોકો ચોટીલા ખાતે દર્શન કરીને પરત અમદાવાદ આવી રહ્યા હતા ત્યારે અજયને ઊંઘ આવતા તેણે લીંબડી પાસેથી નિધિશને કાર ચલાવવા આપી હતી. બાદ વિરલ અને નિધિશ આગળ બેઠા હતા અને અજય અને તેમની માતા કારમાં પાછળની સીટ પર બેઠા હતા. ચારેય લોકો બાવળા નજીકના રામનગર પાટિયા પાસે પહોંચ્યા ત્યારે અચાનક કાર ઘસડાવાનો અને અથડાવવાનો અવાજ આવતા અજય સફાળા જાગી ગયા હતા. જોયું તો કાર પથ્થર સાથે ભટકાઈને પલટી ખાઇને તળાવમાં ખાબકી હતી. કારની આગળનો ભાગ પાણીમાં ડૂબી ગયો હતો અને પાછળનો ભાગ પાણીની બહાર હતો. અજયએ દરવાજો ખોલીને કારમાંથી નીકળવા પ્રયાસ કર્યા હતા પરંતુ લોક હોવાથી દરવાજા ખૂલ્યા નહોતા. વિરલ અને નિધિશના માથા સુધી પાણી કારમાં ભરાઈ ગયા હતા. અજયએ બૂમાબૂમ કરતા રાહદારીઓ દોડી આવ્યા હતા અને તેમને તથા તેમની માતાને ખેંચીને બહાર કાઢ્યા હતા. પરંતુ વિરલ અને નિધિશ નીકળી ન શક્તા ક્રેઇનથી કાર ખેંચીને બહાર કાઢી હતી. બીજીબાજુ ૧૦૮ પણ સ્થળ પર આવી જતા અર્ધબેભાન અવસ્થામાં નિધિશ અને વિરલને તપાસતા મૃત જાહેર કર્યા હતા.

### બનાસકાંઠામાં બારે મેઘ ખાંગા થતાં સર્વત્ર દરિયા જેવી

# વાવ, થરાદ અને નડાબેટમાં દરિયા જેવી સ્થિતી, વહિવટીતંત્ર પણ મુશ્કેલીમાં

### બચાવ અને રાહત કામો માટે નિકળેલા જિલ્લા કલેક્ટર પણ વાવ થરાદ હાઇવે પર ધસમસતા પાણીનો પ્રવાહ હોવાથી રસ્તામાં જ અટવાઇ ગયા હતા

। (એજન્સી) બનાસકાંઠા, તા.૯ ।

રાજ્યમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં બારે મેઘ ખાંગા થતાં સર્વત્ર દરિયા જેવી સ્થિતી જોવા મળી રહી છે. વીતેલા ૨૪ કલાકમાં બનાસકાંઠાના સુઈગામમાં ૧૬.૧૪ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે જેના કારણે નડાબેટનું રણ દરિયામાં ફેરવાઈ ગયું છે. રણમાં ભારે વરસાદ પડ્યો છે અને તેનાથી બનાસકાંઠાનો સરહદી વિસ્તાર જળબંબાકાર બન્યો છે. બચાવ અને રાહત કામો માટે નિકળેલા જિલ્લા કલેક્ટર પણ વાવ થરાદ હાઈવે પર ધસમસતા પાણીનો પ્રવાહ હોવાથી રસ્તામાં જ અટવાઈ ગયા હતા. બનાસકાંઠાના સરહદી વિસ્તારો જળબંબાકાર થયા છે. બારે મેઘ ખાંગા થયા હોવાથી વાવ, થરાદ, સુઈગામ અને તેની આસપાસના વિસ્તારો બેટમાં ફેરવાયા છે. વાવ થરાદ હાઈવે બંધ થતા કલેક્ટર અટવાયા હતા. હાઈવે ઉપર નાના વાહનો પસાર ના થઈ શકે તેવો પ્રચંડ પ્રવાહ જોવા મળી રહ્યો છે. કલેક્ટરે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં અતિ ભારે વરસાદ થવાના કારણે ૧૨ ગામો સંપર્ક વિહોણા થયા છે અને ૨૮૯ ગામોમાં વીજળી ગુલ થઈ છે. તેમણે કહ્યું કે બચાવ અને રાહત કાર્યો ચાલી રહ્યા છે અને NDRFની ૧ અને SDRFની ૨ ટીમો તૈનાત છે. અતિ ભારે વરસાદના કારણે બનાસકાંઠાના અનેક ગામો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. જિલ્લામાં અતિ ભારે વરસાદના કારણે બનાસકાંઠા વહીવટી તંત્રની થરાદ ખાતે બેઠક મળી હતી.

### આગામી સમયમાં ૫૦૬ નવી સ્કીમો મંજૂર કરાશે

# રાજ્ય સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં કૂલ ૭૭૬ ટી.પી. સ્કીમ મંજૂર કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ વિધાનસભામાં પૂછાયેલા ટી.પી. સ્કીમ સંદર્ભેના એક પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ પણે કહ્યું કે, રાજ્ય સરકાર પક્ષ-વિપક્ષ વિના રાજ્યની તમામ પ્રજાજનોના વિકાસ કાર્યોમાં અવિરત પણે કાર્ય કરી રહી છે.રાજ્યમાં વધતા જતા શહેરીકરણના પગલે સરકાર દ્વારા સુનોયિજીત પણે આયોજન હાથ ધરીને વિકાસ કાર્યો હાથ ધરાયા છે.પેટલાદના ધારાસભ્ય કમલેશ પટેલે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગનો સવાલ કર્યો હતો કે, રાજ્યમાં સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલી ટી.પી સ્કીમો મંજૂર કરવામાં આવી છે અને આ સ્કીમો પૈકી વર્ષ વાર કેટલી મુસદ્દા રૂપ, પ્રારંભિક અને આખરી સ્કીમને મંજૂરી આપવામાં આવી છે. તેમના જવાબમાં સરકારના મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં ૭૭૬ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરવામાં આવી છે. તેમાં પણ વર્ષ ૨૦૨૫ ના ફક્ત ૮ મહિનામાં ૯૫ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરી છે. જેની કામગીરી યુધ્ધના ધોરણે ચાલુ છે. રાજ્યમાં ટી.પી.એક્ટની તમામ જોગવાઈઓ અને નિયમ પ્રમાણે જ કામગીરી કરવામાં આવી રહી છે.

### સેવેન્થ ડે સ્કૂલને લઈને હાઈકોર્ટની લાલ આંખ

# સેવન્થ ડે સ્કૂલને ગુજરાત હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો

### કોર્ટે શાળા દ્વારા દાખલ કરવામાં આવેલી બંને અરજીઓને ફગાવી દીધી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલને ગુજરાત હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે શાળા દ્વારા દાખલ કરવામાં આવેલી બંને અરજીઓને ફગાવી દીધી છે. શાળાએ DEO (જિલ્લા શિક્ષણ અધિકારી) અને રાજ્ય સરકાર દ્વારા તેની સામે શરૂ કરાયેલી કાર્યવાહી સામે પડકાર ફેંક્યો હતો, પરંતુ કોર્ટે આ બંને સરકારી સંસ્થાઓની કાર્યવાહીને યોગ્ય ઠેરવી માન્ય રાખી છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે શાળાએ તપાસ દરમિયાન કોઈપણ પ્રકારની જરૂરી માહિતી કે દસ્તાવેજો રજૂ કર્યા ન હતા. આથી, કોર્ટે DEO અને સરકારને સંપૂર્ણપણે યોગ્ય ઠેરવીને શાળાની અરજીઓને રદ કરી છે. કોર્ટે અવલોકન કર્યું કે સેવન્થ ડે સ્કૂલે જાણી જોઈને DEO અને સરકારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. શાળાએ તપાસમાં સહકાર આપવાની જગ્યાએ માહિતી છુપાવી હતી. હાઈકોર્ટે શાળાને આદેશ આપ્યો છે કે તે તાત્કાલિક અસરથી સરકારની કાર્યવાહીમાં સંપૂર્ણ સહકાર આપે. આ નિર્ણય શિક્ષણ વિભાગ માટે એક મોટી જીત છે, કારણ કે તે સ્પષ્ટ કરે છે કે નિયમોનું પાલન ન કરતી શાળાઓ સામે કાર્યવાહી કરવાની સત્તા સરકાર પાસે છે. આ ચુકાદો અન્ય શાળાઓ માટે પણ એક દાખલો પૂરો પાડશે કે નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું કે DEO દ્વારા રચવામાં આવેલી તપાસ સમિતિને શાળાની તપાસ કરવાની સંપૂર્ણ સત્તા છે.